અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ એપ્રિલ ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર સુદ ૧ | અંક : ૨૪૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**ભારતીય હવામાન વિભાગની આગાહી |** ઉત્તરી કર્ણાટક, તેલંગાણા, પૂર્વી એમપી, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, ઓડિશાના અલગ-અલગ ભાગમાં પારો વધી શકે

# ૧૫ એપ્રિલની આસપાસ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ થશે

## ગત વર્ષે દિલ્હીમાં ૧૬ એપ્રિલ અને ૨૦૨૨માં ૮ એપ્રિલના રોજ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું હતું

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

ભારતીય હવામાન વિભાગ (IMD) એ પોતાના સાપ્તાહિક પૂર્વાનુમાનમાં કહ્યું કે આ અઠવાડિયાના અંત સુધી દિલ્હી ઉપરાંત ઉત્તર ભારત અને રાજ્યોમાં ગરમી વધવાની વાત કહી છે. આઈએમડીનું કહેવું છે કે ૧૫ એપ્રિલની આસપાસ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ થઈ જશે. જોકે અત્યારના સમયે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સમાં ઘટાડો થવા લાગે છે અને ભીષણ ગરમી શરૂ થઈ જાય છે. ગત કેટલાક દિવસોથી ઉત્તર-પશ્ચિમી પવનોએ લઘુત્તમ તાપમાનને નિયંત્રિત રાખ્યું છે, પરંતુ હવે તેને ખતમ થવાની આશા છે, હવા શાંત રહેવાની અને વધુ ગરમી થવાની સંભાવના છે. આઈએમડી વૈજ્ઞાનિક કુલદીપ શ્રીવાસ્તવનું કહેવું છે કે છેલ્લા અઠવાડિયાથી ફૂંકાઈ રહેલા મજબૂત સપાટીના પવનો રવિવારે પણ ચાલુ રહ્યા હતા અને સરેરાશ ૨૫-૩૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. કુલદીપ શ્રીવાસ્તે જણાવ્યું હતું કે આગામી થોડા દિવસોમાં દિલ્હીનું લઘુત્તમ તાપમાન ત્રણથી ચાર ડિગ્રી સુધી વધી શકે છે. ૧૫ એપ્રિલ સુધી મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાનું અનુમાન છે. આઈએમડીના આંકડાથી ખબર પડે ચેહ કે ગત વર્ષે દિલ્હીમાં ૧૬ એપ્રિલ અને ૨૦૨૨ માં ૮ એપ્રિલના રોજ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું હતું. હવામાનનું અનુમાન લગાવનાર પ્રાઈવેટ કંપની સ્કાઈમેટના ઉપાધ્યક્ષ મહેશ પલાવતે કહ્યું કે ''ઉત્તર-પશ્ચિમી હવાઓ તાપમાને નીચે રાખવામાં મદદ કરી રહી હતી. આગામી અઠવાડિયામાં બફારો પણ વધશે.'' આઈએમડીનું માનીએ તો આગામી અઠવાડિયાના અંત સુધી ઉત્તરી કર્ણાટક, તેલંગાણા, પૂર્વી મધ્ય પ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર,અ મરાઠવાડા અને ઓડિશાના અલગ-અલગ ભાગમાં રાતનો પારો વધી શકે છે.

### આગામી અઠવાડિયામાં બફારો પણ વધશે



હવામાન વિભાગનું કહેવું છે કે ૧૦ એપ્રિલ સુધી કેરળ, સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાનમાં વધારાને કારણે ગરમી વધી શકે છે. આ સિવાય ઓડિશા, પશ્ચિમ બંગાળ, કોસ્ટલ કર્ણાટક, કોંકણ અને ગોવામાં સપ્તાહના અંતે ૧૦ એપ્રિલ સુધી તાપમાનનો પારો વધવાનું અનુમાન છે. હવામાન વિભાગનું કહેવું છે કે ૯ થી ૧૦ એપ્રિલની વચ્ચે ઓડિશામાં વિવિધ સ્થળોએ કરા પડવાની સંભાવના છે. આ ઉપરાંત પૂર્વ મધ્ય પ્રદેશમાં ૯ થી ૧૦ એપ્રિલ, વિદર્ભમાં ૯ થી ૧૦ એપ્રિલ, છત્તીસગઢ અને મરાઠવાડામાં કરા પડવાની સંભાવના છે.

### વડાપ્રધાન મોદીએ શેર કરી તસવીર

# દરેક બીમારીનો ૨૦ રૂપિયામાં ઈલાજ કરે છે આ દિગ્ગજ ડોક્ટર



**નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશના જબલપુર પહોંચતા પદ્મશ્રીથી સન્માનિત ડો. એમસી ડાવર સાથે મુલાકાત કરી હતી**

**વર્ષ ૧૯૯૭માં તેની ફી ૫ રૂપિયા અને ૨૦૧૨માં ૧૦ રૂપિયા થઈ ગઈ. આજે તે માત્ર ૨૦ રૂપિયામાં દર્દીઓની સારવાર કરે છે. તે એક દિવસમાં લગભગ ૨૦૦ દર્દીઓને જુએ છે. ઉલ્લેખનીય છે કૈઁર નરેન્દ્ર મોદીએ રવિવારે રૈંના જબલપુરમાં રોડ શો કર્યો હતો. આ રોડ શોમાં રસ્તાઓ પર લોકોની ભીડ જોવા મળી હતી. આ દરમિયાન એમપીના મુખ્યમંત્રી મોહન યાદવ પણ હાજર હતા. આ બેઠક ભાજપનો ગઢ માનવામાં આવે છે. અહીં પ્રથમ તબક્કામાં ૧૯ એપ્રિલે મતદાન થશે.**

| (એજન્સી) જબલપુર, તા.૮ |

સૌ કોઈ જાણે છેકે, દેશ અને દુનિયાભરમાં પ્રધાનમંત્રી મોદીના કરોડો ફેન ફોલોઅર્સ છે. વિદેશમાં પણ પીએમ મોદીની એક ઝલક મેળવવા લોકો પડાપડી કરતા હોય છે. સેંકડો લોકો પીએમ મોદી સાથેની તસવીરો પોતાના ડીપીમાં રાખતા હોય છે. તો ઘણાં લોકો એને સોશિયલ મીડિયામાં શેર કરતા હોય છે. એવામાં એ ડોક્ટર કોણ છે જેને મળીને જેની સાથેની તસવીર ખુદ પ્રધાનમંત્રીએ પોતાના સોશિયલ મીડિયા પર શેર કરી. આ મુદ્દો હાલ ચર્ચામાં છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે મધ્યપ્રદેશના જબલપુર પહોંચતા પદ્મશ્રીથી સન્માનિત ડૉ. એમસી ડાવર સાથે મુલાકાત કરી. ડો.દાવર ગરીબોની સારવાર કરે છે, તેથી સમાજમાં તેમની એક ખાસ ઓળખ છે. પીએમ મોદીએ એક્સ પર એરપોર્ટ પર ડૉ. દાવર સાથેની તેમની મુલાકાતની તસવીર શેર કરી હતી. તેણે લખ્યું છે કે, જબલપુર ઉતર્યા બાદ મને એરપોર્ટ પર પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત ડૉ. એમસી દાવરને મળવાનો મોકો મળ્યો. ચાલો જાણીએ કોણ છે ડૉ.ડાવર?

ડૉ. દાવર ગરીબ અને પછાત વર્ગોની સાથે રહીને તેમની તકલીફો દૂર કરે છે, સાવ સસ્તામાં તેમનો ઈલાજ કરે છે. એજ કારણ છેકે, જબલપુર અને આસપાસના વિસ્તારોમાં લોકો તેમની પ્રશંસા કરે છે. ડો.દાવર ભારતીય સેનામાં કેપ્ટન તરીકે તૈનાત હતા.૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન ડો.દાવર બાંગ્લાદેશમાં તૈનાત હતા, જ્યાં તેમણે સેંકડો ઘાયલ સૈનિકોની સારવાર કરી હતી. આટલું જ નહીં, યુદ્ધ સમાપ્ત થયા પછી, સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે તેણે અકાળ નિવૃત્તિ લીધી. તે પછી, ૧૯૭૨ થી, તે જબલપુરના મદન મહેલ વિસ્તારમાં ક્લિનિક ચલાવે છે અને સારવાર આપે છે. તે એક ડૉક્ટર છે જે ગરીબોની સારવારમાં વ્યસ્ત છે. તેની ફી માત્ર ૨૦ રૂપિયા છે. દાવરનો જન્મ ૧૯૪૬માં અવિભાજિત પાકિસ્તાનમાં થયો હતો. પરંતુ તેણે જબલપુરથી સ્મ્મ્જીનો અભ્યાસ કર્યો હતો. બાદમાં તે સેનામાં જોડાયો. ૧૯૮૬માં તેઓ સારવાર માટે આવતા દર્દીઓ પાસેથી ૨ રૂપિયા લેતા હતા.

### પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીનો દાવો

# મોદી ફરી સત્તામાં આવ્યા તો તમામ વિપક્ષી નેતા જેલમાં હશે

| (એજન્સી) કોલકાતા, તા.૮ |

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સોમવારે દાવો કર્યો કે, જો વડાપ્રધાન મોદી ત્રીજી વખત સત્તામાં આવ્યા તો તેઓ વિપક્ષના તમામ નેતાઓને જેલ હવાલે કરી દેશે. તેમણે કહ્યું કે ૪ જૂન બાદ ભ્રષ્ટાચાર સામે કાર્યવાહી કરવાના વચનનો અર્થ એ છે કે લોકસભા ચૂંટણી બાદ વિપક્ષી નેતાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવશે. દેશમાં લોકસભા ચૂંટણીનું શરૂ રણશિંગુ ફૂંકાઈ ગયુ છે અને સાત તબક્કામાં યોજાનાર મતદાનની શરૂઆત ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કા સાથે થશે અને મત ગણતરી ૪ જૂને થશે. બાંકુરામાં એક ચૂંટણી સભાને સંબોધતા તૃણમૂલ કોંગ્રેસના અધ્યક્ષે આરોપ લગાવ્યો કે ઢ્ઢેંછની ટીમ સ્થાનિક પોલીસને જાણ કર્યા વિના પૂર્વ મેદિનીપુર જિલ્લાના ભૂપતિનગર ગઈ હતી. તેમણે કહ્યું કે, વડાપ્રધાન ચૂંટણી સભાને સંબોધવા માટે પશ્ચિમ બંગાળ આવી રહ્યા છે.



મને તેનાથી કોઈ વાંધો નથી, પરંતુ જે રીતે તેઓ કહી રહ્યા છે કે લોકસભા ચૂંટણીના પરિણામો બાદ ભ્રષ્ટાચાર પર વિપક્ષો સામે કાર્યવાહી કરવામાં આવશે, તે અસ્વીકાર્ય છે. મોદીએ રવિવારે ઉત્તર બંગાળના જલપાઈગુડીમાં એક ચૂંટણી સભાને સંબોધિત કરતા દાવો કર્યો હતો કે તેઓ ભ્રષ્ટાચાર હટાવવાની વાત કરે છે, જ્યારે વિપક્ષ ભ્રષ્ટાચાર બચાવવાની વાત કરે છે. તેમણે વચન આપ્યું કે ૪ જૂન બાદ ભ્રષ્ટાચાર સામે વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે.

### કોંગ્રેસે ચૂંટણી પંચમાં ફરિયાદ કરી

# નરેન્દ્ર મોદીની મુસ્લિમ લીગ કોમેન્ટથી કોંગ્રેસ ધુંઆપૂંઆ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં એક ચૂંટણી રેલીમાં કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાને મુસ્લિમ લીગ સાથે સરખાવ્યા પછી કોંગ્રેસ ગુસ્સાથી લાલઘૂમ છે. મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસે આપેલા ચૂંટણી વચનોમાં મુસ્લિમ લીગની છાપ જોવા મળે છે. કોંગ્રેસે મોદીની આ ટિપ્પણી અંગે ચૂંટણીપંચમાં ફરિયાદ કરી છે. ગઈકાલે સહારનપુરમાં એક ચૂંટણીસભા દરમિયાન વડાપ્રધાન મોદીએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, "કોંગ્રેસના મેનિફેસ્ટોમાં ક્યાંય કોંગ્રેસ તો દેખાતી જ નથી. આ ઢંઢેરામાં દરેક જગ્યાએ મુસ્લિમ લીગની છાપ જોવા મળે છે અને જ્યાં બાકી રહી ગયું હતું ત્યાં ડાબેરીઓની છાપ જોવા મળે છે. આવી કોંગ્રેસ ૨૧મી સદીમાં ભારતને આગળ નહીં લઈ જઈ શકે." આ અંગે કોંગ્રેસે પોતાનો પ્રતિભાવ આપતા કહ્યું કે ભાજપને બીક છે કે આ વખતે તેઓ ૧૮૦



બેઠકોને પણ પાર નહીં કરી શકે. તેથી તે ફરીથી હિંદુ-મુસ્લિમની વાત પર આવી ગયા છે. કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે ભારતની આઝાદીની લડાઈ વખતે ભાજપના પૂર્વજોએ અંગ્રેજોને અને મુસ્લિમ લીગને ટેકો આપ્યો હતો. ખડગેએ ટ્વિટર પર લખ્યું છે કે મોદી-શાહના રાજકીય અને વૈચારિક પૂર્વજોએ સ્વતંત્રતા સંગ્રામ વખતે બ્રિટિશ અને મુસ્લિમ લીગને સમર્થન આપ્યું હતું. આજે પણ તેઓ કોંગ્રેસના ન્યાયપત્ર સામે મુસ્લિમ લીગનો મુદ્દો ઉખેળે છે.



ચીફ ઓફ ધ હેલેનિક નેશનલ ડિફેન્સ જનરલ સ્ટાફ જનરલ દિમિત્રિઓસ ચૌપીસ નવી દિલ્હીમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ સાથે મુલાકાત કરી હતી.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું મણિપુર હિંસા અંગે નિવેદન

# કેન્દ્રના હસ્તક્ષેપ અને રાજ્ય સરકારના પ્રયાસોને કારણે મણિપુરની સ્થિતિમાં સુધારો થયો છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

ચૂંટણી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મણિપુર હિંસા અંગે નિવેદન આપ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે મણિપુરની પરિસ્થિતિનો સામનો કરવા માટે સામૂહિક જવાબદારીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે કેન્દ્રના સમયસર હસ્તક્ષેપ અને રાજ્ય સરકારના પ્રયાસોને કારણે પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. તેમણે કહ્યું કે જ્યારે સંઘર્ષ ચરમસીમા પર હતો, ત્યારે ગૃહ પ્રધાન અમિત શાહ મણિપુરમાં રોકાયા હતા અને સંઘર્ષને ઉકેલવામાં મદદ કરવા માટે વિવિધ જૂથો સાથે ૧૫ થી વધુ બેઠકો કરી હતી. મણિપુર હિંસા મામલે



કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી પાર્ટીઓ વડાપ્રધાન મોદી પર નિશાન સાધી રહી છે. આસામ ટ્રિબ્યુનને આપેલા ઈન્ટરવ્યુમાં પીએમ મોદીએ કહ્યું કે કેન્દ્રએ મણિપુર સંઘર્ષને ઉકેલવા માટે તેના શ્રેષ્ઠ સંસાધનો અને સમગ્ર વહીવટી તંત્ર તૈનાત કર્યું છે. તેમણે કહ્યું કે મણિપુર હિંસા દરમિયાન ગૃહમંત્રી અમિત શાહ ત્યાં જ રહ્યા અને સંઘર્ષને શાંત પાડવાનો સતત પ્રયાસ કર્યો. રાજ્ય સરકારની જરૂરિયાત મુજબ કેન્દ્ર સરકાર સતત સહયોગ અને સહકાર આપી રહી છે. તેમણે કહ્યું કે રાહત અને પુનર્વસનની પ્રક્રિયા ચાલી રહી છે. રાજ્યમાં આશ્રય શિબિરોમાં રહેતા લોકોના રાહત અને પુનર્વસન માટે નાણાકીય પેકેજની વ્યવસ્થા કરવામાં આવી છે. કોંગ્રેસે અગાઉ પીએમ મોદીની આસામ મુલાકાત દરમિયાન ઉત્તર-પૂર્વના વિવિધ રાજ્યોમાં વધતી અસ્થિરતા અને અશાંતિ માટે કેન્દ્રની ટીકા કરી હતી. વિરોધ પક્ષે હિંસાગ્રસ્ત રાજ્ય મણિપુરમાંથી વડાપ્રધાનની ગેરહાજરી અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

### ગુજરાત યુનિવર્સિટી માનહાનિ કેસ

# સંજયસિંહની અરજી સુપ્રીમ કોર્ટમાં ફગાવી દેવામાં આવી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

દારૂકાંડમાં જામીન પર બહાર આવેલા આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહને સોમવારે સુપ્રીમ કોર્ટમાંથી આંચકો લાગ્યો હતો. ગુજરાત યુનિવર્સિટી માનહાનિ કેસમાં સંજયસિંહની અરજી સુપ્રીમ કોર્ટમાં ફગાવી દેવામાં આવી છે. સંજયસિંહે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને નીચલી કોર્ટમાં ચાલી રહેલા કેસને રદ કરવાની માંગ કરી હતી. સંજયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રીને લઈને યુનિવર્સિટી પર ટિપ્પણી કરી હતી. અહી ગુજરાત હાઈકોર્ટે સંજયસિંહ અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે નીચલી અદાલત દ્વારા આપેલા સમન્સને રદ કરવાનો ઈન્કાર કરી દીધો હતો. સંજયસિંહ અને કેજરીવાલે પીએમ મોદીની ડિગ્રીને લઈને ગુજરાત યુનિવર્સિટી વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. જેના કારણે યુનિવર્સિટીએ તેમની સામે ફોજદારી માનહાનિનો કેસ દાખલ કર્યો છે. આ પછી નીચલી કોર્ટ દ્વારા AAP સાંસદને તેમની હાજરી માટે વારંવાર સમન્સ મોકલવામાં આવી રહ્યા છે. સંજયસિંહ વતી કોર્ટમાં હાજર થયેલી રેબેકા જ્હોને કહ્યું હતું કે સંજયસિંહે યુનિવર્સિટી વિશે જે પણ કહ્યું તેમાં માનહાનિ જેવું કંઈ નથી. તેમણે દલીલ કરી હતી કે, "વિડિયો પરથી સ્પષ્ટ થાય છે કે નિવેદન યુનિવર્સિટીની બદનક્ષી કરતું નથી. એવું કહેવામાં આવ્યું નથી કે ગુજરાત યુનિવર્સિટીએ નકલી ડિગ્રી બનાવી છે." તેના પર કોર્ટે કહ્યું કે જ્યારે ટ્રાયલ કોર્ટમાં કેસની સુનાવણી થશે ત્યારે આ દલીલો આપી શકાય છે. એમ કહીને કોર્ટે અરજી ફગાવી દીધી હતી. વાસ્તવમાં, એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ દ્વારા માનહાનિના કેસમાં સંજયસિંહને સમન્સ મોકલવામાં આવ્યા છે.

### દર્શનાર્થીઓ માટે નવી ગાઈડલાઈન જાહેર

# મહાકાલેશ્વર મંદિર પરિસરમાં રીલ બનાવવા ઉપર પ્રતિબંધ

| (એજન્સી) ભોપાલ, તા.૮ |

વિશ્વ પ્રસિદ્ધ મહાકાલ મંદિરમાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. પરંતુ એમાં પણ લોકોને સોશિયલ મીડિયામાં પોસ્ટ કરવા માટે રીલ બનાવવા માટે પ્રતિબંધિત વિસ્તારમાં પણ ફોટોગ્રાફી કરતા જોવા મળે છે. જેને અટકાવવા માટે કડક કાર્યવાહી કરવાના હેતુથી મહાકાલ મંદિર પ્રબંધન સમિતિએ માર્ગદર્શિકા બનાવી છે અને તેનું ચુસ્તપણે પાલન કરવાની સૂચના પણ આપી છે. એવામાં હવે જો કોઈ ભક્ત મંદિરમાં રીલ બનાવતો જોવા મળશે તો પહેલા તેને ચેતવણી આપવામાં અઆવશે તેમ છતાં નહી માને તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. શ્રી મહાકાલેશ્વર વ્યવસ્થાપન સમિતિના નવા વહીવટદાર મૃણાલ મીણાએ ચાર્જ સંભાળતાની સાથે જ શ્રી મહાકાલેશ્વર મંદિરની દર્શન વ્યવસ્થામાં મોટો ફેરફાર કર્યો છે. હવે તેઓએ મંદિર પરિસરમાં રીલ બનાવવા પર પ્રતિબંધ મુકતા જણાવ્યું હતું કે, "અમે ઈચ્છીએ છીએ કે જે ભક્તો મંદિરમાં બાબા મહાકાલના દર્શન કરવા આવે, તેમની ઈચ્છાઓ પૂર્ણ થાય. અમે ભક્તોને શ્રેષ્ઠ વ્યવસ્થા પૂરી પાડવાના પ્રયાસો કરી રહ્યા છીએ. આ પછી પણ શ્રી મહાકાલેશ્વર મેનેજમેન્ટ કમિટીની સૂચનાનો ભંગ થઈ રહ્યો છે. હવે આવું કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

મહાકાલેશ્વર મંદિર પરિસરમાં ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી પર પ્રતિબંધ છે. ઘણા ભક્તો આ નિયમોનું ઉલ્લંઘન કરે છે. જો કોઈ સુરક્ષાકર્મી તેમને આમ કરતા રોકે તો તેઓ તેને માર પણ મારતા હોય છે. આવા લોકોને પહેલા સમજાવવામાં આવશે. જો તેઓ સંમત નહીં થાય તો શિક્ષાત્મક પગલાં પણ લેવામાં આવશે."

## અમદાવાદ જિલ્લામાં EVM અને વીવીપેટની ફાળવણી પ્રક્રિયાનો પ્રારંભ થયો

# અમદાવાદ જિલ્લામાં ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનાર 6814 BU, 6814 CU અને 7357 VVPATની ફાળવણી પ્રક્રિયા આગામી ત્રણ દિવસ સુધી ચાલશે

। અમદાવાદ, તા.૮ ।

ગુજરાતમાં લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪ માટે આગામી ૭ મે - ૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે, ત્યારે આ ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનાર EVM અને વીવીપેટનું અમદાવાદ કલેક્ટર કચેરીમાં કમ્પ્યૂરાઈઝ્ડ પદ્ધતિથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી. કે. તથા માન્યતાપ્રાપ્ત રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના રાજકીય પક્ષોની ઉપ સ્થિતિમાં ફર્સ્ટ રેન્ડમાઈઝેશન કરાયા બાદ સોમવારથી અમદાવાદના મોટેરા ખાતે આવેલ ઈ.વી.એમ. વેર હાઉસ ખાતેથી વિધાનસભા મતવિસ્તાર પ્રમાણે EVM અને વીવીપેટની ફાળવણી પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. આ અંગે મીડિયા સાથે વાત કરતા અમદાવાદ જિલ્લાના EVM ડિસ્ટ્રિબ્યુશન નોડલ અધિકારી શ્રી વિમલભાઈ જોષીએ કહ્યું કે, અમદાવાદ જિલ્લામાં લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી. કે.ના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં આવેલા ૨૧ વિધાનસભા મત વિસ્તાર અને ૫ સંસદીય મત વિસ્તારો માટેના ઈ.વી. એમ. ડિસ્ટ્રિબ્યુશનની કામગીરીનો સોમવારથી પ્રારંભ થઈ ગયો છે.

તેમણે વધુમાં કહ્યું કે, અમદાવાદ જિલ્લા ખાતે આવેલા આ વેર હાઉસમાં એફએલસી થયેલા ૯૫૭૨ બેલેટ યુનિટ,



૮૬૫૫ કંટ્રોલ યુનિટ તેમજ ૮૯૩૨ વીવીપેટ મશીન છે. જે પૈકી ૬ એપ્રિલ સોમવારથી ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબ ફર્સ્ટ રેન્ડમાઈઝેશન બાદ ચૂંટણી પંચ દ્વારા નિયત ધારાધોરણો પ્રમાણે પ્રત્યેક વિધાનસભા ક્ષેત્રના કુલ મતદાન મથકોની સંખ્યાના ૧૨૫ ટકા લેખે BU- બેલેટ યુનિટ, ૧૨૫ ટકા લેખે CU- કન્ટ્રોલ યુનિટ અને ૧૩૫ ટકા વીવીપેટની ફાળવણી કરવામાં આવી રહી છે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં અમદાવાદ જિલ્લામાં ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનાર 6814 BU - બેલેટ યુનિટ, 6814 CU- કન્ટ્રોલ યુનિટ અને 7357 VVPAT ઈ.વી.એમ. (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન)ની પારદર્શક પદ્ધતિથી રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં પ્રથમ રેન્ડમાઈઝેશન બાદ વિધાનસભા સીટ દીઠ જે તે મદદનીશ ચૂંટણી અધિકારીને ઈ.વી.એમ.ની ફાળવણીનું કામ કરવામાં આવી રહ્યું છે. આ પ્રક્રિયા આગામી ત્રણદિવસ સુધી ચાલશે, એમ તેમણે ઉમેર્યું હતું. આમ, અમદાવાદ જિલ્લાના મતદાન મથકો માટે ધારાધોરણ પ્રમાણે બેલેટ યુનિટ્સ- કન્ટ્રોલ યુનિટ્સ અને વીવીપેટની ફાળવણીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ સાથે સશસ્ત્ર પોલીસ સુરક્ષા હેઠળ જિલ્લાના સંબધિત એ.આર.ઓ.ને ઈ.વી. એમ.ની સોંપણી કરવામાં આવી રહી છે. ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબ લોકેશન ટ્રેસ કરી શકાય એ પ્રકારની વ્યવસ્થા તેમજ ચૂંટણી પંચની તમામ ગાઈડલાઈનનું પાલન સંપૂર્ણપણે કરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડિ.કે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કર અને સુશ્રી નેહા ગુપ્તા સહિત તમામ મદદનીશ ચૂંટણી અધિકારીઓ અને પ્રાંત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### ધોરણ-૧૨ અને કોલેજના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ પણ કરી શકશે અરજી

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

ગુજરાતમાં પોલીસ અને LRD ની ભરતી માટે ઓનલાઈન ફોર્મ ભરાઈ રહ્યાં છે. આ વચ્ચે ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલ દ્વારા મહત્વની જાહેરાત કરવામાં આવી છે. આજે હસમુખ પટેલે પત્રકાર પરિષદ યોજી કેટલીક મહત્વની જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે ઓજસ પર પોલીસ ભરતી માટે અરજી થઈ રહી છે. અત્યાર સુધી ૧.૫૫ લાખ ઉમેદવારોએ અરજી કરી છે. કુલ ૧.૧૮ લાખ અરજીઓ કન્ફર્મ થઈ છે. તેમણે કહ્યું કે ૧૦ લાખ જેટલી અરજીઓ થવાની સંભાવના છે. પોલીસ ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલે કહ્યું કે, ધોરણ ૧૨ અને કોલેજના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ પોલીસ ભરતીમાં અરજી કરી શકશે. એટલે કે રાજયમાં ધોરણ ૧૨ અને કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ખુબ સારા સમાચાર સામે આવ્યા છે. પોલીસ ભરતીમાં આ વિદ્યાર્થીઓને પણ તક મળશે. હસમુખ પટેલે કહ્યું કે લોકરક્ષક અને પીએસઆઈ ભરતી માટે ઉમેદવારોને ચોમાસા પછી શારીરિક પરીક્ષા પહેલા અરજી કરવાની તક મળશે.

### વંદેભારત ટ્રેન માત્ર ૪ કલાક ૪૫ મિનિટમાં મુંબઈ પહોંચાડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદ મુંબઈ વચ્ચે મુસાફરી કરનારાઓ માટે વંદે ભારત ટ્રેન હોટ ફેવરિટ બની છે. ત્યારે તમારી મનગમતી ટ્રેન તમને ઓછા સમયમાં અમદાવાદથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ પહોંચાડશે. કારણ કે રેલવે તંત્ર દ્વારા ટ્રેનની ઝડપ વધારવાનો નિર્ણય કર્યો છે. હવે વંદેભારત ટ્રેન તમને માત્ર ૪ કલાક ૪૫ મિનિટમાં મુંબઈ પહોંચાડી દેશે. ભારતીય રેલવેએ મિશન રફતારની શરૂઆત કરાવી છે. જે અંતર્ગત એક્સપ્રેસ અને સુપરફાસ્ટ ટ્રેનોની ઝડપ વધારવાની કામગીરી ચાલી રહી છે. આ કારણે મુસાફરોનો સમય બચશે. આ માટે અમદાવાદ-મુંબઈ અને મુંબઈ-દિલ્હીની રેલવે લાઈન પર કામ ચાલી રહ્યું છે. મુંબઈ-દિલ્હી ટ્રેકની ક્ષમતા અપગ્રેડ કરવામાં આવી છે. જેથી અમદાવાદ-મુંબઈ અને મુંબઈ-નાગડા લાઈન પરના કુલ ૧૨૬ રેલ બ્રિજને પણ ૧૬૦ કિમીની ઝડપે સક્ષમ બનાવાયા છે. જેથી જલ્દી જ અમદાવાદ મુંબઈ વચ્ચે દોડતી વંદેભારત ટ્રેનનો સમય ઘટી જશે. અમદાવાદ-મુંબઈ વંદે ભારત ટ્રેનની ઝડપ વધારાશે. જેથી હવે અમદાવાદ-મુંબઈ વંદે ભારત ટ્રેન ૪.૪૦ કલાકમાં સફર પૂર્ણ કરશે. મિશન રફતારને પગલે ૪૫ મિનિટથી ૪ કલાક સુધીને સમય બચી જશે. એક્સપ્રેસ અને સુપરફાસ્ટ ટ્રેનોની ઝડપ વધારવામાં આવશે.



લોકસભાની ચૂંટણી માટે ગુજરાતમાં EVM મશીનનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

### પાટીદારો અને ક્ષત્રિય વચ્ચે હંમેશાં આત્મીયતાનો સંબંધ રહ્યો છે : શક્તિસિંહ ગોહિલ

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ગુજરાત લોકસભા ચુંટણીનો જંગ હવે જામી રહ્યો છે. રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ અંગેના વિવાદિત નિવેદન બાદ સતત વિવાદ વધી રહ્યો છે. આજે રૂપાલાના વિરોધમાં



રાજકોટમાં ક્ષત્રિય સમાજની મહારેલી યોજાઈ હતી. રાજ્યના અનેક જિલ્લાઓમાં વિરોધ સાથે રૂપાલાની ટિકિટ કેન્સલ કરવાની માંગ ઉગ્ર બની હતી. હવે આ વિવાદમાં કોંગ્રેસ કૂદી છે. પરેશ ધાનાણીના નિવેદન બાદ હવે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિહ ગોહિલનું મહત્વપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. શક્તિસિહ ગોહિલે પરશોત્તમ રૂપાલા વિવાદ મુદ્દે જણાવ્યું છે કે આજે રાજકીય વ્યક્તિ તરીકે નહીં પણ સમાજના દિકરા તરીકે કહી રહ્યો છું. સમાજની કેટલીક બહેનો દિકરીઓએ જોહર કરવાની વાત કરી છે. મારી બહેનો દિકરીઓની લાગણીને હું સલામ કરું છું. ઈતિહાસના પાના ઉથલાવો અને જુઓ કે જોહર ક્યારે થાય. જ્યારે સમાજનો કોઇ પણ પુરુષ લડવાની ક્ષમતામાં ન હોય ત્યારે જોહર કરી સ્વમાનભેર પોતાના સિધ્ધાંતોને જાળવવા માટે છેલ્લો ઉપાય છે. લડવાની ક્ષમતા સમાજના બીજા લોકો પાસે હોય, સિદ્ધાંત માટે શહીદી વ્હોરવાની ક્ષમતા હોય, ત્યાં સુધી ક્યારેય બહેનોએ જોહર કર્યો નથી. જોહર કરવાની વાત આપણે આપણા દિમાગમાંથી કાઢી નાખવી જોઈએ. શક્તિસિહ ગોહિલે વધુમાં જણાવ્યું હતું કે, ઈતિહાસ અને શાસ્ત્રોમાં કહેવાયું છે કે સૌથી મોટું પાપ એટલે ઈશ્વરે આપેલા જીવને છોડવાની વાત છે. રાજા મહારાજાઓ માત્ર ક્ષત્રિયો જ નહોતા, રાજપુતો સિવાય પણ અનેક સમાજે રાજ સત્તા ભોગવી છે. આદિવાસી, ઠાકોર, કોળી, કારડીયા અને કેટલાક પાટીદારોએ પણ શાસન કર્યું છે. રાજ સત્તા ભોગવનાર કોઈ સમાજે અંગ્રેજો સાથે રોટી બેટીનો વ્યવહાર નહોતો કર્યો. જે શબ્દો બોલાયા તે આધાત જનક છે, તેના માટે જરૂર લડાઈ કરીએ. સવાલ અસ્મિતા અને સ્વાભિમાનનો છે, એક વ્યક્તિ દ્વારા બોલાયેલ શબ્દનો છે. એક જવાબદાર રાજકીય પક્ષે તાત્કાલિક નિર્ણય કર્યો હોત તો આ પરિસ્થિતિ ન હોત. પક્ષે નિર્ણય ન કરી પરિસ્થિતિને વધારે વણસાવી છે. તેમણે ઉમેર્યું હતું કે, રક્ષયતે ઈતિ ક્ષત્રિય, ક્ષત્રિય કોમવાદી નહીં સિધ્ધાત વાદી રહ્યા છે. તમામ વર્ગ ધર્મ જ્ઞાતીનો વિશ્વાસ આપણી પર રહ્યો તેને ટકાવી રાખવાનો છે. કેટલાક મિત્રોએ સમાજ સમાજ વિરુદ્ધ વાતાવરણ ઉભુ કરવાનો પ્રયાસ કર્યો છે.

### ૧૫ લોકોએ હવસ સંતોષી, અશ્લીલ ડાન્સ કરાવતા

## સગીરાને નોકરીની લાલચમાં લાવી દેહવેપારમાં ધકેલી

### ધાગા કટિંગનું કામ કરતી સગીરાને બ્યુટી પાર્લરમાં નોકરી અપાવવાનું કહી અપહરણ કરવામાં આવ્યું હતું

। (એજન્સી) સુરત, તા.૮ ।

સુરતના અમરોલી વિસ્તારમાંથી માનવ તસ્કરી અને સેકસ રેકેટનો પર્દાફાશ થયો છે. ધાગા કટિંગનું કામ કરતી સગીરાને બ્યુટી પાર્લરમાં નોકરી અપાવવાનું કહી અપહરણ કરવામાં આવ્યું હતું. જે બાદ રાજસ્થાન ખાતે લઈ જઈ દેહવેપારના ધંધામાં ધકેલી દેવામાં આવી હતી. એટલું જ નહીં પરંતુ નાગોર જિલ્લાના એક હોટેલમાં લઈ ગયા બાદ ટૂંકા વસ્ત્રો પહેરાવી અશ્લીલ ડાન્સ પણ કરાવવામાં આવ્યો હતો. જેમાં ૧૫ જેટલા લોકોએ પોતાની હવસ સંતોષી હતી. સગીરાના અપહરણ અને તેણીને દેહવેપારના ધંધામાં ધકેલવામાં આવી હોવાની હકીકત પરિવારજનોએ અમરોલી પોલીસને કરતા હોટેલ માલિક સહિત છ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ અમરોલી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. સુરતમાં માનવ તસ્કરી અને સેક્સ રેકેટનો સુરતની અમરોલી પોલીસે પર્દાફાશ કરી મહિલા સહિત છ આરોપીઓની ધરપકડ કરી હતી. અમરોલી પોલીસના જણાવ્યા અનુસાર, અમરોલી પોલીસ મથકની હદમાં રહેતા પરિવારની સગીર વયની કિશોરી ધાગા કટિંગ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ બને છે. છ માસ અગાઉ સગીરા પોતાના માતા-પિતા જોડે ટ્રેન મારફતે વડોદરાથી સુરત આવી રહી હતી. જે દરમ્યાન રેલવેમાં સગીરાનો સંપર્ક મુસ્લિમ મહિલા જોડે થયો હતો. મહિલાએ પોતાની ઓળખ હિંદુ તરીકે આપી સગીરાને બ્યુટી પાર્લરમાં નોકરી અપાવવાની લોભામણી લાલચ આપી હતી. જ્યાં બંને વચ્ચે મોબાઈલ નંબરોની આપ-લે પણ થઈ હતી.

### હોસ્પિટલ પહોંચે તે પહેલા મોત નિપજ્યું

## દ્વારકાનાભાણવડમાં રખડતાં શ્વાને બાળકીને ફાડી ખાધી

### રૂપામોરા વિસ્તારમાં રહેતા હીરાભાઈ પીપરોતરની ૧૧ વર્ષની પુત્રી પુરીબેન પર રખડતા શ્વાને હુમલો કર્યોહતો

। (એજન્સી) દેવભૂમિ દ્વારકા, તા.૮ ।

રાજ્યમાં એકવાર ફરી રખડતા શ્વાનનો આતંક જોવા મળ્યો છે. રખડતા શ્વાને ફરીએકનો ભોગ લીધો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડમાં શ્વાને બાળકીને બચકા ભરતા તેનું કરૂણ મૃત્યું થયું છે. રૂપામોરા વિસ્તારમાં રહેતા હીરાભાઈ પીપરોતરની ૧૧ વર્ષની પુત્રી પુરીબેન પર રખડતા શ્વાને હુમલો કર્યો હતો. જેમાં તે ગંભીર ઈજાગ્રસ્ત થતાં તેનું મૃત્યું નીપજ્યું છે.ભાણવડમાં શ્વાને બાળકીને બચકા ભરતા તેનું કરૂણ મૃત્યું થયું છે. શ્વાને બાળકી પર એટેક કરી શરીર પર બચકે બચકા ભરી શરીરી પર ઘાવે ઘાવ કરી નાંખ્યા હતાં. જેના પગલે બાળકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. ત્યારબાદ બાળકીને હોસ્પિટલ માટે સારવાર ખેસડવામાં આવી હતી પરંતુ તે પહેલા તેના શ્વાસ બંધ થઈ ગયા હતાં. અત્રે જણાવીએ કે, રાજ્યમાં છેલ્લા એક વર્ષથી ડોગ બાઈટસના કેસમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. આપને જણાવી દઈએ કે, વેટરનરી સર્જનએ જણાવ્યું કે, હડકવા ખૂબ જ ગંભીર રોગ છે. તેના પ્રિવેન્શન માટે જ કૂતરૂ કરડ્યા બાદ એન્ટી રેબિઝ ઈન્જેક્શન લેવાના હોય છે. જો તકેદારી નહીં લેવાય અને જો એકવાર હડકવા થાય તો પછી સારવાર શક્ય નથી. હડકવા વાઈરસ મગજમાં કેન્દ્રીય ચેતાતંત્રને ચેપ લગાડે છે અને મગજને અસર પહોંચાડે છે. એટલે કૂતરું કરડી જાય તો તાત્કાલિક હડકવાવિરોધી રસી લેવી ખૂબ જ જરૂરી છે. આ રસી તમામ હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોમાં સરળતાથી મળી રહે છે. વેટરનરી તબીબ જણાવે છે કે, જો કોઈને કુતરુ કરડે છે.

# સફાઈ કર્મીને વળતર આપવાની આ પદ્ધતિ યોગ્ય નથી, આ પદ્ધતિ સાથે કોર્ટ સહમત નથી : ગુજરાત હાઈકોર્ટ

। (એજન્સી) અમદાવાદ ।

ગુજરાત હાઈકોર્ટમાં માનવ ગરીમા સંસ્થા દ્વારા ગટર સફાઈ કામદારોના અપમૃત્યુ અને તેમને ચૂકવવાના થતાં વળતરને લઈને જાહેર હિતની અરજી કરી હતી. ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ આ મુદ્દે સુનાવણી ચાલી રહી છે. ભાવનગરના સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઈન્સ્ટિટયૂટમાં સ્પેટિક ટેંકમાં બચી ગયેલા કામદાર પર ફરિયાદ નોંધાઈ છે. જેમાં હાઈકોર્ટે સરકારની ઝાટકણી કાઢી હતી અને જણાવ્યું હતું કે, કામદાર સામે શા માટે FIR કરવામાં આવી છે? કામદાર તો પોતાના પરિવારનું પેટ ભરવા નાછૂટકે આવા કામ કરતા હોય છે. અગાઉ અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે, હાઈકોર્ટ સમક્ષ કુલ ૧૬૭ ગટર સફાઈ કામદારોના અપમૃત્યુનું લિસ્ટ મૂકાયું હતું. જેમાંથી ૧૬ મૃતકોના પરિવારજનોને વળતર ચુકવવાનું બાકી છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ આ વળતર ચુકવવાનું થાય છે. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ગટર સફાઈ કામદારોના અપમૃત્યુના કિસ્સામાં ૧૦ લાખથી લઈને ૩૦ લાખ જેટલું વળતર ચૂકવવું પડે છે. જે પહેલા ૧૦ લાખ હતું, હવે ગંભીર રીતે ઘાયલ કામદારને પણ ૧૦ લાખ રૂપિયા વળતર ચૂકવવું પડે છે. અર્બન હાઉસિંગ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી દ્વારા કોર્ટમાં સોગંદનામું દાખલ કરવામાં આવ્યું હતું. જેમાં જણાવાયું હતું કે ૧૬માંથી ૫ મૃતકોના પરિજનોને વળતર ચૂકવાઈ ગયું છે. પરંતુ ૧૧ મૃતકોના પરિજનોની માહિતી મળી નથી. કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે, જ્યારે મૃતક નગરપાલિકા કે મહાનગરપાલિકાના કર્મચારી હોય ત્યારે તેનું એડ્રેસ અને તેના પરિવારજનોનું નામ તેમની પાસે હોય જ. કોર્ટને જાણીને આશ્ચર્ય લાગ્યું હતું કે, વળતર મેળવવા માટે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ દ્વારા વર્તમાન પત્રોમાં સંપર્ક કરવા જાહેર નોટિસ આપવામાં આવી હતી. કોર્ટે કહ્યું હતું કે, વળતર આપવાની આ પદ્ધતિ યોગ્ય નથી. આ પદ્ધતિ સાથે કોર્ટ સહમત નથી. આ મૃતકોના પરિજનો સુધી પહોંચવા અરજદાર સરકારને મદદ કરશે. અરજદારે કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે, એક મૃતકના પરિજનોને વળતર આપવા માટે ઈનકાર કરવામાં આવ્યો છે. જેના કારણમાં દર્શાવાયું છે કે, તેનું મૃત્યુ ગૂંગળામણથી નહીં, પરંતુ માટીનો ઢગલો ધસી પડવાથી થયું છે. જો કે, કોર્ટે આવી દુર્ઘટનામાં મૃત્યુનું કારણ નહીં જોઈને વળતર આપવા હુકમ કરેલો છે. વર્ષ ૨૦૦૧ની આ આણંદની આ ઘટના અંગે આણંદ મહાનગરપાલિકાને



એફિડેવિટ ફાઈલ કરવા કોર્ટે હુકમ કર્યો હતો. તેમાં આણંદ નગરપાલિકા જણાવ્યું હતું કે, કામદારનું મોત ગટર સફાઈને લઈને નહીં પરંતુ નવી સુએજ લાઈન નાખતી વખતે થયું હતું. કોન્ટ્રાક્ટરે તેના પરિવારને ૧.૮૫ લાખ રૂપિયા આપ્યા હતા. જેથી કોર્ટે કહ્યું હતું કે, કામદાર મુખ્ય રીતે નગરપાલિકાનું કામ કરતો હતો, એટલે નગરપાલિકાની મોટી જવાબદારી બને છે. જો કોન્ટ્રાક્ટર વળતર આપે તો નગરપાલિકા કેમ નહીં? કોન્ટ્રાક્ટરની બેદરકારીથી નગરપાલિકા છટકી શકે નહીં. કોર્ટે અરજદારને આણંદ નગરપાલિકા કયા નિયમો અંતર્ગત મૃતકના પરિજનોને વળતર ચુકવે તેને કોર્ટ સમક્ષ મૂકવા જણાવ્યું હતું. સુનાવણી દરમિયાન ભાવનગર મહાનગર પાલિકા (BMC)નો તાજેતરનો બનાવ કોર્ટ સમક્ષ મુકાયો હતો. જેમાં બે ગટર સફાઈ કામદારો મેઈન હોલમાં ઉતર્યા હતા. જેમાંથી એકનું મોત થયું હતું અને એકને ગંભીર ઈજાઓ થઈ હતી. આ મુદ્દે કોન્ટ્રાકટર સામે ફરિયાદ નોધાઈ હતી. પરંતુ હાઈકોર્ટના અગાઉના આદેશ મુજબ જવાબદાર અધિકારીઓ સામે કોઈ ફરિયાદ નોધાઈ નથી. ભાવનગરની ઘટના મુદ્દે કોર્ટે ભાવનગર મહાનગર પાલિકાને પક્ષકાર બનાવવા હુકમ કર્યો હતો. તો સાથે જ અર્બન હાઉસિંગ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરીને મૃતકોના પરિવારને ચૂકવાયેલા, નહીં ચૂકવાયેલ વળતરનું લિસ્ટ અને કારણો સાથે એફિડેવિટ માંગી હતી. કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે, ભાવનગરની ઘટના મુદ્દે હાઈકોર્ટમાં અલગથી અરજી દાખલ કરવામાં આવી છે. આ દુર્ઘટના સંદર્ભે સુપ્રિમ કોર્ટના જજમેન્ટ મુજબ મૃતકના પરિવારજનોને ૩૦ લાખ રૂપિયા વળતર ચૂકવવામાં આવ્યું છે. જ્યારે ઘાયલ થયેલા વ્યક્તિને દસ દિવસની સારવાર બાદ મેડિકલી ફિટ જાહેર કરવામાં આવ્યો છે. જેથી તેને વળતર ચૂકવવાનું થતું નથી. કોર્ટે સરકારને પૂછ્યું હતું કે ભાવનગરની ઘટના અંગે કોઈ તપાસ કરવામાં આવી છે કે કેમ? જોકે, તેનો સંતોષકારક જવાબ ન મળતા કોર્ટે અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપાલ સેક્રેટરીને ભાવનગરની ઘટના અંગે ત્રણ અઠવાડિયામાં તપાસ પૂર્ણ કરીને કોર્ટના આદેશ મુજબ જવાબદારી નક્કી કરવા અને જવાબદાર અધિકારી સામે કયા પગલાં લેવાશે, તેની માહિતી કોર્ટ સમક્ષ રજૂ કરવા હુકમ કર્યો હતો. જેના જવાબમાં કોર્ટ સમક્ષ રજૂઆત કરાઈ હતી કે, ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સેપ્ટિક ટેન્કની સફાઈ માટે મશીનનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ આ દુર્ઘટનામાં કોઈપણ સુપરવાઈઝરની નિમણૂક કરવામાં આવી ન હતી. નોડલ ઓફિસર દ્વારા સુપરવાઈઝર રાખવામાં આવ્યો નહતો. જેથી એક્ઝિક્યુટિવ એન્જિનિયર સામે ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવી છે. ભાવનગરના સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઈન્સ્ટિટયૂટમાં આ ઘટના બની હતી. જો આ સંસ્થા BMCને ફી ચૂકવીને ટેક્નની સફાઈ કરાવે છે. તપાસમાં સામે આવ્યું હતું કે, સેપ્ટિક ટેક્નમાં ઝેરી ગેસ નીકળવાની પાઈપ જ નહોતી. આથી સૂચન કરાયું છે કે, હવે સેપ્ટિક ટેક્નનું ક્વોલિટી કન્સ્ટ્રક્શન થાય તે પણ સરકાર જોશે. કામદારોની કોઈપણ સેફ્ટીના સાધનો પણ આપવામાં આવ્યા ન હતા. વધુમાં સરકારે જણાવ્યું હતું કે, જે કામદાર બચી ગયો છે, તેની સામે પણ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. કારણ કે નોટિસ આપવા છતાં આ કામદારો હાથથી કાર્ય કરે છે. ઉપરાંત સંસ્થા સામે પણ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. મૃતકને પરિજનોને વળતર અપાયું છે, તે સંસ્થા પાસેથી વસૂલ કરાશે. હવેથી સુએજ ટેક્નનું મોનિટરિંગ પણ કરવામાં આવશે. કોર્ટે સરકારને કહ્યું હતું કે, કામદાર સામે શા માટે FIR કરવામાં આવી છે? કામદાર તો પોતાના પરિવારનું પેટ ભરવા નાછૂટકે આવા કામ કરતા હોય છે. કોર્ટે સરકાર પાસે એક્શન ટેકન રિપોર્ટ માંગીને ૧૯ એપ્રિલે વધુ કાર્યવાહી રાખી છે.

# મહારાષ્ટ્રની બારામતીમાં પવાર પરિવાર વચ્ચે જામ્યો ચૂંટણી જંગ

## બારામતી સીટ પર અજીત પવારના પત્ની સુનેત્રા પવાર મેદાનમાં છે તો સામે શરદ પવારના પુત્રી સુપ્રીયા સુલે મેદાનમાં છે

। (એજન્સી) મુંબઈ, તા.૮ ।

રાજકારણની વાત હોય અને મહારાષ્ટ્રનું નામ ન આવે તેવું કઈ રીતે બની શકે. આ વખતે મહારાષ્ટ્રમાં NDA સામે મહાવિકાસ આઘાડીનો મહાજંગ છે... જોકે સૌથી વધુ રસપ્રદ બેઠક છે બારામતી. જે પવાર ફેમિલીનો ગઢ કહેવાય છે. જોકે પવાર પરિવારમાં જ બે ફાંટા પડ્યા બાદ આ ગઢ પર કોણ રાજ કરશે તે મોટો સવાલ છે કેમ કે આ જંગમાં એક તરફથી સુપ્રિયા તાઈ.. તો બીજા તરફ છે અજીત દાદાના પત્ની સુનેત્રી ભાભી. જોકે વારસાની આ જંગમાં કોણ હક્કદાર બનીને નીકળે છે તે સમય બતાવશે. લોકસભા ચૂંટણીમાં સુપ્રિયા તાઈ તો વિધાનસભા ચૂંટણીમાં અજીત દાદાના નામ અને નારા વચ્ચે જ બારામતીનું સમગ્ર રાજકારણ ચાલતું હતું.. પરંતુ ૫૫ વર્ષ બાદ હવે બારામતીમાં એવો સમય આવ્યો છે કે, લોકોએ તાઈ અને દાદામાંથી કોઈ એકની પસંદગી કરવાની છે.એટલે જ ૨૪ના ચૂંટણી જંગમાં બેટલ ઓફ બારામતીની ચારે બાજુ ચર્ચા થઈ રહી છે. બારામતીથી જીતની હેટ્રીક લગાવી ચુકેલ સુપ્રીયા સુલે શરદ પવારની પાર્ટી તરફથી જીતનો ચોક્કો મારવાની તૈયારી કરી રહી છે તો બીજી તરફ NDA તરફથી NCP પ્રમુખ અને અજીત પવારના પત્ની સુનેત્રા પવાર મેદાને છે.. NDA ગઠબંધન અંતર્ગત બારામતી બેઠક અજીત પવારની NCP પાર્ટીને મળી છે. પરંતુ ભાજપ આ બેઠકને NDA તરફથી જીતવા પૂર્ણ તાકાત લગાવી રહ્યું છે. દેવેન્દ્ર ફડણવીસે તો બારામતીમાં પવાર ફેક્ટરને નકારીને આ લડાઈ મોદી અને રાહુલ ગાંધી વચ્ચે હોવાનો દાવો કર્યો. બારામતીની લડાઈને ભાજપ પવાર ફેક્ટરથી હટાવીને મોદી વર્સિસ રાહુલ કેમ કરવા માગે છે, તે પ્રશ્નનો જવાબ મેળવવા ભૂતકાળ પર નજર કરવી પડે. વર્ષ ૧૯૬૭માં શરદ પવાર પહેલીવાર બારામતીથી ધારાસભ્ય બન્યા તો વર્ષ ૧૯૮૪માં શરદ પવાર પહેલીવાર બારામતીથી સાંસદ પણ બન્યા.. અને આ બેઠકથી જ તેઓ કુલ ૬ વાર સંસદ ગયા.. શરદ પવાર બાદ તેમની પુત્રી સુપ્રિયા સુલે ૨૦૦૯, ૨૦૧૪ અને ૨૦૧૯માં બારામતીથી સંસદ તરીકે ચૂંટાયા.. જ્યારે કે ૧૯૯૧થી અજીત પવાર સતત આ બેઠક પરથી ધારાસભ્ય બનીને વિધાનસભામાં જાય છે. જોકે વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯માં મોદી લહેર હોવા છતા ભાજપ બારામતીમાં NCPના કિલ્લાને તોડી ન શક્યું.. પરંતુ આ વખતે ભાજપ કોઈ પણ સંજોગોમાં બારામતી જીતવા તૈયારી કરી રહ્યું છે. ગત વર્ષે જ એનસીપી બે જૂથમાં વહેંચાઈ ગઈ.. અજીત પવાર એનડીએમાં સામેલ થઈને નાયબ મુખ્યમંત્રી બન્યા.. તો શરદ પવાર ઈન્ડિયા ગઠબંધનનો ભાગ છે. ૨૦૨૩માં શરૂ થયેલી વારસાની આ લડાઈ હવે ૨૦૨૪માં બારામતીના દ્વારે આવીને ઉભી છે. જ્યારે અજીત પવારે રાખડી બાંધતી સુપ્રિયા સુલે વિરુદ્ધ જંગનું એલાન કરી દીધું. અને પત્ની સુનેત્રા પવારને મેદાને ઉતારવાની જાહેરાત કરી. ભાજપ ભલે ૨૦૧૪ અને ૨૦૧૯માં બારામતીમાં કમળ ન ખિલાવી શકી હોય, પરંતુ ૨૦૨૪માં ઘડીયાળ દ્વારા શરદ પવારનો સમય ખરાબ કરવાની તૈયારી જરૂર કરી રહ્યું છે.



દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું

## મહિલા સમજી વિચારીને શારીરિક સંબંધો બાંધે તો તે રેપ ન ગણાય

### જોકે લગ્નના ખોટા વચનના સ્પષ્ટ પુરાવા હોય તો તેને છેતરપિંડી ગણી શકાય : દિલ્હી હાઈકોર્ટની પ્રતિક્રિયા




। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું હતું કે જ્યારે કોઈ મહિલા શારીરિક સંબંધો બાંધવાનો સમજી વિચારીને નિર્ણય લે ત્યાં સુધી, સંમતિ છેતરપિંડી દ્વારા લેવામાં આવી છે તેવું ન કહી શકાય. જોકે લગ્નના ખોટા વચનના સ્પસ્ટ પુરાવા હોય તો તેને છેતરપિંડી ગણી શકાય. જસ્ટિસ અનૂપ કુમાર મેંદિરત્તાએ આ ટિપ્પણી એક પુરુષ વિરુદ્ધ બળાત્કારના કેસને ફગાવી દેતી વખતે કરી હતી. કારણ કે આ મામલો પતિ અને પત્ની વચ્ચે સુમેળપૂર્વક ઉકેલાયો હતો. તે બંને હવે પરિણીત છે. કોર્ટે જણાવ્યું હતું કે જ્યારે કોઈ સ્ત્રી જાણી જોઈને શારીરિક સંબંધો બાંધવાનું પસંદ કરે છે, તેના પરિણામોને સંપૂર્ણ રીતે સમજે છે ત્યારે તેણીની સંમતિ છેતરપિંડી દ્વારા મેળવવામાં આવી હોવાનું માની શકાય નહીં. આ કેસ ત્યારે શરૂ થયો જ્યારે એક મહિલાએ એક પુરુષ વિરુદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવી. તેણીએ આક્ષેપ કર્યો હતો કે યુવકે લગ્નના બહાને તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા, પરંતુ બાદમાં પરિવારના દબાણને ટાંકીને તેણે લગ્નનું વચન પાળ્યું હતું. ત્યારબાદ, કોર્ટને જાણ કરવામાં આવી હતી કે દંપતીએ તેમના મતભેદો ઉકેલી લીધા છે અને કાયદેસર રીતે લગ્ન કર્યા છે. મહિલાએ તેના વર્તમાન વૈવાહિક સંબંધો પર ખુશી વ્યક્ત કરી અને તેની એફઆઈઆર પાછી ખેંચી લીધી. તેણીએ સ્વીકાર્યું કે આરોપીની લગ્ન કરવાની અનિચ્છા કુટુંબના દબાણને કારણે હતી.

# ભારતે હવે ૧૦૦ અબજ ડોલરનો બનાવ્યો પ્લાન

## ચીન પર નિર્ભરતા ઘટાડવા અમેરિકા અને યુરોપિયન દેશો હવે ભારતને બીજા વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે અમેરિકા અને યુરોપિયન દેશો ભારતને બીજા વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે ભારતે દર વર્ષે ૧૦૦ અબજ ડોલરની યોજના બનાવી છે. વાસ્તવમાં, ભારત સરકારે ૧૦૦ અબજ ડૉલરથી વધુ એટલે કે દર વર્ષે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુની FDIનું લક્ષ્ય નક્કી કર્યું છે.

જ્યારથી કોવિડ શરૂ થયો ત્યારથી ત્યાં ઉત્પાદન અને પુરવઠો અટકી ગયો છે. ત્યારથી વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાને લઈને સર્વત્ર શંકાઓ ઉભી થઈ છે. હવે વૈશ્વિક રોકાણકારો એવા દેશો તરફ જોઈ રહ્યા છે જે ચીનનું સ્થાન લઈ શકે. એક સમયે વૈશ્વિક અર્થતંત્રનું એન્જિન કહેવાતા ચીન પરનો વિશ્વાસ સતત ઘટી રહ્યો છે. અમેરિકા સાથેના સંઘર્ષ બાદ સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. અમેરિકન કંપનીઓ સતત પોતાના માટે નવું ઘર શોધવાનો પ્રયાસ કરી રહી છે. આવી સ્થિતિમાં હવે અમેરિકન અને યુરોપિયન કંપનીઓ ચીનના પાડોશી દેશ ભારતને ખૂબ પસંદ કરી રહી છે. ચીનમાં સ્થિતિ અસ્થિર થતાં જ એપલ ભારત તરફ વળ્યું. તે પછી, વિશ્વની સૌથી મોટી ટેક કંપનીઓમાંથી એક એપલે કહ્યું કે ભારત એકમાત્ર એવો દેશ છે જે ચીનનું સ્થાન લઈ શકે છે. જે બાદ અન્ય કંપનીઓ પણ ધીમે ધીમે પરંતુ ચોક્કસ ભારત તરફ વળે છે. બીજી તરફ આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે પણ એક એવી યોજના બનાવી છે, જેનાથી ૧૦૦ અબજ ડોલરથી વધુની કમાણી થઈ શકે છે એટલે કે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુ એક જ ઝાટકે ગાયબ થઈ જાય છે. ચાલો તમને એ પણ જણાવીએ કે ભારત સરકાર દ્વારા આવી કઈ યોજના બનાવવામાં આવી છે. ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે અમેરિકા અને યુરોપિયન દેશો ભારતને બીજા વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે ભારતે દર વર્ષે ૧૦૦ અબજ ડોલરની યોજના બનાવી છે. ભારત સરકારે ૧૦૦ અબજ ડૉલરથી વધુ એટલે કે દર વર્ષે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુની FDIનું લક્ષ્ય નક્કી કર્યું છે. એટલે કે ચીનમાંથી બહાર આવતા કોઈપણ રોકાણકારે માત્ર ભારત તરફ જ વળવું જોઈએ.



બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, DPIIT સચિવ રાજેશ કુમારે માહિતી આપી છે કે સરકારનું લક્ષ્ય આગામી પાંચ વર્ષમાં સરેરાશ ૧૦૦ અબજ ડોલરનું રોકાણ વધારવાનું છે. FDIને લઈને દેશમાં વાતાવરણ સંપૂર્ણપણે હકારાત્મક છે. તેમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. માર્ચ ૨૦૨૩ સુધીના છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં દર વર્ષે સરેરાશ $70 બિલિયનનું રોકાણ આવ્યું છે. જે ચાલુ નાણાકીય વર્ષમાં વધારીને ૧૦૦ અબજ ડોલર કરવામાં આવી છે. હાલમાં ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. જ્યાં કેટલીક કંપનીઓ પોતાના દમ પર ભારત આવી રહી છે. તેથી હજુ પણ કેટલીક કંપનીઓ છે જે ચીનનો વિકલ્પ શોધી રહી છે. ભારત આવી કંપનીઓને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યું છે. સરકાર આંતરરાષ્ટ્રીય કંપનીઓને ઉત્પાદનને વેગ આપવા અને વિશ્વની સૌથી મોટી સપ્લાયર બનવા માટે પ્રોત્સાહનો આપી રહી છે. જેને PLI નામ પણ આપવામાં આવ્યું છે. Apple, Samsung આ PLI સ્કીમનો લાભ લઈ રહ્યા છે. તે પછી પણ દેશમાં મેન્યુફેક્ચરિંગમાં એફડીઆઈ અપેક્ષા મુજબ આવ્યું નથી. આ અંગે રાજેશ કુમાર સિંહે મીડિયા રિપોર્ટમાં જણાવ્યું કે વિકસિત દેશોમાં મોંઘવારી વધુ છે. ઉપરાંત, ઉભરતા બજારો સંબંધિત ભૌગોલિક-રાજકીય તણાવ અને ઉચ્ચ જોખમ પરિબળને કારણે, FDI ઓછું જોવા મળી રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે આ બધું હોવા છતાં, ભારતમાં અન્ય ક્ષેત્રો જેમ કે ઈફ, ઈલેક્ટ્રોનિક વસ્તુઓ અને અન્ય ઉપભોક્તા ચીજવસ્તુઓમાં વૃદ્ધિની ઘણી સંભાવનાઓ છે. તેમણે કહ્યું કે સરકાર FDI નિયમોને વધુ સરળ બનાવવા પર કામ કરશે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલા જ મેન્યુફેક્ચરિંગનો હિસ્સો વધારવાની વાત કરી ચૂક્યા છે. DPIITમાં સેક્રેટરી રાજેશ કુમાર સિંઘના જણાવ્યા અનુસાર, સરકાર PLI દ્વારા મેન્યુફેક્ચરિંગ વધારી રહી છે અને ટેલિકોમ અને ઓટો ઘટકોની આયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

## કેન્દ્રીય મંત્રી શોભા કરંદલાજેની કારે એક યુવાનનો જીવ લીધો

। બેંગ્લુરુ, તા.૮ ।

કેન્દ્રીય મંત્રી શોભા કરંદલાજેની કારે એક યુવાનનો જીવ લીધો છે. બેંગ્લુરુમાં પ્રચાર માટે આવેલા કેન્દ્રીય મંત્રીની દોડતી કારનો દરવાજો ખુલી ગયો હતો, પાછળથી આવતા બાઈક સવાર તે દરવાજો સાથે ટકરાયો હતો અને નીચે પડી ગયો હતો, પાછળ આવતી ટ્રક તેના પર ફરી વળી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના કેઆર પુરમ વિસ્તારમાં ગણેશ મંદિર પાસે બની હતી. મૃતકની ઓળખ પ્રકાશ તરીકે થઈ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે મંત્રી કારની અંદર હતા અને તે પ્રચાર માટે જઈ રહી હતી. મંત્રીની કારનો દરવાજો ખૂલતાની સાથે જ પ્રકાશ તેની સાથે અથડાયો હતો અને પાછળથી આવી રહેલી એક ટ્રક તેની ઉપરથી પસાર થઈ ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. કરંદલાજેએ બાદમાં પત્રકારોને જણાવ્યું હતું કે પ્રકાશ (મૃતક) ભાજપના કાર્યકર હતા અને તેમના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો. "અમે બધા દુઃખી છીએ.

## ખેડૂતોના ખાતામાં આવશે ૨૦૦૦ રૂપિયાનો ૧૭મો હપ્તો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારત સરકાર દેશના ગરીબ ખેડૂતોને આર્થિક સુરક્ષા પૂરી પાડવા માટે પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનું સંચાલન કરી રહી છે. આ મહત્વાકાંક્ષી યોજના હેઠળ સરકાર દર વર્ષે ખેડૂતોને ૬,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડે છે. ૬ હજાર રૂપિયાની આ આર્થિક સહાય ખેડૂતોના ખાતામાં ત્રણ હપ્તાના રૂપમાં આપવામાં આવે છે. દરેક હપ્તો ૪ મહિનાના અંતરે ખેડૂતોના ખાતામાં મોકલવામાં આવે છે. અત્યાર સુધીમાં સરકારે ખેડૂતોના ખાતામાં કુલ ૧૬ હપ્તા મોકલી દીધા છે. આવી સ્થિતિમાં દેશભરના કરોડો ખેડૂતો હવે ૧૭મા હપ્તાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ શ્રેણીમાં, ચાલો જાણીએ કે ભારત સરકાર પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૭મો હપ્તો ક્યારે બહાર પાડી શકે છે. જો મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો, ભારત સરકાર જૂન અથવા જુલાઈ મહિનામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૭મો હપ્તો જાહેર કરી શકે છે. જો કે, સરકારે હજુ સુધી હપ્તાના નાણાં ટ્રાન્સફર કરવા અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. જો તમે પણ યોજનાનો લાભ લેવા માંગતા હોવ તો. આવી સ્થિતિમાં, તમારે શક્ય તેટલી વહેલી તકે યોજનામાં તમારા જમીનના રેકોર્ડની ચકાસણી કરાવવી જોઈએ. અન્યથા તમને યોજનાનો લાભ નહીં મળે. જે ખેડૂતોએ યોજના હેઠળ હજુ સુધી તેમનું ઈ-કેવાયસી કરાવ્યું નથી. ૧૭મા હપ્તાના પૈસા તેના ખાતામાં પણ આવશે નહીં. આવી સ્થિતિમાં, લાભ મેળવવા માટે, તમારે આ મહત્વપૂર્ણ કાર્ય શક્ય તેટલું જલ્દી કરવું જોઈએ.



સીબીઆઈ, એનઆઈએ, ઈડી અને આવકવેરા વિભાગના વડાઓને બદલવાની માંગ સાથે ચૂંટણી પંચની ઓફિસની બહાર ધરણા કરી રહ્યા હતા ત્યારે દિલ્હી પોલીસે ટીએમસી નેતાઓની અટકાયત કરી હતી.

# યુક્રેને ડ્રોન વડે ઝપોરિઝ્ઝ્યા ન્યુક્લિયર પ્લાન્ટ પર હુમલો કર્યો

। (એજન્સી) મોસ્કો, તા.૮ ।

રશિયા અને યુક્રેન વચ્ચે બે વર્ષથી વધુ સમયથી ચાલી રહેલો હિંસક સંઘર્ષ અટકતો જણાતો નથી. રશિયાએ દાવો કર્યો છે કે યુક્રેને ઝાપોરિઝિયા ન્યુક્લિયર પ્લાન્ટ પર ડ્રોન વડે હુમલો કર્યો છે. ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA) એ આ હુમલાને અત્યંત ઘાતક ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે પરમાણુ પ્લાન્ટ પાસે ડ્રોન હુમલો એ ખતરનાક કૃત્ય છે. સંયુક્ત રાષ્ટ્રની પરમાણુ દેખરેખ એજન્સીના વડાએ રવિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે રશિયન-નિયંત્રિત ઝાપોરોઝેય ન્યુક્લિયર પ્લાન્ટના છ પરમાણુ રિએક્ટરમાંથી એક પર ડ્રોન હુમલો મોટી પરમાણુ દુર્ઘટનાનું જોખમ નોંધપાત્ર રીતે વધારે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર, રાફેલ મારિયાનો ગ્રોસીએ કહ્યું કે નવેમ્બર ૨૦૨૨ પછી આ પહેલો હુમલો હતો, જ્યારે તેણે રેડિયોલોજીકલ પરિણામો સાથે ગંભીર પરમાણુ અકસ્માતને ટાળવા માટે પાંચ મૂળભૂત સિદ્ધાંતો નક્કી કર્યા હતા. એક અલગ નિવેદનમાં, IAEA એ પ્લાન્ટ પર ડ્રોન હુમલાની અસરની પુષ્ટિ કરી, જેમાં તેના છ રિએક્ટરમાંથી એકનો સમાવેશ થાય છે. જેમાં એક વ્યક્તિ ઘાયલ થયાના અહેવાલ છે.

યુનિટ ૬ માં થયેલા નુકસાનથી પરમાણુ સલામતી સાથે સમાધાન થયું ન હતું, પરંતુ તે એક ગંભીર ઘટના હતી જે રિએક્ટરની કન્ટેઈનમેન્ટ સિસ્ટમને નબળી બનાવવાની સંભાવના ધરાવે છે, તે જણાવ્યું હતું. રશિયન-નિયંત્રિત ઝાપોરોઝાય ન્યુક્લિયર પ્લાન્ટના અધિકારીઓએ જણાવ્યું હતું કે રવિવારે યુક્રેનિયન લશ્કરી ડ્રોન દ્વારા સ્થળ પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં પ્લાન્ટના છઠ્ઠા પાવર યુનિટના ગુંબજ પર હડતાલનો સમાવેશ થાય છે. IAEA પરમાણુ દુર્ઘટનાની આશંકા વચ્ચે યુરોપના સૌથી મોટા પ્લાન્ટ અંગે વારંવાર ચિંતા વ્યક્ત કરી રહી છે. યુક્રેન અને રશિયા બંને નિયમિતપણે એકબીજા પર પ્લાન્ટ પર હુમલો કરવાનો આરોપ લગાવે છે. પ્લાન્ટના છ રિએક્ટર મહિનાઓથી બંધ છે, પરંતુ તેને હજુ પણ નિર્ણાયક ઠંડક પ્રણાલીઓ અને અન્ય સલામતી સુવિધાઓ ચલાવવા માટે વીજળી અને લાયક કર્મચારીઓની જરૂર છે. પ્રાદેશિક ગવર્નર ઓલેહ સિનિહુબોવના જણાવ્યા અનુસાર, રવિવારે પણ, યુક્રેનના ઉત્તરપૂર્વીય ખાર્કિવ ક્ષેત્રમાં રશિયન ગોળીબારમાં ત્રણ લોકો ઘાયલ થયા હતા. પ્રાદેશિક ગવર્નર વ્યાચેસ્લાવ ગ્લાડકોવે જણાવ્યું હતું કે રશિયામાં, યુક્રેનની સરહદે આવેલા બેલ્ગોરોડ પ્રદેશમાં છ જણના પરિવારને લઈ જતી કાર પર તોડી પાડવામાં આવેલા યુક્રેનિયન ડ્રોનનો કાટમાળ પડતાં એક છોકરીનું મોત થયું હતું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા.

કેજરીવાલના PAની પણ પૂછપરછ

## EDએ AAP નેતા દુર્ગેશ પાઠકને સમન્સ મોકલ્યું

### દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા પણ એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં જેલનો સામનો કરી રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

દિલ્હીના લીકર કૌભાંડમાં આમ આદમી પાર્ટીની મુશ્કેલીઓ દિવસેને દિવસે વધી રહી છે. હમણાં થોડા દિવસ પહેલા સંજય સિંહને સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા હતાં. જે બાદ હવે EDએ આ કેસમાં AAP નેતા દુર્ગેશ પાઠકને સમન્સ મોકલ્યું છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે દુર્ગેશ પાઠકને પૂછપરછ માટે બોલાવ્યા છે. દિલ્હીના સીએમ અને AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ લીકર કૌભાંડમાં જેલમાં છે. તેમના સિવાય દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા પણ એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં જેલનો સામનો કરી રહ્યા છે.

ED હાલમાં આ બહુચર્ચિત કેસમાં અરવિંદ કેજરીવાલના અંગત સહાયક (PA)બિભવ કુમારની પૂછપરછ કરી રહી છે. આ દરમિયાન સોમવારે EDએ દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં AAP નેતા દુર્ગેશ પાઠકને સમન્સ મોકલ્યું છે. આ મામલે સુત્રોએ જણાવ્યું કે, લીકર કૌભાંડમાં કેટલાક દસ્તાવેજોની તપાસ અંગે બિભવ કુમારની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ બાબતે એક અધિકારીએ નામ ન આપવાની શરતે કહ્યું કે, 'ગોવા વિધાનસભા ચૂંટણીમાં કરવામાં આવેલી રોકડ ચૂકવણી અંગે કેટલાક નિવેદનો લીધા છે, જેની તપાસ એજન્સીએ કરી હતી, આ નિવેદનોમાં દુર્ગેશ પાઠકનું નામ સામે આવ્યું છે. માહિતી પ્રમાણે દુર્ગેશ પાઠક બપોર પછી ED ઓફિસમાં હાજર થઈ શકે છે. તે પછી એવું માનવામાં આવી રહ્યું છે કે, તપાસ એજન્સી દુર્ગેશ પાઠકને આ રોકડ વ્યવહારને સંબંધિત પૂછપરછ કરી શકે છે. EDએ આરોપ લગાવ્યો છે કે, સાઉથ ગ્રુપ પાસેથી હવાલા દ્વારા ૪૫ કરોડ રૂપિયાની લાંચ લેવામાં આવી હતી. આ રુપિયાનો ઉપયોગ આમ આદમી પાર્ટીએ વર્ષ ૨૦૨૧-૨૨ ગોવા વિધાનસભા દરમિયાન ચૂંટણી પ્રચાર માટે કર્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે, પૂર્વ ડેપ્યુટી સીએમ અને AAP નેતા મનીષ સિસોદિયાના નજીકના માનવામાં આવતાં દિનેશ અરોરાના નિવેદન પર તપાસ એજન્સીએ આ દાવો કર્યો છે. આ ઉપરાંત એજન્સી દ્વારા વધુમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ ચૂંટણી પ્રચારમાં નીચેના લેવલે કામ કરનારા લોકોને રોકડ ચૂકવણી કરવામાં આવી હતી.

# તંત્રી લેખ...

## રશિયા યુક્રેન પાસેથી બદલો લેશે?

એરબેઝ પર હુમલા બાદ રશિયા ગુસ્સામાં છે. તેને ડર છે કે યુક્રેન એકલા આવો વિનાશ ન સર્જી શકે. આવી સ્થિતિમાં રશિયાએ ફરી નાટોને ચેતવણી આપી છે કે નાટો દેશોને પણ હુમલાના ગંભીર પરિણામો ભોગવવા પડશે. રશિયાનો દાવો છે કે આ હુમલા તમામ વિનાશક હથિયારોથી કરવામાં આવ્યા હતા. તે યુક્રેન બનાવી શકતો નથી. હવે સવાલો ઉઠી રહ્યા છે કે આ હથિયારો યુક્રેનમાં કેવી રીતે આવ્યા? શું તે નાટો દ્વારા ગુપ્ત રીતે મોકલવામાં આવ્યું હતું અથવા નાટોના એન્જિનિયરોએ તેમને યુક્રેનમાં તૈયાર કર્યા હતા? છેવટે, આખું સત્ય શું છે અને તે વિનાશના શસ્ત્રો કયા છે? રશિયામાં ઘૂસીને અને સૈન્ય થાણાઓ પર મોટાપાયે વિનાશ સર્જીને હુમલાઓએ યુક્રેનને નાટો પાસેથી વિનાશક શસ્ત્રો મળ્યા હોવાની શંકા વધી છે. નાટો વિના, યુક્રેન એક પગલું પણ આગળ વધી શકશે નહીં. તેથી, રશિયામાં આવા મોટા હુમલાઓ કરવા એકલા યુક્રેનની શક્તિમાં નથી. એ અલગ વાત છે કે નાટો આ વાતનો ખુલાસો કરવા માંગતું નથી અને ન તો ઝેલેન્સકી આ વિશે કંઈ કહી રહ્યા છે, કારણ કે જો તે સ્વીકારવામાં આવશે તો રશિયાને નાટો દેશો પર હુમલો કરવાની તક મળી જશે. રશિયાના એરબેઝ પર ૧૯ ફાઈટર જેટ નાશ પામ્યા હતા.યુક્રેને જે હથિયારોથી રશિયામાં તબાહી મચાવી છે તેમાં બે પ્રકારના શસ્ત્રો છે. લાંબા અંતરના ડ્રોન અને વિશેષ ફાઈટર જેટ, જે યુક્રેનને નાટો દેશો તરફથી મળ્યા છે. તેઓ ઓપરેશન પૂર્ણ કરીને સુરક્ષિત પરત ફર્યા. જો કે, પેન્ટાગોને રશિયન સૈન્ય મથકો અને ઓઈલ પ્લાન્ટ્સ પર હુમલા અંગે કોઈ માહિતી હોવાનો ઈનકાર કર્યો છે. પેન્ટાગોનના પ્રવક્તા પીટ રાયડરે કહ્યું કે અમે યુક્રેનને જે પણ મદદ કરી રહ્યા છીએ. તે તેની સલામતી માટે છે. જેથી યુક્રેન ફરી એક સુખી દેશ બની શકે. જો યુક્રેન હુમલા માટે તેનો ઉપયોગ કરશે તો અમે મદદ બંધ કરી દઈશું. હું યુક્રેન-રશિયા યુદ્ધ વિશે કહેવા માંગુ છું કે તાજેતરના હુમલા વિશે અમને જાણ નથી. હવે રશિયા વળતો પ્રહાર કરી રહ્યું છે. યુક્રેન પાસેથી બદલો લેવા માટે ભયાવહ. દરમિયાન, જર્મન અખબાર બિલ્ડના દાવાથી ક્રેમલિનની ઊંઘ હરામ થઈ ગઈ છે. બિલ્ડે દાવો કર્યો છે કે યુક્રેનને ટૂંક સમયમાં લાંબા અંતરના ડ્રોનનો માલ મળવા જઈ રહ્યો છે જે ટૂંકા અંતરની મિસાઈલોની અછતને પૂર્ણ કરશે. ડ્રોનની રેન્જ અઢી હજાર કિલોમીટરની હોવાનું કહેવાય છે, જે બેલ્ગોરોડથી આર્કટિકમાં રશિયન સૈન્ય મથક સુધી તબાહી મચાવી શકે છે. તેમની વિશેષતા એ છે કે આ ડ્રોન બોમ્બ ફેંકી શકે છે અને શોર્ટ રેન્જ મિસાઈલથી હુમલો પણ કરી શકે છે. આ સિવાય તે કેમિકેઝ હુમલા કરવામાં પણ માહિર છે. જર્મન પેપર બિલ્ડે એવો પણ દાવો કર્યો છે કે આ વર્ષે યુક્રેનને ૧૦ દેશોમાંથી ડ્રોનનું કન્સાઈનમેન્ટ મળ્યું છે. યુક્રેનને કયા દેશે લાંબા અંતરના ડ્રોન મોકલ્યા છે તેની માહિતી મળી નથી, પરંતુ ભવિષ્યમાં વધુ ઘણા કન્સાઇનમેન્ટ આવશે, જેના કારણે રશિયામાં અરાજકતા ચાલુ રહી શકે છે. જો કે કિવે પોતે જ આ પ્રકારનું ડ્રોન તૈયાર કર્યું છે. જેની રેન્જ ૩૩૦૦ કિલોમીટર હોવાનું કહેવાય છે. જેને સોકોલ-૩૦૦ નામ આપવામાં આવ્યું છે. જેનો ઉપયોગ પહેલીવાર યુક્રેન દ્વારા ૨ એપ્રિલે રશિયાના તાતારસ્તાનમાં હુમલો કરવા માટે કરવામાં આવ્યો હતો.

## કોંગ્રેસના એક પછી એક નેતા જે રીતે પાર્ટી છોડી રહ્યા છે, તેનાથી તો એવું લાગે છે કે ભાગદોડની સ્થિતિ છે

ચૂંટણીઓ આવે ત્યારે નેતાઓનું એક પક્ષમાંથી બીજા પક્ષમાં જવું કોઈ નવી કે અનોખી વાત નથી, પરંતુ જ્યારે કોઈ પક્ષમાંથી મોટી સંખ્યામાં નેતાઓ પલાયન કરવા લાગે તો તેના વિરુદ્ધ માહોલ બને છે અને વિરોધી દળોને મનોવૈજ્ઞાનિક સરસાઈ મળે છે. કોંગ્રેસના એક પછી એક નેતા જે રીતે પાર્ટી છોડી રહ્યા છે, તેનાથી તો એવું લાગે છે કે ભાગદોડની સ્થિતિ છે.

કોંગ્રેસ છોડનારાઓમાં નવું નામ છે મુક્કાબાજ વિજેન્દર સિંહ, ગૌરવ વલ્લભ, સંજય નિરુપમ અને બિહાર કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અનિલ શર્મા. આના પહેલાં પણ કેટલાય નેતા કોંગ્રેસ છોડી ચૂક્યા છે. વાસ્તવમાં તેની ગણતરી કરવી મુશ્કેલ છે કે છેલ્લા એક મહિનામાં કેટલાય નેતાઓએ કોંગ્રેસ છોડી દીધી. તેમાંથી કેટલાક મોટા અને જનધારવાળા નેતા પણ છે, જેમ કે અશોક ચવ્હાણ, મિલિંદ દેવડા, રવનીત સિંહ બિટ્ટુ વગેરે. આશ્ચર્ય નહીં કે આવનારા દિવસોમાં કેટલાક વધુ નેતા કોંગ્રેસને નમસ્તે કરતા દેખાય. એ ઠીક છે કે અન્ય પક્ષોમાંથી એકલ-દોકલ નેતા કોંગ્રેસમાં પણ આવ્યા છે, પરંતુ એમાં કોઈ શંકા નહીં કે તેનો સાથ છોડનારા નેતાઓની સંખ્યા ક્યાંય વધારે છે.

જ્યારે પણ કોઈ નેતા પોતાનો પક્ષ છોડે છે તો કોઈને કોઈ કારણ તે જણાવે છે. સામાન્ય રીતે તેની વાતો પર ધ્યાન આપવાને બદલે એમ કહેવામાં આવે છે કે તે પાર્ટી છોડવાનું બહાનું બનાવી રહ્યો છે, પરંતુ કેટલીય વાત તે સાચી વાત પણ કહી રહ્યો હોય છે. દાખલા તરીકે સંજય નિરુપમનું એ કહેવું સાચું છે કે કોંગ્રેસમાં શક્તિનાં કેટલાંય કેન્દ્ર બની ગયાં છે અને રાહુલ ગાંધી તો ડાબેરી માનસિકતાવાળા લોકોથી ઘેરાઈ ગયા છે, પાર્ટી પર પણ ડાબેરીઓનો કબ્જો થઈ ગયો છે. તેમણે કોંગ્રેસ નેતાઓ દ્વારા રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહનો બહિષ્કાર કરવાનો વિષય ઉઠાવતાં એમ પણ કહ્યું કે કોંગ્રેસ ડાબેરી પક્ષોની અવધારણાવાળા એ સેક્યુલરિઝમથી ગ્રસ્ત થઈ ગઈ છે, જેમાં ધર્મ અને આસ્થાનું કોઈ મૂલ્ય કે મહત્ત્વ નથી.

નિ:સંદેહ કોંગ્રેસની જેમ કેટલાય અન્ય પક્ષોના નેતા પણ અયોધ્યા નથી ગયા, પંરતુ કોંગ્રેસના શીર્ષ નેતૃત્વએ જે રીતે ત્યાં જવાનું નિમંત્રણ ઠુકરાવ્યું, તેની કોઈ જરૂર ન હતી. એક વખતના ભાજપના આક્રમક ટીકાકાર અને કોંગ્રેસના બાહોશ પ્રવક્તા ગૌરવ વલ્લભે કોંગ્રેસ છોડવાનું કારણ ગણાવતાં કહ્યું કે તેઓ સનાતન ધર્મના વિરોધમાં નારા ન લગાવી શકે. ધ્યાન રહે કે જ્યારે દ્રમુક નેતાઓએ સનાતન ધર્મને ડેંગ્યુ, મેલેરિયા જેવો ગણાવ્યો ત્યારે કોંગ્રેસ નેતૃત્વ તેની ટીકા કરવાનું સાહસ ન કરી શક્યું. ગૌરવ વલ્લભે એમ પણ કહ્યું કે તેઓ વેલ્થ ક્રિએટર્સ એટલે કે ઉદ્યોગપતિઓને સવાર-સાંજ ગાળો ન આપી શકે. રાહુલ ગાંધી એક અરસાથી આ જ કરી રહ્યા છે અને તે પણ ત્યારે, જ્યારે તેમણે ખુદ કેટલીય મોટી કંપનીઓના શેર ખરીદી રાખ્યા છે.

એવી આશા તો ન રાખી શકાય કે કોંગ્રેસ નેતૃત્વ સંજય નિરુપમ અને ગૌરવ વલ્લભની વાતો પર ધ્યાન આપશે, પરંતુ સત્ય એ જ છે કે આ નેતાઓએ કોંગ્રેસની બીમારી જણાવવાનું કામ કર્યું છે. હવે કોંગ્રેસ નેતૃત્વએ વિચારવાનું છે કે તેણે આ બીમારી દૂર કરવી છે કે પછી વધુ નુકસાન વેઠવાની તૈયારી રાખવી છે?

---

**ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ દિવસ છે તો એ નિમિત્તે આપ સૌને ખૂબ ખૂબ વધાઈ અને મારા હાર્દિક પ્રણામ**

# ચાલો આ ચૈત્રી નવરાત્રીમાં કુંડલિની જાગરણનો સરળ અર્થ કરી જીવન સરળ બનાવીએ





**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ચૈત્ર મહિનાથી આપણું હિન્દુ સનાતન ધારાનું નવું વર્ષ શરૂ થાય છે, તેમજ મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં ગુડી પડવો એટલે કે મહારાષ્ટ્રીયનનું નવું વર્ષ પણ ચૈત્ર મહિનાથી શરૂ થાય છે શિવ અને શક્તિ બંને અભિન્ન છે અને આપણે તેમના સંતાનો છીએ**

હે મા જગત જનની જગદંબા.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે ૯ એપ્રિલ ને મંગળવાર, અને ચૈત્ર સુદ એકમ એટલે કે ચૈત્રી નવરાત્રી નો પ્રારંભ દિવસ છે. તો એ નિમિત્તે આપ સૌને ખૂબ ખૂબ વધાઈ અને મારા હાર્દિક પ્રણામ. શક્તિ ઉપાસનાનાં આ દિવસોમાં સર્વને મા જગતની જગદંબાના આશિષ પ્રાપ્ત થાય એવી એક શુભ મંગલમાં પ્રાર્થના. આપણે ત્યાં ચાર નવરાત્રી મનાવવામાં આવે છે, એમાંથી બે મુખ્ય છે, અને બે ગુપ્ત નવરાત્રી તરીકે ઓળખાય છે. મહા મહિનાની, અને અષાઢ મહિનાની નવરાત્રી ગુપ્ત નવરાત્રી છે, જ્યારે ચૈત્ર મહિનાની નવરાત્રી અને આસો એટલે કે શારદીય નવરાત્રીને મુખ્ય માનવામાં આવે છે. પરંતુ ચૈત્રી નવરાત્રી શેરીએ શેરીએ મા આદ્યશક્તિનાં મંડપ કે ગરબીની સ્થાપના થતી નથી, ચૈત્રી નવરાત્રીમાં વિશિષ્ટ પ્રકારની સિદ્ધિ હાંસલ કરવા માટેનાં મા જગદંબાના અનુષ્ઠાનો થાય છે. શક્તિ અને સિદ્ધિ આ બંનેનો સંયોગ રચીને વિશેષ કર્મો કરવા માટે લોકો આ પ્રકારની સાધનાઓ કરતા હોય છે. આ ઉપરાંત ચૈત્ર મહિનાથી આપણું હિન્દુ સનાતન ધારાનું નવું વર્ષ શરૂ થાય છે, તેમજ મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં ગુડી પડવો એટલે કે મહારાષ્ટ્રીયનનું નવું વર્ષ પણ ચૈત્ર મહિનાથી શરૂ થાય છે. શિવ અને શક્તિ બંને અભિન્ન છે, અને આપણે તેમના સંતાનો છીએ. રોજ ચિંતનની ધારા ઈશ્વર સંબોધનયથી શરૂ થાય છે, શ્રાવણ હોય ત્યારે મહાદેવ સંબોધન કરાય છે, અને નવરાત્રી હોય ત્યારે, મા જગત જનની જગદંબા, પણ અંતે તો પરમ તત્વ એક છે, અને આપણે તેમાં એકાકાર થવાનું છે. પરંતુ કાળચક્રનું પૈડું સતત ફરતું રહે છે, અને કળિયુગની અપરંપાર લીલાઓ આપણી આસપાસ એટલી હદે વિસ્તરી ચુકી છે કે, આપણે એ સત તત્વને મહેસુસ કરવા માટે સતત ચિંતન કરવું પડે છે. ચિંતનની આ ધારામાં મા આદ્યશક્તિની કેટલીય સ્તુતિઓ અને કેટલી એ શક્તિપીઠો વિશે દર વખતે અલગ અલગ ચિંતન થયું છે.

પરંતુ બાહ્ય પ્રકૃતિ કે બાહ્ય અસ્તિત્વમાં એને એટલું ઝડપથી અનુભવી શકાતું નથી. પણ એ જ તત્વ આપણી અંદર પણ છે, અને એ રીતે રહેલ શક્તિ આદ્ય શક્તિને અનુભવવા માટે આપણું જાગવું પણ એટલું જ જરૂરી છે, અને એટલે ચિંતનની ધારા આ વખતે સદગુરુ કૃપાથી કુંડલિની જાગરણની શાસ્ત્રીય પંરપરાગત વાતને આપણે આપણા વ્યવહાર જીવનમાં કંઈ રીતે વણીને જાગૃતિ પૂર્વક જીવી શકે! એ તટ પર વહેવા જઈ રહી છે! તો સૌ પ્રથમ તો આપ સૌના આશીર્વાદ ઈચ્છું છું, અને આ જીવ કંઈ એ શક્તિ જાગરણ પ્રદેશનો ભોમિયો નથી, એટલે જો કોઈ ત્રુટિ હોય તો ક્ષમા કરશો. પણ દરેક એ કક્ષાએ ન પહોંચી શકે, અને આપણા જેવા ભોગી અને સંસારી જીવનું જાગરણ અમુક કક્ષા સુધી થાય તો પણ મનુષ્ય જન્મ સફળ બની જાય ! બસ આ જ અહેતુ હેતુ છે. તો ચાલો નવ દુર્ગા નાં પ્રથમ સ્વરૂપ શૈલપુત્રી ને હૃદયથી નમન કરી થોડે અંશે જાગવાની શરુઆત કરીએ.

કુંડલીની જાગરણ એ શબ્દ બહુ પ્રચલિત છે, અને એ યોગ સિદ્ધિની અંતિમ એટલે કે પરાકાષ્ઠા દર્શાવે છે. દરેક જીવમાં આમ તો ઘણા ચક્ર હોય છે પણ સાત ચક્રો શક્તિ માટેના આવેલા છે, અને પ્રથમ ચક્ર આગળ આ શક્તિ લીંગ ફરતે કુંડલી મારીને સુષુપ્ત અવસ્થામાં પડી હોય છે, એને જાગૃત કરી અને ઉપર ઉઠાવવાની હોય છે. એક એક ચક્રમાંથી આ શક્તિ પસાર થઈને સૌથી ઉપરના ચક્ર પર પ્રસ્થાપિત કરીને વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં આવે છે. એટલે કે પ્રાણને ઉપર ઉઠાવીને છેક ઉપરના ચક્ર પર લઈ જઈને અસ્તિત્વનાં કે ઈશ્વરનાં દેવીય તત્વ સાથે એકાકાર કરી પરમ જ્યોતમાં ભેળવી તેમાં તલ્લીન થઈ જવાનું છે. યોગ એટલે જોડાવું! એટલે કે આપણી અંદર જે આત્મતત્વ છે એને પરમાત્મા સાથે જોડવાની ક્રિયાને યોગ કહેવાય છે. ભગવાન પતંજલિ ના યોગના સાત અંગો વિશે આપણે યોગ દિવસ પર ઘણી વાર લખી ચૂક્યા છીએ, અને સમાધિ અવસ્થાએ પહોંચે પછી જીવ પરમ તત્વ સાથે એકાકાર થાય છે, અને એને સમાધિ લાગી એમ કહેવાય છે. પરંતુ આપણે આધિ વ્યાધિ અને ઉપાધિમાં એટલાં ઘેરાયેલ છીએ, અને ઉપરથી આ ભોગ એ બધું સમાધિ લાગવા દેતું નથી.

આજે આપણે સાત ચક્ર વિશેની પ્રાથમિક જાણકારી, અને શાસ્ત્રીય વાત મુજબ જે સાત શરીરની વાત કરવામાં આવી છે, એને વિશે ઉપલબ્ધ જોઈશું. પછી રોજ એક એક ચક્ર વિશે વાત કરીશું, જેથી સાચું જાગરણ થાય તો રામ નવમી એ રામ તત્વને અંતરમાં જન્માવી શકીએ!

આ સાત ચક્રોના નામ આ પ્રમાણે છે (૧) મૂલાધાર ચક્ર. (૨) સ્વાધિષ્ઠાન ચક્ર. (૩). મણિપુર ચક્ર. (૪)અનાહત ચક્ર (૫) વિશુદ્ધિ ચક્ર. (૬) આજ્ઞાચક્ર, (૭) સહસ્રાર ચક્ર. ક્યાંક ષડ્ ચક્રો તો ક્યાંક અષ્ટ ચક્રોનો પણ ઉલ્લેખ છે.

યોગશાસ્ત્ર એમ માને છે કે આ સ્થૂળ શરીર ઉપર બીજા છ શરીરનું આવરણ છે.પ્રાણશરીર, સુક્ષ્મ શરીર, કારણ શરીર, મહાકારણશરીર, વિરાટ શરીર અને ચૈતન્ય શરીર. કુંડલિની શક્તિ ચોથા કારણ શરીરમાં આવેલ છે.

ઉપર કહ્યું તેમ આપણી અનુભૂતિનો વિષય નથી, પણ કોઈક સિદ્ધ મુની કહે છે કે મનુષ્ય શરીરમાં સાડા ત્રણ કરોડ નાડીઓ આવેલી છે, તો કોઈ કહે છે કે ૭૨૦૦૦ નાડીઓ છે, અને એમાંથી ૧૨ મુખ્ય છે એમાં પણ ત્રણ મુખ્ય એટલે ઈડા પિંગળા અને સુષુમણા જેના દ્વારા આ યોગશક્તિને જાગૃત કરી, ઉપર ઉઠાવવામા આવે છે. જે કોઈ ત્યાં સુધી પહોંચી શક્યા હોય એ સમસ્ત સિદ્ધજનને મારા પ્રણામ, પરંતુ સદગુરુ કૃપા એ એવું સમજાય છે, કે આપણાથી આપણા પહેરણનું નાડુ પણ ઉલજી જાય તો સુલઝાવી શકાતું નથી! ત્યાં આટલી નાડીઓ અને એને સુલઝાવવામાં ભવ નીકળી જાય ! આમ પણ આ બધું વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે છે. આપણે તો એકમેકના મન સુધી પહોંચી શકાય કે સામેવાળાના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી શકીએ, તો પણ ઘણું છે! પણ હું અને તમે આપણે ન કરી શકીએ, એનો મતલબ એ નથી કે આ બધું ખોટું છે. આ ખરેખર સાચું છે, અને ભારતીય અધ્યાત્મમાં સિદ્ધ થયેલી વાતો છે. કેટલાયે ઋષિઓ મુનિઓ સિદ્ધ પુરુષ કે માતાઓ આ રીતે કુંડલીની જાગૃત કરી ચૂક્યા છે. કેટલાય બુદ્ધ પુરુષો ત્યાં સુધીની સિદ્ધિ પ્રાપ્ત કરેલાં છે, અને આવી અસંખ્ય ચેતનાઓ આજે પણ હિમાલયમાં વિચરે છે. જે ઈચ્છા મૃત્યુ અને ઈચ્છા જન્મની સિદ્ધિ સુધી પહોંચેલા છે, અને સમય આવે ત્યારે આપણી સંસ્કૃતિને ટેકો દેવા જન્મે છે, અને એટલે જ કળીનો આટલો બધો પ્રભાવ હોવા છતાં, સમયાંતરે કોઈને કોઈ બુદ્ધ પુરુષ આ ધરા પર જન્મીને, માનવતાને મરી જતી બચાવે છે. આ ઉપરાંત આપણી આસપાસમાં પણ સામાન્ય પહેરવેશ અને સામાન્ય રીતે જીવતા કેટલાય મહાપુરુષો હશે, જેમણે કોઈને કોઈ રીતે પોતાનામાં આ શક્તિને જાગૃત કરી છે. ચાહે યોગથી હોય કે ભક્તિથી હોય કે સંયોગથી હોય. તો તૈયાર થઈ જાઓ આવતીકાલથી આપણે આ સાતેય ચક્રોની શાસ્ત્રીય વાતો કરી, આમ માનવી એને કઈ રીતે મુલવી શકે છે, એ વિશે ચિંતન કરીશું. કોઈને કોઈ સ્વરૂપે મા આદ્યશક્તિ જગદંબા બસ જાગરણ કરાવે, અને વિશ્વમાં શાંતિની સ્થાપના થાય, એવી એક અનન્ય પ્રાર્થના મા ભગવતીને ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**નિષ્ઠાવાન મન સાથે ઓફર કરેલી પ્રાર્થનાઓ ક્યારેય નિરર્થક ન જાય જ્યારે જીવન માર્ગ પરના પરિણામો આપણી આશાની વિરુદ્ધ હોય છે**

# સ્વાર્થથી માંગણી કરવામાં આવે છે ત્યાં પ્રેમનો અંત આવે છે પ્રેમમાં સહેજ પણ સ્વાર્થ ન હોવો જોઈએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**કોઈપણ કર્મનું પરિણામ માણસના હાથમાં નથી પણ પ્રાર્થના તેના પોતાના હાથમાં છે પ્રાર્થના વ્યક્તિ ના આત્મવિશ્વાસને મજબૂત બનાવે છે અને પ્રાર્થનાની શક્તિ પર, વ્યક્તિ કર્મના માર્ગ પર રહે છે**

ગઈકાલે ફાગણ વદ અમાસને સોમવતી અમાસ તરીકે શ્રદ્ધા ભક્તિપૂર્વક ઉજવવામાં આવી. માવઠું થશે તેવી આગાહી છે ત્યારે કૃષિ પાકો પાલતુ પશુઓ સલામત સ્થળે રાખી સાવચેત રહેવા તંત્રએ એલર્ટ સૌને કર્યા છે.આજે આપણને આ એક નાની વાર્તા બોધપાઠ અને સંદેશ પ્રેરણા આપશે અને આપણને સ્વાર્થી અને પરંપરાગત ભક્તિમાંથી બહાર કાઢીને સાચા પ્રેમ અને ભક્તિ સાથે જીવનમાં આગળ વધવાનો માર્ગ બતાવશે.

વાર્તા એક સમૃદ્ધ અને સાધન સંપન્ન જોધાજીની છે. શેઠજીએ ઘણા મંદિરો અને ધમાશાળાઓ બંધાવી હતી અને તેમની જાળવણી અને જાળવણી માટે પગારદાર નોકરોને પણ રાખ્યા હતા.

હા, શેઠજીને મંદિરમાં જઈને ભક્તિ કરવાનો સમય ન મળ્યો. તેણે પોતાના નામ અને પરિવાર માટે બધું જ કર્યું હતું અને તેને તે મળ્યું પણ હતું. અહીં કૃતિ ભક્તિ ની વાત છે. અહીં વાત છે નિ:સ્વાર્થ ભક્તિની. અહીં તે લાગણીઓ અને પ્રેમ વિશે છે જે આપણા બધાને પ્રેરણા આપે છે.

ચાલો આપણે સૌ જાણીએ શ્રીમંત શેઠજીની વાર્તા.

એક દિવસ તેના ધંધામાં મોટું નુકસાન થયું જે સામાન્ય ન હતું. આખી રકમ એકસો કરોડ રૂપિયા હતી. એવી મુશ્કેલીમાં આવી ગયો કે તે પોતાનું વચન પૂરું કરી શક્યા નથી. જ્યારે કોઈ વ્યક્તિ આ દુનિયામાં કોઈ મોટી મુશ્કેલીમાં ફસાઈ જાય છે, ત્યારે જે ક્યારેય ભગવાનને યાદ નથી કરતો તે ભગવાનનું શરણ લે છે.

બસ એટલું થયું કે શેઠજીએ રાત્રે વિચાર્યું કે હવે મને કોઈ બચાવી શકે તો ભગવાન જ કરી શકે. બ્રહ્મમુહૂર્તમાં હું ભગવાનને પ્રાર્થના અને મદદ કેમ ન માંગું?

આવું વિચારીને બ્રહ્મમુહૂર્તમાં શેઠજીને ભગવાનના મંદિરમાં કોઈ વિશેષ અધિકાર સાથે પ્રવેશ કરવો જોઈએ, નહીં તો આ મંદિરમાં તેમનો પહેલો અધિકાર છે અને ભગવાન પણ તેમની વાત કેમ ન સાંભળે?' આ લાગણી મારા મનમાં ભરાઈ ગઈ.

આમ વિચારીને શેઠજી વહેલી સવારે મંદિરે પહોંચ્યા ત્યારે એક ભિખારી તેમની સામે આવીને ઊભો હતો. મંદિરના દરવાજા હજુ ખુલ્યા ન હતા. તે ભિખારીની પાછળ ઉભો રહ્યો.

મંદિરનો દરવાજો ખૂલતાંની સાથે જ શેઠજીની સામે ઊભેલો ભિખારી હાથ જોડીને ભગવાનને પ્રાર્થના કરી રહ્યો હતો - હે પ્રભુ, આજે મારા પુત્રને સખત તાવ છે, કૃપા કરીને મને એકસો રૂપિયા મળે.ભિક્ષામાં જેથી હું તેને હોસ્પિટલ લઈ જઈ શકું. હું દવા ઓ કરાવી શકું છું.મારે આના થી વધુ જોઈતું નથી. વારંવાર આજીજી કરતો હતો.

શેઠજીને લાગ્યું કે ભીખ માંગવાથી ભગવાનનું મન બગડી જશે. તેથી ભગવાન મારું સાંભળશે નહીં. આવું વિચારીને દયા ન હતી, તેનો સ્વાર્થ પણ તેનામાં હતો. ભિખારીને ભગવાનની હાજરીથી દૂર કરવા માટે, તેણે તેના ખિસ્સા માંથી ૧૦૦ (સો રૂપિયા) કાઢ્યા અને કહ્યું, 'તમારી માંગણી પૂર્ણ થઈ છે.' ભિખારી ખુશ થઈને ચાલ્યો ગયો. જ્યારે શેઠજીનો ભીખ માંગવાનો વારો આવ્યો ત્યારે તેણે હાથ જોડીને કહ્યું, હે ભગવાન, મેં પેલા ભિખારીનું કામ કર્યું અને તે સો રૂપિયાનો ગ્રાહક હતો. હવે હું તમને વિનંતી કરું છું-મારે માત્ર સો રૂપિયાની જરૂર નથી પણ સો કરોડ રૂપિયાની જરૂર છે, મહેરબાની કરીને ક્યાંકથી તેની વ્યવસ્થા કરો, હે ભગવાન, તેની વ્યવસ્થા કરો - તે વારંવાર કહી રહ્યો હતો. ભિખારી કરતાં સારું---!!

એટલામાં એક ચમત્કાર થયો કે ભગવાન એકાએક મૂર્તિમાંથી પ્રગટ થયા અને શેઠજીને કહેવા લાગ્યા-તમે મને સો રૂપિયા આપી ને ભિખારીથી છુટકારો મેળવ્યો--!!

હવે મારે તારા કરતા મોટો ભિખારી શોધવો પડશે,તે આવીને તને મારા થી છુટકારો અપાવશે.ભગવાનને પૂછવા લાગ્યા, પ્રભુ, તમે મને આ કેમ કહો છો?

ભગવાને તરત જ કહ્યું આ તમારા માટે સાચું છે.

તમે મારા મંદિરો બાંધ્યા અને પૂજારીઓ નિયુક્ત કર્યા. આ બધું હું જાણું છું. આ પાછળ તમારી ઈચ્છા હતી કે તમારી તકતી પ્રદર્શિત થાય અને તમારું નામ રોશન થાય. વાહ તમારું! વાહ! હા, એવું પણ થયું. અને તમે તે બધું મેળવ્યું.

તમારા ધંધામાં આશીર્વાદ, તમારી આવકમાં વધારો,આ બધાની પાછળ તમે એક વાત ભૂલી ગયા હતા અને તે એ કે તમે ફક્ત સ્વાર્થ અને સન્માનની ભૂખથી આ કર્યું. એમાં તમે માત્ર ભિખારી જ રહ્યા. સાચો ભક્ત નથી સાચો ભક્ત એ ભક્તિ અને નિ:સ્વાર્થતાથી ભરેલી વ્યક્તિ છે.

આજે પણ તમે મારી પાસે માત્ર એટલા માટે આવ્યા છો કારણ કે તમે તમારા ધંધામાં બહુ મોટી ખોટ સહન કરી છે અને ભક્તિથી નહીં. હું પ્રેમ અને લાગણીઓનો ભૂખ્યો છું. મને શબરીના એઠાં બોર પણ મીઠાં લાગ્યાં અને સુદામાનાં મુઠ્ઠીભર તંદુર પણ મીઠાં હતાં. કારણ કે એ બંનેમાં કામુક ભક્તિ અને નિ:સ્વાર્થ ભક્તિ હતી.

જો તમારી પાસે આત્મ-ઈચ્છાથી ભરપૂર ભક્તિ ન હોત, તો આ નુકસાન થયું ન હોત.એક ખૂબ જ નાની વાર્તાનો સાર આપણને સમજાવે છે કે જ્યાં સ્વાર્થથી માંગણી કરવામાં આવે છે ત્યાં પ્રેમનો અંત આવે છે. પ્રેમમાં સહેજ પણ સ્વાર્થ ન હોવો જોઈએ. તેથી જ કોઈએ પૂછવું જોઈએ નહીં. જો તમારે પૂછવું હોય તો ભગવાન પાસે ધીરજ અને ધીરજ માગો જેથી તમે સંકટ સમયે પણ તમારા પોતાના પર ઊભા રહી શકો.

શાસ્ત્રો અને પુરાણોમાં જુઓ કે ભગવાનને પણ વામનના રૂપમાં રાજા બલિ પાસે જવું પડ્યું.

સંત કબીરજીએ પણ એમના કંઠમાં કહ્યું છે- જો સહેલાઈથી મળે તો દૂધ મળે, માગો તો પાણી, કબીર કહે છે, એ લોહી છે.

વાચક ચાહક મિત્રો, ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનનમાં છેલ્લે ગઈકાલે સોમવતી અમાસે સૂર્ય ગ્રહણ દેશમાં ના દેખાયું પરંતુ શિવાલયોમાં ભક્તો ઊમટ્યાં પીપળાના વૃક્ષની પૂજા અર્ચના પ્રદક્ષિણા કરી મહિલાઓ ધન્યતા અનુભવતી જોવા મળી. પશુપતિ વ્રતવાળા માટે જાણે ઉત્તમ સમય રહયો.

નિષ્ઠાવાન મન સાથે ઓફર કરેલી પ્રાર્થનાઓ ક્યારેય નિરર્થક ન જાય જ્યારે જીવન માર્ગ પરના પરિણામો આપણી આશાની વિરુદ્ધ હોય છે અને આપણા હાથમાં કંઈ નથી, તો તે ક્ષણોમાં ભગવાનને કરેલી પ્રાર્થના આપણી આશાનો દીવો પ્રકાશિત કરે છે. પ્રાર્થના માટે મંદિર હોવું જરૂરી નથી, પરંતુ સ્વચ્છ મન રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. જીવનના પરિણામો હંમેશાં આપણે વિચારી એ છીએ અને જોઈએ છે તેમ આવતા નથી.

કોઈપણ કર્મનું પરિણામ માણસના હાથમાં નથી પણ પ્રાર્થના તેના પોતાના હાથમાં છે. પ્રાર્થના વ્યક્તિ ના આત્મવિશ્વાસને મજબૂત બનાવે છે અને પ્રાર્થનાની શક્તિ પર, વ્યક્તિ કર્મના માર્ગ પર રહે છે, જ્યારે તેને લાગે છે કે હવે હારની ખાતરી છે. તમે પ્રાર્થના કરવાનું શીખો છો, પ્રાર્થના તમને સંપૂર્ણ શક્તિ સાથે આગળ વધવાનું શીખવશે જ્યારે મહાન નિરાશાના વાદળો તમારી આસ પાસ ફરતા હોય. અસ્તુ.

### દીપિકાના મસ્તાની ગીતે રચી દીધો ઈતિહાસ

# ધ એકેડેમીના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ ઉપર છવાઈ દીપિકા પાદુકોણ

દીપિકા પાદુકોણની સાથે તેના ચાહકોને પણ એક શાનદાર સરપ્રાઈઝ મળી હતી. ધ એકેડમીના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલએ તેના પેજ પર રણવીર સિંહ અને પ્રિયંકા ચોપરા સ્ટારર ફિલ્મના એક ગીતને મોટું સમ્માન મળ્યું છે. જેનો વીડિયો ઓફિશિયલ પેજ પર શેર કરી અભિનેત્રીને સરપ્રાઈઝ આપી છે બોલિવુડની ક્વિન દીપિકા પાદુકોણનો ફરી એકવાર જાદુ ચાલ્યો છે. ૨૦૧૫માં રિલીઝ થયેલી દીપિકા પાદુકોણ અને રણવીર સિંહની ફિલ્મ બાજીરાવ મસ્તાની આજે પણ સુપરહિટ છે. આ ફિલ્મમાં દીપિકા અને રણવીર સિંહ લીડ રોલમાં જોવા મળ્યા હતા અને બંનેએ પોતાની એક્ટિંગથી બધાનું દિલ જીતી લીધું હતું.

દીપિકા પાદુકોણ આ દિવસોમાં પોતાની પ્રેગ્નન્સીને લઈને ચર્ચામાં છે. આ દરમિયાન એકેડેમી એવોર્ડ્સમાં અભિનેત્રી દીપિકાને સરપ્રાઈઝ આપવામાં આવ્યું છે. રણવીર સિંહ અને દીપિકાએ દીવાની મસ્તાની ગીતનો મ્યુઝિક વીડિયો શેર કરીને ફિલ્મ વિશે કેટલીક વિગતો શેર કરી છે, જેના પછી અભિનેત્રીના ફેન્સની પ્રતિક્રિયા સોશિયલ મીડિયા પર જોવા મળી રહી છે.એકેડમી એવોર્ડ્સે દીપિકાને આપી સરપ્રાઈઝ રણવીર સિંહ અને દીપિકા પાદુકોણની સુપરહિટ ફિલ્મ 'બાજીરાવ મસ્તાની'ને ૨૦૨૪માં ૯ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે. આ ફિલ્મે લગભગ ૩૫૬.૨ કરોડ રૂપિયાની કમાણી કરી છે અને ભારતમાં લગભગ ૩૫૪ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ ફિલ્મને રિલીઝ થયાને ૯ વર્ષ થઈ ગયા છે, તો એકેડમી એવોર્ડ્સે દીપિકાને સરપ્રાઈઝ આપ્યું છે, જેના પર પતિ રણવીર સિંહે પણ પ્રતિક્રિયા આપી છે. રણવીર સિંહ અને દીપિકા પાદુકોણની સુપરહિટ ફિલ્મ 'બાજીરાવ મસ્તાની'ને ૨૦૨૪માં ૯ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે. દરમિયાન,



ધ એકેડમીના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલએ તેના પેજ પર ફિલ્મના સૌથી લોકપ્રિય ગીત દીવાની મસ્તાનીનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં દીપિકા પાદુકોણનો ડાન્સ જોઈ શકાય છે. સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'બાજીરાવ મસ્તાની'ના નઝર જો તેરી લગી મેં દીવાની હો ગયીપ ગીતે ૯ વર્ષ પૂરા કરતા પહેલા એક નવો ઈતિહાસ રચ્યો છે. ધ એકેડમીના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મ 'બાજીરાવ મસ્તાની'નું 'દીવાની મસ્તાની' ગીત શેર કરતી વખતે લખવામાં આવ્યું હતું કે, 'શ્રેયા ઘોષાલે આ ગાયું છે. 'દીવાની મસ્તાની' ફિલ્મ નિર્માતા સંજય લીલા ભણસાલીની 'બાજીરાવ મસ્તાની'નું એક હિટ ટ્રેક છે, જેમાં રણવીર સિંહ અને પ્રિયંકા ચોપરા સહ-કલાકાર હતા. દીપિકા પાદુકોણના પતિ રણવીર સિંહે પણ આ વીડિયોના કોમેન્ટ બોક્સમાં કોમેન્ટ કરી છે. અને તેણે લખ્યું છે.- મંત્રમુગ્ધ.

**રશ્મિકા મંદાનાના જન્મદિવસ પર, 'પુષ્પા ૨'ના નિર્માતાઓએ શ્રીવલ્લીનો ફર્સ્ટ લુક શેર કર્યો છે**

## એકેડમી એવોર્ડ્સે દીપિકા પાદુકોણને સરપ્રાઈઝ આપ્યું

બોલિવુડની ક્વિન દીપિકા પાદુકોણનો ફરી એકવાર જાદુ ચાલ્યો છે. ૨૦૧૫માં રિલીઝ થયેલી દીપિકા પાદુકોણ અને રણવીર સિંહની ફિલ્મ બાજીરાવ મસ્તાની આજે પણ સુપરહિટ છે. આ ફિલ્મમાં દીપિકા અને રણવીર સિંહ લીડ રોલમાં જોવા મળ્યા હતા અને બંનેએ પોતાની એક્ટિંગથી બધાનું દિલ જીતી લીધું હતું. દીપિકા પાદુકોણ આ દિવસોમાં પોતાની પ્રેગ્નન્સીને લઈને ચર્ચામાં છે. આ દરમિયાન એકેડેમી એવોર્ડ્સમાં અભિનેત્રી દીપિકાને સરપ્રાઈઝ આપવામાં આવ્યું છે. રણવીર સિંહ અને દીપિકાએ દીવાની મસ્તાની ગીતનો મ્યુઝિક વીડિયો શેર કરીને ફિલ્મ વિશે કેટલીક વિગતો શેર કરી છે, જેના પછી અભિનેત્રીના ફેન્સની પ્રતિક્રિયા સોશિયલ મીડિયા પર જોવા મળી રહી છે. રણવીર સિંહ અને દીપિકા પાદુકોણની સુપરહિટ ફિલ્મ 'બાજીરાવ મસ્તાની'ને ૨૦૨૪માં ૯ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે. આ ફિલ્મે લગભગ ૩૫૬.૨ કરોડ રૂપિયાની કમાણી કરી છે અને ભારતમાં લગભગ ૩૫૪ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

# ફિલ્મ 'પુષ્પા ૨'ની શ્રીવલ્લીનો ફર્સ્ટ લુક સામે આવ્યો

૨૦૨૪ની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંથી એક 'પુષ્પા ૨: ધ રૂલ'નું પહેલુ પોસ્ટર સામે આવ્યુ છે. અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદન્ના ફરી એકવાર આ ફિલ્મથી બોક્સ ઓફિસ પર ધૂમ મચાવવા માટે તૈયાર છે. ઘણા સમયથી લોકો 'પુષ્પા ૨'ની રિલીઝની રાહ જોઈ રહ્યા છે. 'પુષ્પા ૨'ના નિર્માતાઓએ ૮મી એપ્રિલે અલ્લુ અર્જુનના જન્મદિવસે ફિલ્મનું પહેલું ટીઝર રિલીઝ કરવાની જાહેરાત કરી હતી, પરંતુ તે પહેલાં જ શ્રીવલ્લીના જન્મદિવસે તેમના ચાહકોને મેકર્સે સરપ્રાઈઝ આપ્યું છે. 'પુષ્પા ૨'નો રશ્મિકા મંદાનાના ફર્સ્ટ લુકને સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો છે. શ્રીવલ્લીનો આ લુક જોઈ ફેન્સ દંગ રહી ગયા છે. 'પુષ્પા ૨'ના આ પોસ્ટરમાં રશ્મિકા શ્રીવલ્લીના પાત્રમાં ખૂબ જ દમદાર લુકમાં દેખાઈ રહી છે. રશ્મિકા મંદાનાએ લીલા રંગની સાડી પહેરી છે, આ સાથે માંથામાં સિંદૂર અને હાથમાં લીલી-લાલ બંગડીઓ પહેરેલી જોવા મળે છે.



અભિનેત્રી રશ્મિકા મંદાના તેના ગળામાં હાર, નાકમાં વીંટી અને મંગળસૂત્ર સાથેનો નેકલેસ પહેરીને ખૂબ જ જબરદસ્ત દેખાઈ રહી છે. અભિનેત્રીએ લાલ બિંદી, આંખોમાં કાજલ, લિપસ્ટિક અને બાંધેલા વાળ સાથેનો આ લુક ખરેખર ચોંકાવનારો છે. 'પુષ્પા ૨'ના આ પોસ્ટર સાથે, ફિલ્મના ટીઝર રિલીઝની ફરી એકવાર જાહેરાત કરવામાં આવી છે, જે ૮મી એપ્રિલે રિલીઝ થશે. અગાઉ, નિર્માતાઓએ 'પુષ્પા ૨'ની રિલીઝની પણ જાહેરાત કરી હતી. આ ફિલ્મ નેટફ્લિક્સ પર રિલીઝ થશે. ઓટીટી પ્લેટફોર્મે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરીને આ જાણકારી આપી છે. સોશિયલ મીડિયા પર લોકો અભિનેત્રીના લુકને ખૂબ પસંદ કરી રહ્યા છે. ટૂંક સમયમાં 'પુષ્પા ૨' નેટફ્લિક્સ પર હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડમાં ઉપલબ્ધ થશે. દિગ્દર્શક સુકુમારની ફિલ્મ 'પુષ્પા: ધ રાઈઝ' બાદ અલ્લુ અર્જુન, રશ્મિકા મંદન્ના અને ફહાદ ફાસિલ આ સુપરહિટ ફિલ્મ 'પુષ્પા ૨: ધ રૂલ'ની સિક્વલમાં તેમની ભૂમિકાઓ ફરી કરતા જોવા મળશે. 'પુષ્પા ૨' પણ હવે વર્લ્ડ બોક્સ ઓફિસ પર કરોડોની બમ્પર કમાણી કરવા માટે તૈયાર છે.

# "હું બધું અવગણીને મારા કામ પર ફોકસ કરવા માંગુ છું": કૃતિ સેનન

કૃતિ સેનનની આ વર્ષે બે ફિલ્મો રિલીઝ થઈ છે. બંને ફિલ્મોને દર્શકોનો પ્રેમ મળ્યો. તે 'ક્રુ'માં કરીના કપૂર અને તબ્બુ સાથે જોવા મળી હતી. હાલમાં જ કૃતિએ બોલિવૂડ ઈન્ડસ્ટ્રી વિશે વાત કરી હતી. તે માને છે કે ઈન્ડસ્ટ્રીમાં કોઈ કોઈને સપોર્ટ કરતું નથી. જો દરેક વ્યક્તિ દિલથી એકબીજાને સપોર્ટ કરશે તો બોલિવૂડ ઈન્ડસ્ટ્રી એક અલગ સ્તરે પહોંચી જશે. જો કે, તે એમ પણ માને છે કે હવે વસ્તુઓ પહેલા કરતા ઘણી સારી થઈ રહી છે. પરંતુ હજુ પણ અછત છે. કૃતિ સેનને કહ્યું કે તેને શંકા છે કે લોકો જ્યારે સારું કરે છે ત્યારે ખરેખર તેના માટે ખુશ હોય છે કે નહીં. કૃતિ સેનને એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, "જો આપણે એક થવાનું અને એકબીજાને ટેકો આપવાનું શરૂ કરીએ તો આપણે બીજે ક્યાંક હોઈશું. એકબીજાને ટેકો આપવો, એકબીજાને સારું લાગે, તાળીઓ પાડવી અને એકબીજાની પ્રશંસા કરવી. મને અહીં એટલી એકતા દેખાતી નથી. મને ખબર નથી કે જ્યારે કોઈ ફિલ્મ સારી રીતે કામ કરે છે ત્યારે કેટલા લોકો ખરેખર ખુશ થાય છે, પરંતુ મને લાગે છે કે તે થોડો બદલાઈ રહ્યો છે, ઓછામાં ઓછું, હું આશા રાખું છું કે ભવિષ્યમાં વસ્તુઓ બદલાશે. આ સિવાય જ્યારે તેને પૂછવામાં આવ્યું કે ફિલ્મોમાં કામ ન કરવા માટે ઘણીવાર અભિનેત્રીને દોષી ઠેરવવામાં આવે છે?



### શેખર ટેકનોલોજીને જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા

# 'મિસ્ટર ઈન્ડિયા'માં વંદાને રમ પીવડાવીને અભિનય કરાવ્યો હતો : શેખર કપુર

બોલિવુડ દિગ્દર્શક અને ફિલ્મ પ્રોડ્યુસર બોની કપુરે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે 'મિસ્ટર ઈન્ડિયા' ફિલ્મની સિક્વલ લાવવાનો પ્લાન ચાલી રહ્યો છે. હવે શેખર કપુરે આ ફિલ્મ સાથે જોડાયેલી કેટલીક રસપ્રદ વાતો જણાવી છે. શેખર કપુરે જણાવ્યું કે સિનેમેટોગ્રાફર બાબા આઝમીની સાથે મળીને તેમણે વંદા પાસે પણ અભિનય કરાવ્યો હતો. હકીકતમાં એક સીનમાં વંદો શ્રીદેવીની પાછળ ભાગે છે અને શ્રીદેવી તેનાથી ડરતી હોય છે. શેખર કપુરે જણાવ્યું કે એ વંદો અસલી હતો અને તેને ઓલ્ડ મોન્ક રમ પીવડાવ્યો હતો.

શેખરક કપુરે વધુમાં જણાવ્યું કે, એ સીનમાં કોક્રોચ પણ નશામાં હતો. હું અને બાબા આઝમી વિચારી રહ્યા હતા કે કોક્રોચ પાસે એક્ટિંગ કેવી રીતે કરાવવામાં આવે. અમને ઓલ્ડ મોન્ક રમની બોટલ લાવવાનો વિચાર આવ્યો. અમે થોડીક રમ વંદા સામે ઢોળી દીધી. અમને લાગ્યું કે એ પીને એક્ટિંગ કરશે. અમને હકીકતમાં લાગ્યું કે તેણે રમ પી લીધો છે. કદાચ તેને ઓલ્ડ મોન્ક રમ પસંદ આવી હતી. ઉલ્લેખનીય છે કે બોની કપુર અનેક ઈન્ટરવ્યુમાં કહી ચુક્યા છે કે મિસ્ટર ઈન્ડિયાની સિક્વલ પર કામ ચાલી રહ્યું છે.

ફેબ્રુઆરીમાં શેખર કપુરે રસપ્રદ ટ્વીટ કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું ૧૧મું ધોરણ પાસ તેમનાં નોકર નિલેશે એઆઈની મદદથી મિસ્ટર ઈન્ડિયા-૨ની સ્ક્રિપ્ટ લખી નાખી હતી. શેખર કપુરે વધુમાં કહ્યું કે નીલેશની ઉંમર ફક્ત ૧૮ વર્ષની છે. તે આગળ અભ્યાસ કરવા ઈચ્છતો નથી. શેખર ટેકનોલોજીને જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા.




**બોની કપુરે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે 'મિસ્ટર ઈન્ડિયા' ફિલ્મની સિક્વલ લાવવાનો પ્લાન ચાલી રહ્યો છે**

### ૧૯ એપ્રિલના રોજ રિલીઝ થશે 'દો ઔર દો પ્યાર'

# 'દો ઔર દો પ્યાર'માં વિદ્યા બાલનની દમદાર એક્ટિંગ



બોલિવૂડની સુપર ટેલેન્ટેડ વિદ્યા બાલન છેલ્લા ઘણાં સમયથી સ્ક્રીનથી દૂર છે, પરંતુ એક્ટ્રેસ હવે જલદી પડદા પર પોતાની એક્ટિંગથી કમબેક કરશે. વિદ્યા બાલન રોમેન્ટિક કોમેડી ફિલ્મ દો ઔર દો પ્યારથી ફેન્સને એન્ટરટેનમેન્ટ કરાવવા માટે તૈયાર છે. આ ફિલ્મમાં વિદ્યા બાલનની સાથે પ્રતીક ગાંધી, ઈલિયાના ડિક્રૂજ અને સેંધિલ લીડ રોલમાં છે. પ્રતીક ગાંધી, વિદ્યા બાલનની ભૂમિકામાં નજરે પડવાના છે. ફેન્સ આ ફિલ્મ માટે સુપર એક્સાઈટેડ છે. જો કે ફિલ્મને રિલીઝ થવામાં થોડો સમય બાકી છે ત્યાં ફેન્સ ફિલ્મ માટે સુપર એક્સાઈટેડ છે. જો કે આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થઈ ગયુ છે. આ ફિલ્મ સોશિયલ મિડીયામાં છવાઈ ગયુ છે.જાણો કેવુ છે ફિલ્મનું ટ્રેલર? 'દો ઔર દો પ્યાર'નું ટ્રેલર રિલીઝ થઈ ગયુ છે. આ ટ્રેલરની શરૂઆત વિદ્યા અને પ્રતિકના ઝઘડાથી શરૂ થાય છે. ત્યારબાદ પ્રતીક ગાંધી ઈલિયાનાની સાથે એક્સ્ટ્રા મેરિટેલ અફેર કરી બેસે છે. જ્યારે બીજી બાજુ વિદ્યાને સેંધિલ સાથે પ્રેમ થઈ જાય છે. પરંતુ કહાનીમાં ટ્વિસ્ટ ત્યારે આવે છે ત્યારે ફરી એક વાર વિદ્યા અને પ્રતીક એકબીજાના પ્રેમમાં પડે છે. ત્યારબાદ ફિલ્મની કહાનીમાં ટ્વિસ્ટ આવે છે. ટ્રેલર જોતા એવું લાગી રહ્યું છે કે મુવીમાં ફૂલ ટૂ એન્ટરટેનમેન્ટનો તડકો હશે. વિદ્યા બાલનને આ રોલમાં જોવી એ પણ એક ફેન્સ માટે એન્ટરટેનિંગ હશે. જો કે ફેન્સને મુવીનું ટ્રેલર ખૂબ પસંદ પડી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે 'દો ઔર દો પ્યાર' ફિલ્મ મલ્ટીપ્લેક્સમાં ૧૯ એપ્રિલના રોજ રિલીઝ થશે. રોમેન્ટિક-કોમેડી ફિલ્મનું ડાયરેક્શન શ્રીષા ગુહા થાકુરતાએ કર્યુ છે. આ ફિલ્મ લવ, લાફ્ટર અને મોર્ડન સંબંધોના કોમ્પલીકેશનનું સેલિબ્રેશન છે.




### સુપરહિટ ફિલ્મ 'ઈન્ડિયન'ની સિક્વલ

# કમલ હાસને રિલીઝ કર્યુ 'ઈન્ડિયન ૨'નું દમદાર પોસ્ટર

કમલ હાસન સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સૌથી મોટા સ્ટાર્સમાંના એક છે અને તે ઘણી મોટી ફિલ્મોનો હિસ્સો રહી ચુક્યો છે અને તેની ફેન ફોલોઈંગ પણ મોટી છે. એવામાં હવે એમના ચાહકો લાંબા સમયથી તેની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ઈન્ડિયન ૨' વિશે દરેક અપડેટની રાહ જોઈ રહ્યા હતા, જે હવે સમાપ્ત થઈ ગઈ છે. અભિનેતા હવે આ ફિલ્મ માટે સંપૂર્ણપણે તૈયાર છે. આ ફિલ્મ ૧૯૯૬માં રિલીઝ થયેલી તેમની સુપરહિટ ફિલ્મ 'ઈન્ડિયન'ની સિક્વલ છે. કમલ હાસનના ચાહકો તેની આગામી ફિલ્મ 'ઈન્ડિયન ૨'ની રિલીઝને લઈને ખૂબ જ ઉત્સાહિત છે અને તેને થિયેટરમાં જોવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ બધી ચર્ચાઓ વચ્ચે કમલ હાસને આખરે ફિલ્મનું નવું દમદાર પોસ્ટર રિલીઝ કર્યુ છે. પોસ્ટર જોયા પછી સ્પષ્ટ થાય છે કે ૨૮ વર્ષ પછી પણ આ કમાન્ડર ભ્રષ્ટાચાર અને અન્યાય સામે અથાક લડાઈ માટે સંપૂર્ણપણે તૈયાર છે. શેર કરેલ આ પોસ્ટરને ખૂબ પસંદ કરવામાં આવી રહ્યું છે.આ પોસ્ટ શેર કરતી વખતે કમલ હાસને કેપ્શનમાં લખ્યું, 'સેનાપતિની વાપસી માટે તૈયાર થઈ જાઓ! 'ઈન્ડિયન ૨' આ જૂનમાં સિનેમાઘરોમાં આવવા માટે તૈયાર છે.' આટલું જ નહીં, આ પોસ્ટરને જોયા પછી, ફિલ્મને લઈને ચાહકોની ઉત્તેજના ઘણી વધી ગઈ છે અને હવે તેઓ ફિલ્મની રિલીઝની રાહ જોઈ રહ્યા છે.જાણીતું છે કે કમલ હાસનની 'ઈન્ડિયન ૨'ની જાહેરાત વર્ષ ૨૦૧૮માં કરવામાં આવી હતી, ત્યારબાદ આ ફિલ્મ સતત સમાચારોમાં રહી છે. ફિલ્મનું શૂટિંગ ૨૦૧૯માં શરૂ થયું હતું, પરંતુ બજેટ સહિત વિવિધ કારણોસર અને સેટ પર એક દુર્ઘટના જેમાં ક્રૂ મેમ્બરનું મૃત્યુ થયું હતું, ફિલ્મનું શૂટિંગ લાંબા સમય સુધી રોકી દેવામાં આવ્યું હતું.જે પછી ફિલ્મનું શૂટિંગ શરૂ થયું હતું. ફિલ્મ કોવિડને કારણે નોંધપાત્ર રીતે પ્રભાવિત થઈ હતી. હવે, અહેવાલો અનુસાર, ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થવાના આરે છે. જો આપણે આ ફિલ્મ 'ઈન્ડિયન ૨' માં જોવા મળેલા કલાકારોની વાત કરીએ તો, કમલ હાસન સાથે, સિદ્ધાર્થ, કાજલ અગ્રવાલ, રકુલ પ્રીત સિંહ, સમુતિરકાની, બોબી સિમ્હા અને પ્રિયા ભવાની શંકર સહિતના ઘણા મોટા કલાકારો જોવા મળશે. છે. અહેવાલ મુજબ, શંકરે દિવંગત અભિનેતા વિવેક અને નેદુમુદી વેણુને સીજીઆઈ અને બોડી ડબલ્સ દ્વારા ઓન-સ્ક્રીન દર્શાવવાનો પ્રયાસ પણ કર્યો છે, જેના માટે ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે.

**કમલ હાસનના ચાહકો તેની આગામી ફિલ્મ 'ઈન્ડિયન ૨'ની રિલીઝને લઈને ખૂબ જ ઉત્સાહિત છે**

### સનાએ ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ'માં અંજલિનું પાત્ર ભજવ્યું હતું

# સલમાન ખાનના શોમાં જોવા મળશે શાહરુખ ખાનની 'દીકરી'



સલમાન ખાનનો વિવાદાસ્પદ શો બિગ બોસ ૧૭ પૂરો થતાંની સાથે જ દરેક લોકો તેની આગામી સિઝન એટલે કે બિગ બોસ ૧૮ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ સાથે જ બધા બિગ બોસ બિગ બોસ ઓટીટી ૩ની પણ રાહ જોઈ રહ્યા છે. આ દિવસોમાં આ શોને લઈને ઘણી હાઈપ ચાલી રહી છે. આ શોમાં ભાગ લેવા માટે ઘણા નામો ચર્ચામાં છે. હવે આ શોને લઈને નવા અપડેટ્સ સામે આવી રહ્યા છે. દરમિયાન, હવે બિગ બોસ ઓટીટી ૩માં જોડાવા માટે વધુ એક નામ હેડલાઈન્સમાં છે. આ સ્ટારનું શાહરૂખ ખાન સાથે ખાસ કનેક્શન છે. કહેવામાં આવી રહ્યું છે કે શાહરૂખ ખાનની ઓનસ્ક્રીન દીકરી એટલે કે સના સઈદ પણ જોવા મળી શકે છે. સનાએ ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ'માં અંજલિનું પાત્ર ભજવ્યું હતું. એક અહેવાલ અનુસાર, શો માટે બિગ બોસ બિગ બોસ ઓટીટી ૩ ના નિર્માતાઓ દ્વારા સનાનો સંપર્ક કરવામાં આવ્યો છે. આ પહેલા પણ શોના મેકર્સે બિગ બોસ ૧૭ માટે સનાનો સંપર્ક કર્યો હતો, પરંતુ તે સમયે સના શોનો ભાગ બનવા માંગતી ન હતી.જોકે, આ વખતે સના શોમાં ભાગ લેવા માટે રસ દાખવી રહી છે. જો બધું બરાબર રહેશે તો તમે સનાને સલમાનના શોમાં જોઈ શકશો. જો કે હજુ સુધી આ મામલે સના તરફથી કોઈ માહિતી સામે આવી નથી. જણાવી દઈએ કે સલમાન ખાનનો શો 'બિગ બોસ ઓટીટી ૧' ટીવી અભિનેત્રી દિવ્યા અગ્રવાલ જીત્યો હતો. તે જ સમયે, તેની બીજી સીઝન એટલે કે 'બિગ બોસ ઓટીટી ૨' યુટ્યુબર એલ્વિશ યાદવે જીતી હતી. સના સઈદ ઘણા વર્ષોથી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહી છે. સનાએ 'બાબુલ કા આંગન છોટે ના', 'ખતરોં કે ખિલાડી', 'નચ બલિયે', 'લો હો ગઈ પૂજા ઈસ ઘર કી' જેવા ટીવી શોમાં કામ કર્યુ છે.

# દાહોદ જિલ્લાનું બુથ સંમેલન ઝાલોદ નગરમાં ગોયલ પેલેસ ખાતે સી.આર. પાટીલની આગેવાની હેઠળ યોજાયું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ભાજપ ગુજરાતના પ્રમુખ સી.આર. પાટીલ દ્વારા આજરોજ તારીખ ૦૮-૦૪-૨૦૨૪ સોમવારના રોજ દાહોદ જિલ્લાનું ભાજપનુ બુથ સમ્મેલન ઝાલોદ મુકામે ગોયલ પેલેશ ખાતે યોજવામાં આવ્યું હતું. આ બુથ સમ્મેલનમાં દાહોદ જિલ્લા માથી તમામ બુથ પ્રમુખો તેમના કાર્યકર્તાઓ સાથે હાજર રહેલ હતા. આ બુથ સમ્મેલનમાં આસરે ૩૦૦૦ થી વધુ બુથ પ્રમુખો ઉપસ્થિત રહેલ હતા.

ગુજરાત ભાજપના પ્રમુખ સી.આર.પાટીલ અંદાજીત ૧૧:૧૫ વાગ્યાના સમયે હેલિકોપ્ટર દ્વારા ઝાલોદ મુકામે ગોયલ પેલેશ ખાતે આવી પહોંચેલ હતા. પ્રોગ્રામ નિયત સમય કરતા મોડો ચાલુ થયેલ હતો. સી.આર.પાટીલ દ્વારા ઉપસ્થિત સૌ ભાજપના બુથ પ્રમુખ, પેજ પ્રમુખ, શક્તિ કેન્દ્રના પ્રમુખો તેમજ દાહોદ જિલ્લાના તમામ અગ્ર હરોળના ભાજપના નેતાઓને સંબોધન કરતા કહેલ કે આ વખતે દાહોદ જિલ્લાના સાંસદ તરીકે જશવંતસિંહ ભાભોરને ૫,૦૦,૦૦૦ કરતા વધુ વોટો થી જીતાડવાના છે અને જો વધુ આકરી મહેનત કરશો તો સામે પક્ષે ઉભા રહેનાર તમામ ઉમેદવારોની ડીપોઝીટ જપ્ત થઈ જાય તે રીતનું કાર્ય દરેક બુથ પ્રમુખોએ કરવાના છે. ભારતના વડાપ્રધાન નરેંદ્ર મોદીના ગેરંટીમા દરેક ભારતીયોને વિશ્વાસ મૂક્યો છે તેમજ નરેન્દ્ર મોદી દ્વારા કરાયેલ દરેક કાર્યો મતદારો સુધી લઈ જવાનું કામ બુથ પ્રમુખોનુ છે. નરેન્દ્ર મોદીના જન કલ્યાણ કાર્યોમાં મતદાતાઓ એ વિશ્વાસ મૂક્યો છે. દરેક મતદારોને મતદાન સુધી લઈ જવાનું કામ બુથ પ્રમુખ, પેજ પ્રમુખોનુ છે. ભાજપના વિજયમાં બુથ પ્રમુખો, પેજ પ્રમુખોના સભ્યોનો સિંહ ફાળો છે.

૧૦૦૦ મતનો માલિક એટલે બુથ પ્રમુખ કહેવાય છે તેમજ બુથ પ્રમુખના નેજાં હેઠળ ૧૩ થી વધુ કાર્યકર્તાની કમેટી હોય છે. બુથ પ્રમુખ દ્વારા સોંપેલી કામગીરી દરેક ભાજપના કાર્યકર્તાઓએ નિષ્ઠા થી કરવાની છે. બુથ પ્રમુખ મીટીંગ યોજી પોતાના વિસ્તારને વધુ મજબૂત બનાવે તેમજ જે બુથમા ભાજપને ઓછા મત મળે છે ત્યાં વધુ સક્રિયતા થી કામગીરી કરી તે બુથને પ્લસમા લેવાના છે.

છેલ્લે ભાજપ દ્વારા મળેલ માહિતી મુજબ કોંગ્રેસના ૫૦૦ થી વધુ કાર્યકરોએ સી.આર. પાટીલના હસ્તે ભાજપનો ખેસ પહેર્યો હતો. આજના બુથ સંમેલનમાં દરેક ઉપસ્થિત બુથ પ્રમુખ તેમજ કાર્યકર્તાઓ પાસે જસવંતસિંહ ભાભોરને ૫૦૦૦૦૦ થી વધુ લીડ થી જીતાડવાનો સંકલ્પ લેવડાવવામા આવ્યો હતો.

# ઝાલોદ તાલુકાના મુનખોસલા રોડ પર ગેરકાયદેસર દારૂનો જથ્થો ઝડપી પાડતી એલ.સી.બી દાહોદ પોલીસ

## ૪૯૫૦૦ ના દારૂ સાથે બે ઈસમોની અટકાયત કરાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

આવનાર લોકસભાની ચુંટણી તેમજ લગ્નસરાની સિઝનને અનુલક્ષીને દાહોદ જિલ્લા અધિક્ષક ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો પર સતત વોચ રાખી ગુનેગારોને ઝડપી પાડવા સતત પ્રયત્નશીલ શીલ છે. તે અનુલક્ષી દાહોદ જિલ્લા અધિક્ષકની સૂચના મુજબ ઝાલોદમા એલ.સી.બી પોલીસ પેટ્રોલિંગ કરી રહેલ હતી ત્યારે બાતમી મળેલ કે રાજસ્થાન તરફથી બે એક્ટિવા પર ગેરકાયદેસર રીતે દારૂનો જથ્થો લઈને આવી રહેલ છે.

માહિતી મુજબ બંબેલા ઘાવડીયા બાજુથી મુનખોસલા આવતા રસ્તે બે એક્ટિવા આવતા તેને રોકી કોર્ડન કરી તપાસ હાથ ધરવામાં આવેલ હતી તપાસ હાથ ધરાતા થેલા માથી તેમજ મોટરસાયકલની ડીકી માથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવેલ હતું.

દાહોદ એલ.સી.બી દ્વારા બંને એક્ટિવા જેની આસરે ૧૦૦૦૦૦ કિંમત તેમજ તેમની પાસેથી મળેલ વિદેશી દારૂ જેની અંદાજિત કિંમત ૪૯૫૦૦ સાથે ૧૪૯૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી બે ઈસમોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# કાંકરેજ તાલુકાના વડા સાંપરિયા વાસ પ્રા. શાળામાં ધોરણ-પાંચના બાળકોનો દિક્ષાન્ત સમારોહ યોજાયો


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૮ ।

કાંકરેજ તાલુકાના વડા સાંપરિયાવાસ પ્રાથમિક શાળા ખાતે ધોરણ -૫(પાંચ)ના બાળકો નો દિક્ષાન્ત સમારોહ યોજાયો હતો શાળાના આચાર્ય પ્રવીણ ભાઈ સી.માધુએ વિદાય લેતા બાળકોને આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે તમામ બાળકો પૂર્ણ સમયનું શિક્ષણ મેળવી ઉત્તરોત્તર પ્રગતિના સોપાનસર કરે .વિદાય લેતા બાળકોએ પોતાના પ્રતિભાવો રજૂ કરી ભાવવિભોર બન્યા હતા. તેમણે શાળાને સરસ્વતી માતાનો ફોટો ભેટ આપેલ તેમજ, મા મસાલા ભંડાર પરિવાર તરફથી પણ સરસ્વતી માતાજીની બેઠકવાળી ખુરશી શાળાને ભેટમાં આપવામાં આવી હતી. એમ.ડી.એમ.સંચાલક ગંભીરજી અટુંબીયા દ્વારા પુરી-શાકનું સ્વાદિષ્ટ ભોજન આપવા માં આવ્યું હતું. શાળાના શિક્ષક બી.કે. સોલંકી અને એમ. યુ.ઝાલા એ પ્રસંગને દિપાવવા સુંદર આયોજન કર્યું હતું.

### જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેની ઉપસ્થિતિમાં

# ૬ વિધાનસભા બેઠકના ૧૬૭૨ મતદાન મથકો માટે EVM અને VVPATની ફાળવણી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ ને સંદર્ભે દાહોદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ સ્તરે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આગામી ૭ મે ના રોજ મતદાન થવાનું હોવાથી કોઈ પણ બૂથ પર વોટીંગ સંબધિત સમસ્યા ન સર્જાય અને દાહોદ જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે ચૂંટણી તંત્રએ આગોતરૂં આયોજન કર્યું છે. ત્યારે દાહોદ જિલ્લા સેવા સદનના સભાખંડ ખાતે શનિવારે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને તેમજ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ઈવીએમ અને વીવીપેટનું પ્રથમ કોમ્પ્યુટરાઈઝડ રેન્ડમાઈઝેશન કરવામાં આવ્યું હતું. અને ત્યાર બાદ દાહોદ જિલ્લામાં ૦૬ વિધાનસભા દીઠ ઈવીએમ અને વીવીપેટની ફાળવણી કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. જિલ્લાના ચૂંટણી તંત્ર દ્વારા વેરહાઉસ ખાતે સંગ્રહિત રેન્ડમાઈઝ કરાયેલાં ઈવીએમ-વીવીપેટ જિલ્લાની ૦૬ વિધાનસભાઓના મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ (એ.આર.ઓ)ને સુપ્રત કરવામાં આવ્યા હતા.તેમજ આ ઈવીએમ જે-તે વિધાનસભાના મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા સ્ટ્રોંગ રૂમમાં સંગ્રહ કરવામાં આવ્યા. નોંધનીય છે કે, જિલ્લા



ચૂંટણી તંત્ર દ્વારા કોમ્પ્યુટરાઈઝડ રેન્ડેમાઈઝેશન દ્વારા દાહોદ લોકસભા બેઠક હેઠળની જિલ્લાની ૬ વિધાનસભા બેઠકોમાં ૧૬૭૨ મતદાન મથકો ખાતે મૂકવા માટેના ઈવીએમ અને વીવીપેટની ફાળવણી કરવામાં આવી હતી. તેમજ આ તમામ વિધાનસભા બેઠકોમાં ફાળવવામાં આવેલા મતદાન યંત્રો-વીવીપેટના સુરક્ષિત સંગ્રહ માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તથા સી.સી.ટીવી કેમેરા સાથે સ્ટ્રોન્ગ રૂમો ઉભા કરવામાં આવ્યા છે.

ઈવીએમમાં બેલેટ યુનિટ અને કન્ટ્રોલ યુનિટ એમ બે એકમોનો સમાવેશ થાય છે. ફર્સ્ટ રેન્ડમાઈઝેશન દરમિયાન ચૂંટણી પંચે ઠરાવેલા ધારાધોરણો પ્રમાણે પ્રત્યેક વિધાનસભા ક્ષેત્રના કુલ મતદાન મથકોની સંખ્યાના ૧૨૫ ટકા લેખે BU- બેલેટ યુનિટ, ૧૨૫ ટકા લેખે CU- કન્ટ્રોલ યુનિટ અને ૧૩૫ ટકા વીવીપેટ તકેદારીનાં ભાગરૂપે ફાળવણી કરવામાં આવી હતી.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી દ્વારા વિદ્યાર્થી JNV મેરીટમાં આવતા સંચાલક દ્વારા પુસ્તક આપીને શુભેચ્છા પાઠવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય - એકલવ્ય તાલીમ કેન્દ્રો કાર્યરત છે. જેમાં અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવવામાં આવે છે.

ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક શ્રી દિલીપ કુમાર એચ મકવાણાના માર્ગદર્શન અને તાલીમ દ્વારા ભુરીયા ક્રણરાજ - મુ.સુરપુર તા.સિંગવડ નવોદય પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી દ્વારા પુસ્તક આપીને સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ તાલીમ વર્ગના વિદ્યાર્થીઓને ચોકલેટો આપવામાં આવી હતી. ન્યુ પાર્થ નવોદય - એકલવ્ય તાલીમ વર્ગ સુખસરથી રાજુભાઈ મકવાણા અને મોરા નવોદય - એકલવ્ય તાલીમ વર્ગથી સંગાડા અશ્વિનભાઈ દ્વારા હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. ઉતરોતર શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિ કરતા રહો એવા શુભ આશિષ શ્રી દિલીપકુમાર મકવાણાએ પાઠવ્યા હતા.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે ખાસ 'પ્લાસ્ટિક મુક્ત સાયન્સ સિટી' અભિયાન હાથ ધરાયું



। અમદાવાદ, તા.૮ ।

ગુજરાત સાયન્સ સિટી ખાતે કાર્યરત નેચર ક્લબ ઈકો લાઈફ દ્વારા પર્યાવરણની જાળવણી અંગે જાગૃતિ ફેલાવવા માટેના ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું રહે છે. જે અંતર્ગત, ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી જે.બી. વદરના માર્ગદર્શન હેઠળ સોમવારે ૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ ખાસ 'પ્લાસ્ટિક મુક્ત ગુજરાત સાયન્સ સિટી' અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાનમાં સાયન્સ સિટીના તમામ અધિકારીઓ/કર્મચારીઓ સહિત હાઉસ કીપિંગ ટીમ, ગાર્ડનિંગ ટીમ, સિક્યુરિટી ટીમ, ફાયર વિભાગની ટીમ જોડાઈ હતી. એક્વેટિક ગેલેરી, રોબોટિક્સ ગેલેરી, પ્લેનેટ અર્થ, નેચર પાર્ક, હોલ ઓફ સ્પેસ/ સાયન્સ, લાઈફ સાયન્સ પાર્ક સહિતની વિવિધ ગેલેરીઓ, પાર્કિંગ તેમજ સમગ્ર સાયન્સ સિટી કેમ્પસ ખાતે પડેલા પ્લાસ્ટિક વેસ્ટને એકત્ર કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે ગુજરાત સાયન્સ સિટી દર સોમવારે સાપ્તાહિક જાળવણી માટે મુલાકાતીઓ માટે બંધ રાખવામાં આવે છે.

# ગુજરાત ભાજપ યુવા મોરચાના પ્રમુખનાં નિવેદનથી ખળભળાટ

। વડોદરા, તા.૮ ।

ગુજરાતમાં છેલ્લા ઘણા દિવસથી પરશોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માગ ઉઠી છે. રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલી ટિપ્પણથી ક્ષત્રિય સમાજમાં ભારે આક્રોશ છે. તો બીજી બાજુ વિરોધના વંટોળ વચ્ચે અનેક રાજકીય નેતાઓએ પરસોત્તમ રૂપાલાની પડખે આવ્યા છે. પાટીદારો પણ રૂપાલાના તરફેણમાં છે. ત્યારે વડોદરામાં ગુજરાત ભાજપ યુવા મોરચાના પ્રમુખ પ્રશાંત કોરાટનું એક નિવેદનથી ખળભળાટ મચી ગયો છે.વડોદરામાં ગુજરાત ભાજપ યુવા મોરચાના પ્રમુખ પ્રશાંત કોરાટનું મોટું નિવેદન આપ્યું છે. તેમણે રૂપાલા વિવાદમાં ક્ષત્રિય આંદોલનને લઈને નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું છે કે, ક્ષત્રિય આંદોલન કોંગ્રેસ પ્રેરિત છે. કોંગ્રેસ ગુજરાતમાં વર્ગ વિગ્રહ કરવાની કોશિશ કરી રહી છે.

# ન્યૂયોર્કમાં ગુજરાતી યુવક સાથે ક્રુરતા

। અમદાવાદ, તા.૮ ।

ગુજરાતીઓ ગમે તે ભોગે અમેરિકા જવા માંગતા હોય છે. એકવાર અમેરિકા પહોંચી જઈએ એટલે લાઈફ સેટ થઈ જશે. એવુ જો તમે માનતા હોવ તો તમે સાવ ખાટો છે. વિદેશ જવાની ઘેલછા તમને ભારે પડી શકે છે. તેનો બોલતો પુરાવો સામે આવ્યો છે. સાત સમુદ્ર પાર અમેરિકાની ધરતી પર એક ગુજરાતી યુવક સાથે ક્રુરતા આચરાઈ છે. એક ગુજરાતીએ જ બીજા ગુજરાતી સાથે ખરાબ વ્યવહાર કર્યો. ગુજરાતી સ્ટોર માલિકે ગુજરાતી કામદારને માર મારવાનો વીડિયો સામે આવ્યો છે. એક-બે વાર નહિ, આ ગુજરાતી સ્ટોર માલિક ગુજરાતી કામદારને કેટલાક વાર સ્ટોરમાં પીટી રહ્યો છે. ૨ ડોલર કમાવવા ગયેલો વ્યક્તિ માલિકની ક્રુરતા સામે લાચાર છે, અને માર ખાઈ પણ રહ્યો છે. વિદેશમાં સંબંધીઓ દ્વારા ક્રૂરતાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં તેજીથી વાયરલ થઈ રહ્યો છે. ન્યૂયોર્કમાં કરિયાણીની દુકાનમાં દુકાનના માલિકે ત્યાં કામ કરતા તેના સંબંધીને ક્રૂરતાથી માર મારી રહ્યા હોય તેવું વીડિયોમાં દેખાઈ રહ્યું છે. વાયરલ વીડિયોમાં દુકાન માલિક દુકાન પર કામ કરતા તેના સંબંધીને વારંવાર અપમાનિત અને મારપીટ કરી રહ્યો છે. દુકાનનો માલિક ગાંધીનગરના ભાવપુરા ગામનો વતની અને કામદાર સંબંધી મહેસાણાના જેતલપુરનો વતની હોવાનું ચર્ચાય છે. આ કામદાર સારા જીવન માટે ગેરકાયદેસર અમેરિકા ગયો હતો, તેથી તે અહી કામ કરવા માટે મજબૂર છે. માહિતી એવી પણ છે કે, આ કામદાર વ્યક્તિ તેના સંબંધીના સ્ટોરમાં જ કામ કરે છે. એટલે બંને પરિચિત જ છે. સ્ટોરના CCTV કેમેરાના ફૂટેજના ત્રણ અલગ અલગ ફૂટેજ છે. એક ફૂટેજમાં ગુજરાતી સ્ટોર માલિક તેના કામદારને મારતો અને દુર્વ્યવહાર કરતો બતાવે છે. બીજા ફૂટેજમાં, દુકાનની માલિકની પત્ની તે કામદાર વ્યક્તિ સાથે દુર્વ્યવહાર કરતી જોવા મળે છે અને ત્રીજા ફૂટેજમાં, દુકાનનો માલિક ત્યાં કામ કરતા કામદારને લાત મારતો જોવા મળે છે. આ દ્રશ્યો તમને વિચલિત કરી શકે એવા છે. દુકાનના માલિકે ત્યાં કામ કરતાં તેના સંબંધીને કોઈ મહેનતાણું ન ચૂકવવાનો અને તેની સાથે ક્રૂરતા આચરવાનો પણ આરોપ થઈ રહ્યો છે. દુકાનના માલિકે મહેસાણાથી સંબંધીને તેમની સાથે જોડાવા માટે બોલાવ્યા અને તે પણ ગેરકાયદેસર રીતે અમેરિકા લાવ્યા હોવાની માહિતી મળી છે. ભાવપુરનો સ્ટોર માલિક પગાર પણ નથી આપતો. આ ગુજરાત માલિક ગુજરાતી ભાષામાં વાત કરી રહ્યો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારૂં અવિચારી વર્તન તમારા મિત્ર માટે કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો? તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે. તમારી આવડત દેખાડવાની તક આજે તમારી સાથે આવશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે. તમારો દૃઢ સંકલ્પ સાકાર થશે કેમ કે તમે તમારૂં ધ્યેય સિદ્ધ કરશો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સ્વાસ્થયની સંભાળ લો અને પરિસ્થિતિને થાળે પાડો. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. મિત્રો તથા સંબંધીઓ તમારા તરફથી વધુ ધ્યાનની અપેક્ષા રાખશે, પણ બહારના વિશ્વ તરફ દરવાજા બંધ કરી તમારી જાતને રાજવી રીતે ટ્રીટ કરવા માટેનો આ શ્રેષ્ઠ સમય છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે. કોઈ કાયર્યમાં માસ્ટરી હાંસલ કરનારી વ્યક્તિનું નિરીક્ષણ કરી તમે કેટલાક પાઠ સીખી શકો છો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. પ્રિયપાત્ર સાથે ઝઘડો કરાવે એવા મુદ્દાઓ ટાળવા તમારી માટે શ્રેષ્ઠ રહેશે. પ્રેમ જીવન ગતિશીલ હશે. નવી બાબતો શીખવાની અભિરૂચિ નોંધપાત્ર રહેશે. આઉટસ્ટૅશન પ્રવાસ આરામદાયક નહીં હોય-પણ તે તમને મહત્વના સંપર્કો બનાવવામાં મદદરૂપ થશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. કોઈ ની સલાહ લીધા વગર તમને આજે પૈસા નિવેશ ના કરવા જોઈએ? તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે-તમને પાળવામાં મુશ્કેલી પડે તેવા વચનો આપતા નહીં. અનુભવી લોકો સાથે આજે જોડાણ કરજો અને તેઓ શું કહે છે તેમાંથી શીખો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. આ સારો સમય છે જે તમારી માટે સફળતા અને ખુશીઓ લાવશે, તેનું શ્રેય તમારા પરિવારના સભ્યોએ કરેલા પ્રયાસો તથા આપેલા સહકારને જાય છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા.

**મકર (ખ,જ) :**

આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશબોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. તમારા દિલ પર રૉમાન્સનું રાજ હશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

## ચંદ્રાબાબુએ સારી ક્વોલિટીના શરાબનું લોકોને વચન આપ્યું



**। (એજન્સી) અમરાવતી, તા.૮ ।**

લોકસભાની ચૂંટણી માટે જોરદાર પ્રચાર શરૂ થઈ ગયો છે જેમાં રાજકારણીઓ લોકોના વોટ જીતવા માટે કોઈ પણ જાતના વચનો આપવા તૈયાર છે. આંધ્રપ્રદેશમાં TDPના પ્રમુખ અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ મતદારોને વચન આપ્યું છે કે તેમને ચૂંટવામાં આવશે તો તેઓ સસ્તામાં સારી ક્વોલિટીનો દારુ અપાવશે. આંધ્રપ્રદેશમાં આગામી દિવસોમાં લોકસભાની ચૂંટણી સાથે વિધાનસભાની ચૂંટણી પણ આવવાની છે. તેવામાં સસ્તા દરે કઈ કઈ સુવિધાઓ આપવામાં આવશે તે વિશે નેતાઓ દાવા કરે છે. ચંદ્રબાબુ નાયડુએ કોઈ પણ જાતનો ખચકાટ રાખ્યા વગર લોકોને સસ્તા ભાવે સારી ક્વોલિટીનો દારૂ પૂરો પાડવાનું વચન આપ્યું છે. આંધ્ર પ્રદેશમાં એક સમયે આઈટી ઉદ્યોગનો વિકાસ કરવામાં નાયડુની મહત્ત્વની ભૂમિકા હતી. તેમણે દાવો કર્યો છે કે લોકો શરાબના ભાવમાં ઘટાડો થાય તેવી માંગણી કરી રહ્યા છે. તેમણે કહ્યું કે અમે નીચા ભાવે સારી ક્વોલિટીનો શરાબ આપીશું. ચંદ્રબાબુ નાયડુ આંધ્ર પ્રદેશમાં કુપ્પમની બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે જ્યાં એક ચૂંટણી સભામાં તેમણે આ વાત કહી હતી. તેમણે કહ્યું કે, "મારું વચન છે કે ટીડીપીની સરકાર બનશે તો સત્તા પર આવ્યાના ૪૦ દિવસની અંદર અમે સારી ક્વોલિટીનો શરાબ આપીશું એટલું જ નહીં, અમે તેના ભાવ પણ ઘટાડીશું."

### મોઝામ્બિકમાં એક હૈયું હચમચાવી દેતી ઘટના બની

# ફિશિંગ બોટ રસ્તા વચ્ચે જ દૂર્ઘટનાગ્રસ્ત : ૯૧ના મોત

## કોલેરાથી બચવા ગેરકાયદે નીકળેલા લોકોની બોટ મધદરિયે જ પલટીતા અનેકને જીવ ખોવાનો વારો આવ્યો

**। (એજન્સી) માપુટો, તા.૮ ।**

પૂર્વ આફ્રિકાના દેશ મોઝામ્બિકમાં એક હૈયુ હચમચાવી દે તેવી દુર્ઘટના બની. અહીંના લોકોના માથે યમરાજ રૂપી મહામારી તાંડવ કરી રહી હતી. કેમ કે અહીં ફેલાયેલા કોલેરાના કારણે લોકો ટપોટપ મરી રહ્યા છે. જેથી પોતાનો જીવ બચાવવા માટે મોઝામ્બિકના નામપુલા પ્રાંતના લુંગા શહેરથી મોઝામ્બિકના મુખ્ય ટાપુ પર જવા માટે લોકો ગેરકાયદે રીતે ફિશિંગ બોટ પર નીકળી પડ્યાં. પરંતુ આ લોકોને ક્યાં ખબર હતી કે કોલેરાથી જીવ બચાવવાના પ્રયાસમાં તેમને રસ્તામાં જ મોત મળી જશે.

બ્રિટિશ મીડિયાના જણાવ્યા અનુસાર કોલેરાના ડરથી અંદાજે ૧૩૦ની આસપાસ લોકો ફિશિંગ બોટમાં ગેરકાયદે સવાર થઈને નીકળી પડ્યા હતા પરંતુ આ બોટની ક્ષમતા આટલા લોકોને બેસાડવાની છે જ નહીં. જેના કારણે મોઝામ્બિકના નામપુલા પ્રાંતના લુંગા શહેરથી મોઝામ્બિકના મુખ્ય ટાપુ તરફ જઈ રહેલી આ ફિશિંગ બોટ રસ્તા વચ્ચે જ દૂર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ, અને તેમાં સવાર તમામ ૧૩૦ જેટલા લોકો મધદરિયે જ દરિયામાં ડૂબી ગયા. ઘટનાની જાણ થતાં જ દરિયામાં રહેલા અન્ય જહાજના ચાલકોએ લોકોને બચાવવાના પ્રયાસ કર્યા, પરંતુ તેમને જોઈએ તેટલી સફળતા હાથ ન લાગી. એટલે આ દુર્ઘટનામાં માત્ર ૫ જેટલા લોકોને જ બચાવી શકાયા, જ્યારે ૯૦થી વધુ



લોકોના મોત થઈ ચૂક્યા છે. બાકીના એવા લોકો છે જેમનો દરિયામાં કોઈ પત્તો લાગ્યો નથી. આ બોટમાં ઘણા બાળકો પણ સવાર હતા. જેથી મૃત્યુઆંક હજુપણ વધવાની પુરી શક્યતા છે.

પૂર્વ દક્ષિણી આફ્રિકાનો દેશ મોઝામ્બિક અને મેડાગાસ્કર હાલ કોલેરોની મહામારીનો સામનો કરી રહ્યા છે. એક વર્ષ પહેલાં આ બંને દેશ પર ફ્રેડી નામના ચક્રવાતે પોતાનું તાંડવ કર્યુ હતુ. જેમાં ચક્રવાત બાદ બંને દેશના અનેક પ્રાંતો પાણીથી જળમગ્ન થયા હતા. જેમાં અંદાજે ૧૦ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા હતા. ૧ લાખ ૩૨ હજારથી વધુ ઘર નષ્ટ થયા, તો ૬ લાખ ૪૦ હજાર લોકોને સ્થળાંતરિત કરવાની ફરજ પડી હતી. જ્યારે ૧ હજારથી વધુ સ્કૂલો તૂટી પડી હતી. મોઝામ્બિકમાં આવેલા ચક્રવાતને ૧ વર્ષ જેટલો સમય વીતી ચુક્યો છે, છતાં મોઝામ્બિક દેશ હજુ સુધી તેમાંથી બહાર આવી શક્યો નથી. કેમ કે ફ્રેડી વાવાઝોડા બાદ આવેલા પૂરના કારણે મોઝામ્બિક સહિત પૂર્વ દક્ષિણ આફ્રિકાના અનેક દેશોમાં કોલેરા મહામારી ફાટી ચુકી છે. આ મહામારી એટલે હદે વધી ગઈ છે કે WHOએ પણ અન્ય દેશોને આ મહામારીથી લોકોને બચાવવા અપીલ કરી છે.

મોઝામ્બિકમાં કોલેરાની મહામારી કાબૂ બહાર નીકળી ગઈ હોવાથી લોકો પોતાનો જીવ બચાવવા આમથી તેમ ભાગવા મજબૂર થયા છે.

### માસૂમોની સોદેબાજી કરતી ગેંગનો પર્દાફાશ

# રાજધાની દિલ્લીમાં બાળકોની તસ્કરી કરતી ગેંગ ઝડપાઈ

## આ રેકેટમાં જોડાયેલા કુલ ૭ લોકોની ધરપકડ કરી લીધી છે, જેમા ૫ મહિલા અને બે પુરૂષનો સમાવેશ થાય છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।**

દેશની રાજધાની દિલ્લીમાં સીબઆઈએ એક મોટા ઓપરેશનને પાર પાડતા નવજાત બાળકોની સોદેબાજી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. સીબઆઈએ ચાઈલ્ડ ટ્રાફિકિંગ કેસમાં દિલ્લી અને હરિયાણાની અલગ અલગ જગ્યાએ દરોડા પાડ્યા હતા. જેમા દિલ્લીના કેશવપુરમાંથી ૩ બાળકોનું રેસ્ક્યું પણ કર્યુ.પોલીસે હાલ તો આ રેકેટમાં જોડાયેલા કુલ ૭ લોકોની ધરપકડ કરી લીધી છે.. જેમા ૫ મહિલા અને બે પુરૂષનો સમાવેશ થાય છે.. આ આરોપીઓમાં એક વ્યક્તિ હોસ્પિટલનો વોર્ડબોય પણ છે... ત્યારે એવી પણ શંકા છે કે આ ગેંગ હોસ્પિટલમાંથી પણ બાળકોની ચોરીને અંજામ આપતી હોઈ શકે.. પોલીસે કેશવપુરમમાં રેડ દરમિયાન ૫.૫ લાખની રોકડ સહિત કેટલોક આપત્તિજનક સામાન પણ જપ્ત કર્યો છે... સાથે જ કુલ ૧૦ લોકો સામે ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સીબઆઈની પ્રાથમિક તપાસમાં સોદેબાજીના આ નેટવર્કના કેટલાક મહત્વના ખુલાસા પણ થયા છે. જે મુજબ આ ગેંગ ફેસબુક, વોટ્સએપ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મથી નિઃસંતાન દંપત્તિઓનો સંપર્ક કરતા હતા, જેઓ બાળકને દત્તક લેવા માગતા હોય. આ ગેંગ કથિત રીતે વાસ્તવિક માતા-પિતાની સાથે સાથે સરોગેટ માતાઓ પાસેથી પણ બાળકોની ખરીદી કરતી હતી. વળી બીજી તરફ નિઃસંતાન દંપત્તિને ૨૪ કલાકમાં બાળક સોંપવાની બાંહેધરી આપતી. તેઓ એક બાળક દિઠ ૪થી ૬ લાખ રૂપિયા પડાવતા હતા.

### લોકો ચપોચપ ઉપાડવા લાગ્યાં નોટ

# રસ્તા પર ૧૦૦ રૂપિયાની નોટ ઉપાડતાં જ હજારો લોકો ‘છેતરાઈ’ ગયાં

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।**

રસ્તા પર પડેલા પૈસા કોણ નથી ઉપાડતું? લોકો ચપ દઈને ઉપાડી લેતાં હોય છે પરંતુ હવે કેટલીક કંપનીઓએ લોકોની આ માનસિકતાનો ઉપયોગ કરી લીધો છે. એક માર્કેટીંગ એજન્સીએ ૧૦૦ રુપિયાની નોટને સહારે પોતાની જાહેરખબર લોકો સુધી પહોંચાડવાનું નક્કી કર્યું અને તેની સ્ટ્રેટેજી કામ પણ કરી ગઈ હતી. એક કાફે એક કાગળની એક બાજુએ અદલોઅદલ ૧૦૦ રુપિયા જેવી દેખાતી નોટ છાપી હતી અને રસ્તા પર ફેંકી દીધી હતી. તેને ખબર હતી કે લોકો નોટ ઉપાડી લેશે અને પોતાની જાહેરખબર જોઈ લેશે, તેનું માનવું સાચું પડ્યું. ૧૦૦ રુપિયાની નોટ રસ્તા પર પડેલી જોતા લોકો તેને ઉઠાવવા લાગ્યાં હતા પરંતુ પાછળ ફેરવતાં તેમને આંચકો લાગ્યો અને જેવી ઉપાડી તેવી ફેંકી દીધી હતી. ઘણા લોકોને આ ઘટના છેતરપિંડી લાગી હતી અને ઘણા લોકોએ કાફેની જાહેરખબર કરવાનો આઈડિયો ગમ્યો હતો. આ વાયરલ વીડિયોમાં આપણે જોઈ શકીએ છીએ કે ૧૦૦ રૂપિયાની નોટ જમીન પર પડી છે, જે સરસ રીતે ફોલ્ડ કરેલી છે. આવી સ્થિતિમાં, જો કોઈ વ્યક્તિ નોટ ઉપાડે છે અને તેને સંપૂર્ણ રીતે ખોલે છે, તો તે માત્ર ૧૦૦ રૂપિયાની નોટ જ દેખાય છે.

### વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ ગયો

## દિલ્હી મેટ્રોમાં ફરી બબાલ થઈ, એક દારૂડીયો લેડીઝ કોચમાં ઘૂસી ગયો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।**

દિલ્હી મેટ્રો સોશિયલ મીડિયા પર ચર્ચામાં આવી ગઈ છે. આ વખતે નશામાં ધૂત એક વ્યક્તિ લેડીઝ કોચમાં ઘૂસી ગયો. જ્યારે મહિલાઓએ વારંવાર તેને સીટ પરથી ઉઠીને બીજા કોચમાં જવા માટે કહ્યું ત્યારે તે એવા સ્વેગ સાથે ઉભો થયો કે વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ ગયો. દિલ્હી મેટ્રોના વીડિયો કોઈને કોઈ કારણોસર અવારનવાર સોશિયલ મીડિયા પર વાયરલ થતા રહે છે. હવે ફરી એકવાર આવા જ એક કારણોસર દિલ્હી મેટ્રોનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. એમ તો દિલ્હી મેટ્રોમાં મહિલા મુસાફરો માટેના રિઝર્વ્ડ કોચમાં પુરૂષોને પ્રવેશ કરવો એ મોટી સમસ્યા છે.

ઘણી વખત સમજાવવામાં આવે ત્યારે તેઓ માની જાય છે, અને કેટલીકવાર દલીલ થઈ જાય છે. ત્યારે આ વખતે જે બન્યું છે એ સોશિયલ મીડિયા પર વાયરલ થયું છે. આ વાયરલ વીડિયો માં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે કથિત રીતે દારૂના નશામાં એક વ્યક્તિ મહિલા કોચની સીટ પર બેઠો છે. ફરી એકવાર દિલ્હી મેટ્રો સોશિયલ મીડિયા પર ચર્ચામાં આવી ગઈ છે. આ વખતે નશામાં ધૂત એક વ્યક્તિ લેડીઝ કોચમાં ઘૂસી ગયો. જ્યારે મહિલાઓ તેને ત્યાંથી જવાનું કહે છે, ત્યારે તે ઉભો થાય છે અને ડોલતાં-ડોલતાં કહે છે - તમીઝ સે...! આ વીડિયો ક્યારનો છે તેની હાલમાં પુષ્ટિ થઈ નથી, પરંતુ આ બાબતથી ફરી એકવાર દિલ્હી મેટ્રોમાં મહિલાઓની સુરક્ષાની સ્થિતિ પર સવાલ ઉભા થયા છે. આ વીડિયો વાયરલ થઈ ગયો છે અને અત્યાર સુધીમાં આ વીડિયોને લાખો લોકો જોઈ ચુક્યા છે. સેંકડો યુઝર્સે આ વીડિયો પર રીએક્શન આપ્યું છે. કેટલાક યુઝર્સે કહ્યું કે આવા લોકો મેટ્રોમાં ઘૂસી કેવી રીતે જાય છે. અન્ય લોકોએ કહ્યું કે સૌથી વધારે મનોરંજન મેટ્રોમાં થવા લાગ્યું છે.

### વિદેશમાં વસતા ભારતીય સમુદાય સાથે વધુ એક દુર્ઘટના

# શારજાહમાં હાઈ-રાઈઝ બિલ્ડિંગમાં આગ : બે ભારતીયોના મોત નિપજ્યા

## ઇમારતમાં નવમા માળે આગ લાગી તેમાં પાંચ લોકોના મોત થયા છે

**। (એજન્સી) શારજાહ, તા.૮ ।**

યુએઈના શારજાહમાં એક હાઈ રાઈઝ ઈમારતમાં આગ લાગવાની ઘટના બની છે જેમાં બે ભારતીયોના મોત થયા છે. મૃતકોમાં એક ભારતીય સાઉન્ડ એન્જિનિયર અને એક નવપરિણિત મહિલાનો સમાવેશ થાય છે. આ આગમાં કુલ પાંચ લોકો માર્યા ગયા છે. આગની ઘટનામાં લગભગ ૪૪ લોકોને ઈજા થઈ છે. આગના કારણે આ મહિલાનો પતિ પણ ગંભીર હાલતમાં છે. શારજાહમાં અલ નાહદા નામની રેસિડેન્શિયલ બિલ્ડિંગમાં ગુરુવારે સાંજે આગ લાગી હતી જેમાં ૫ના મોત થયા છે જ્યારે ૪૪ વ્યક્તિ ઈજાગ્રસ્ત છે. આ ઈમારતમાં ૭૫૦ ફ્લેટ છે અને તેમાં નવમા માળે આગ લાગ્યા પછી આગની જ્વાળાઓ ઉપર ચઢવા લાગી હતી અને ઉપરના તમામ ફ્લોર સળગી ગયા હતા. ખાલિજ ટાઈમ્સના અહેવાલ અનુસાર માઈકલ સથ્યાદાસ નામના ભારતીય સાઉન્ડ એન્જિનિયરનું આગની ઘટનામાં દાઝી જવાથી મોત થયું છે. સથ્યાદાસ દુબઈના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે ઢ્ઠમ્ લાઈવમાં સાઉન્ડ એન્જિનિયર તરીકે નોકરી કરતો હતો. તાજેતરમાં બ્રુનો માર્સ અને એ આર રહેમાન જેવા કલાકારોના કોન્સર્ટ યોજાયા ત્યારે તેમાં માઈકલ સથ્યાદાસે પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત મુંબઈની એક ૨૯ વર્ષીય મહિલાનું પણ શારજાહની આગમાં મૃત્યુ થયું છે. હજુ ફેબ્રુઆરી મહિનામાં



જ આ મહિલાના લગ્ન થયા હતા. આ મહિલાનું નામ જાહેર કરવામાં નથી આવ્યું. મહિલાનો પતિ પણ ઈજાગ્રસ્ત લોકોમાં સામેલ છે. મદિનામાં બે મહિના અગાઉ તેમના લગ્ન થયા હતા અને ત્યાંથી તેઓ શારજાહ રહેવા આવ્યા હતા જેમાં તેઓ અલ નાહદા બિલ્ડિંગમાં રહેતા હતા. આ મહિલાનો પતિ હોસ્પિટલમાં દાખલ છે અને તેની હાલત ગંભીર છે. ભારતીય દુતાવાસે આ ઘટનાની પુષ્ટિ કરી છે અને પરિવારજનોને તમામ મદદ કરવાની ખાતરી આપી છે. આ લોકોના પરિવારજનો પણ યુએઈ આવી ગયા છે. અલ નાહદા બિલ્ડિંગમાં કઈ રીતે આગ લાગી તેનું કારણ જાણી શકાયું નથી. સત્તાવાળાઓ હજુ પણ આ ઘટનાની તપાસ કરે છે.

## એર ઈન્ડિયાની ફ્લાઈટમાં પેસેન્જરને વિન્ડો સીટ તૂટેલી મળી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।**

દિલ્હીથી બેંગ્લોર જતી એર ઈન્ડિયાની એક ફ્લાઈટનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. જેમાં આ ફ્લાઈટમાં એક પેસેન્જરે વિન્ડો સીટ માટે ૧ હજાર રૂપિયા ચૂકવ્યા હતા પરંતુ તેના બદલે તેને તૂટેલી સીટ મળી હતી. આ વીડિયોમાં જોવામાં આવી રહ્યું છે કે આ સીટને યોગ્ય કરવા માટે એન્જિનિયર પણ આવે છે પરંતુ તેનાથી પણ બરાબર નહોતી થઈ શકી. આનાથી પેસેન્જર હતાશ થઈ ગયો અને સોશિયલ મીડિયામાં આની માહિતી શેર કરી દીધી હતી. તેણે એરલાઈન પાસે જવાબ માગ્યો હતો કે મારી સાથે આવું કેમ કર્યું. એટલું જ નહીં તેણે ૧ હજાર રૂપિયા એક્સ્ટ્રા આપ્યા હોવા છતાં તૂટેલી સીટ મળતા ગુસ્સે થઈ ગયો હતો. આ ફ્લાઈટની સીટ તૂટેલી હતી તેના માટે એન્જિનિયર બોલાવવામાં આવ્યો હતો. વીડિયોમાં જોવામાં આવી રહ્યું છે એના પ્રમાણે આ એન્જિનિયર સતત સીટ બરાબર કરવા માટે મથી રહ્યો હતો. આસપાસ અન્ય પેસેન્જર પણ બેઠા હતા. તેવામાં સતત પ્રયાસો કર્યા હોવા છતાં પણ કશું જ ન થયું અને એન્જિનિયરને પાછા જવું પડ્યું



હતું. આનાથી નારાજ થયેલા પેસેન્જરે પોતાનો રોષ વીડિયો શેર કરીને ઠાલવ્યો હતો. જેમાં એર ઈન્ડિયાએ પણ સત્તાવાર માહિતી આપી દીધી હતી.

પેસેન્જરે ટ્વિટ કરીને આ ફરિયાદ કરી એના જવાબમાં એર ઈન્ડિયાએ તેમની માફી માગી છે. તેમણે કહ્યું કે આ નિરાશાજનક અનુભવ માટે અમને ખેદ છે. મહેરબાની કરી અમને બુકિંગ ડિટેલ્સ તમે આપજો જેથી કરીને અમે તમને યોગ્ય સહાયતા કરી શકીએ. આ દરમિયાન પેસેન્જરે તમામ બુકિંગ ડિટેલ પણ આપી દીધી હતી. જેને લઈને એર ઈન્ડિયાએ જવાબ આપ્યો કે તમે જે પ્રમાણે અમને જાણકારી આપી એના બદલ આપનો આભાર. એર ઈન્ડિયાનાં એક પેસેન્જર સાથે પહેલા પણ આવી ઘટના થઈ ચૂકી છે. આની પહેલા દિલ્હીથી ટોરંટો જતી એક મહિલા પેસેન્જરે પણ ફરિયાદ કરી હતી.

# સીએમ કેજરીવાલ માટે આમ આદમી પાર્ટી દ્વારા સામૂહિક ઉપવાસ

રાજધાની દિલ્હીમાં આ દિવસોમાં આમ આદમી પાર્ટી અને કેન્દ્ર સરકાર વચ્ચે જોરદાર જંગ ચાલી રહ્યો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ પાર્ટીના નેતાઓ અને કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પાર્ટી સીએમની ધરપકડ સામે સતત વિરોધ કરી રહી છે અને તેમની તાત્કાલિક મુક્તિની માંગ કરી રહી છે.

આમ આદમી પાર્ટી ED અને મોદી સરકારની કાર્યવાહી પર સતત પ્રહારો કરી રહી છે. દરમિયાન, આમ આદમી પાર્ટી આજે સીએમ કેજરીવાલ માટે એક દિવસીય સામૂહિક ઉપવાસનું આયોજન કરી રહી છે. રાજધાની દિલ્હીના જંતર-મંતર ખાતે આમ આદમી પાર્ટીના તમામ ધારાસભ્યો, કાઉન્સિલરો અને નેતાઓ સામૂહિક ઉપવાસ કરી રહ્યા છે. દરમિયાન, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન તેમના મંત્રીઓ સાથે શહીદ ભગત સિંહના ગામ ખટકરકલનમાં ઉપવાસ કરી રહ્યા છે. આમ આદમી પાર્ટીનો દાવો છે કે ભારત સિવાય અમેરિકા, ઈંગ્લેન્ડ, જર્મની, નોર્વે, આયર્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને કેનેડામાં રહેતા ભારતીયો પણ અરવિંદ કેજરીવાલની વહેલી મુક્તિ માટે ઉપવાસ કરશે. AAP સાંસદ સંજય સિંહે કહ્યું કે જ્યારે હું જેલમાંથી બહાર આવ્યો ત્યારે મારી પાસે સંપૂર્ણ માહિતી નહોતી. બાદમાં ખુલાસો થયો કે એક વિશાળ ષડયંત્રના ભાગરૂપે તેની ધરપકડ કરવામાં આવી હતી. અરવિંદ કેજરીવાલ ઈમાનદાર હતા અને રહેશે. અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી હતા અને રહેશે. હું એક ઊંડું કાવતરું કહી રહ્યો છું કારણ કે દસમું પાસ કે હોમગાર્ડ પણ કહેશે કે કેસ નકલી છે. બંને તપાસ એજન્સીઓ પાસે ૪૫૬




સાક્ષીઓ અને ૫૦ હજાર પાના છે, પરંતુ માત્ર ૪ સાક્ષીઓએ અરવિંદ કેજરીવાલનું નામ લીધું હતું. દેશની જનતા અને વિપક્ષી નેતાઓને ખબર હોવી જોઈએ કે કયા સંજોગોમાં નામ લેવામાં આવ્યું હતું. દિલ્હી સરકારના મંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા આતિશીનું કહેવું છે કે અરવિંદ કેજરીવાલની ધરપકડને લઈને માત્ર દિલ્હીમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં નારાજગી છે. લોકો તેના જેલમાંથી બહાર આવવાની રાહ જોઈ રહ્યા છે. મંત્રીએ કહ્યું કે દિલ્હીના લોકો અરવિંદ કેજરીવાલને પ્રેમ કરે છે. તેઓ તેમને માત્ર મુખ્ય પ્રધાન જ નહીં પરંતુ તેમના ભાઈ અને પુત્ર તરીકે પણ માને છે. શનિવારે માહિતી આપતા આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા ગોપાલ રાયે કહ્યું કે આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડના વિરોધમાં એક દિવસીય ઉપવાસનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત તમામ લોકો જંતર-મંતર પર એકઠા થશે. આ સાથે સમર્થકો અને AAP નેતાઓ પંજાબના શહીદ ભગત સિંહના પૈતૃક ગામ ખટકર કલાનમાં પણ ભેગા થશે અને સામૂહિક ઉપવાસ કરશે. પ્રેસ કોન્ફરન્સમાં ગોપાલ રાયે જણાવ્યું કે ભારતના ૨૫ રાજ્યોમાં ઉપવાસનો કાર્યક્રમ છે. વિદેશોમાં પણ ઉપવાસનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સમર્થકો ન્યુયોર્ક, બોસ્ટન, ટોરોન્ટો, વોશિંગ્ટન ડીસી, મેલબોર્ન અને લંડન સહિતના ઘણા મોટા આંતરરાષ્ટ્રીય કેન્દ્રોમાં એકઠા થશે અને સામુદાયિક ઉપવાસ દ્વારા સીએમ કેજરીવાલને તેમનું સમર્થન આપશે.

આ સાથે ગોપાલ રાયે કહ્યું કે જે લોકો દેશમાં લોકશાહી બચાવવા માંગે છે તેઓએ ઘર, ગામ, મહોલ્લા, બ્લોક હેડક્વાર્ટર, તહસીલો, જિલ્લાઓ અને રાજ્યની રાજધાની સહિત વિવિધ સ્થળોએ સામૂહિક ઉપવાસમાં ભાગ લેવો જોઈએ. આ સાથે, AAP નેતાએ કેજરીવાલ સાથે એકતા વ્યક્ત કરી અને લોકોને સામૂહિક રીતે પ્રાર્થના કરવા અથવા YouTube પર “રઘુપતિ રાઘવ રાજા રામ“ ભક્તિ ગીત સાંભળવા માટે પ્રોત્સાહિત કર્યા. કેજરીવાલને અન્યાય સામે લડવાની શક્તિ આપવા પ્રાર્થના કરવા પણ વિનંતી કરી. AAP નેતા ગોપાલ રાયે લોકોને તેમના ફોટા શેર કરવાની અપીલ કરી છે.

આ માટે વેબસાઈટ શેર કરવામાં આવી છે. ગોપાલ રાયે kejriwalkoaashirvaad.com પર તસવીરો મોકલવાનું કહ્યું છે. તમને જણાવી દઈએ કે ગયા મહિને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે અરવિંદ કેજરીવાલની એક્સાઈઝ ડ્યુટી પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી હતી. કેજરીવાલને ૧૫ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. તેમની સાથે પૂર્વ કેબિનેટ મંત્રી મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈન પહેલાથી જ હાર જેલમાં બંધ છે. તાજેતરમાં AAP નેતા સંજય સિંહને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે.

**ન્યૂઝ બ્રિફ**

## વડોદરામાં કોરોનાથી એક દર્દીનું મોત, સ્વાઈન ફ્લુ પણ વકર્યો


। (એજન્સી) વડોદરા, તા.૮ ।

ગુજરાતમાં ફરી એક વાર કોરોનાની એન્ટ્રી થઈ છે. છેલ્લા કેટલાક દિવસથી વડોદરામા કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યા છે. ત્યારે વડોદરામાં કોરોનાથી એક દર્દીનું મોત થયુ છે. પંચમહાલના ૬૦ વર્ષીય પ્રૌઢનું સારવાર દરમિયાન કોરોનાથી મોત થયુ હોવાનું સામે આવી રહ્યું છે. છાતીમાં દુખાવા સહીત શ્વાસ લેવાની તકલીફ થવાના કારણે કોરોનાના દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં એસ એસ જી હોસ્પિટલમાં કોરોનાના ૫ અને સ્વાઈનફલૂનો એક દર્દી કેસ નોંધાયા છે. બીજી તરફ આ અગાઉ પણ વડોદરામાં ૫ જેટલા કોરોનાના કેસ નોંધાયા હતા. જેમાંથી એકનું સારવાર દરમિયાન મોત થયુ હતુ. બીજી તરફ રાજ્યમાં કોરોનાની સાથે સ્વાઈનફલૂના કેસમાં પણ વધારો થઈ રહ્યો છે.

## સુરતમા સરકારી શાળામાં એડમિશન લેવા પડાપડી

। (એજન્સી) સુરત, તા.૮ ।

સુરતમાં મહાનગરપાલિકા સમિતિની શાળા મહારાજા કૃષ્ણસિંહજી સ્કૂલમાં એડમિશન પ્રક્રિયા શરૂ થતા જ એડમિશન માટે મોટી-મોટી લાઈનો જોવા મળી. દ્રશ્યોમાં પણ જોઈ શકો છો કે સરકારી શાળામાં એડમિશન લેવા માટે જાણે વાલીઓ પડાપડી કરી રહ્યા હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. જ્યાં જ્યાં નજર જઈ રહી છે વાલીઓ જ વાલીઓ જોવા મળી રહ્યા છે. મહારાજા કૃષ્ણસિંહજી સ્કૂલમાં બાલ વાટિકાથી ધોરણ ૮ સુધીનો અભ્યાસ થાય છે. જેમાં આજે નામ નોંધણી કરવામાં આવશે.જેને લઈ મોટી સંખ્યામાં વાલીઓ અહીં પહોંચ્યા છે. ગત વર્ષે ૪૨૦૦ ફોર્મ ભરાયા હતા અને ૩ હજાર જેટલું વેઈટીંગ હતું. જ્યારે આ વર્ષે પણ એ જ પરિસ્થિતિ છે.



આજથી ચૈત્રનવરાત્રી શરૂ થવાની છે ત્યારે અમદાવાદના નગરદેવી ભદ્રામાતાજીના દર્શન કરવા માટેની તૈયારી કરવામાં આવી હતી.

### આજથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ

## અંબાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રીને લઈને દર્શનના સમયમાં ફેરફાર કરાયો

। (એજન્સી) અંબાજી, તા.૮ ।

વર્ષ ૨૦૨૪માં ૯મી એપ્રિલથી ચૈત્ર નવરાત્રિ શરૂ થઈ રહી છે. હિંદુ ધર્મમાં ચૈત્રી નવરાત્રિનું ઘણું મહત્વ છે. ત્યારે આજથી અંબાજી મંદિરમા ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ કરાશે. ત્યારે યાત્રાધામ અંબાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રીને લઈને દર્શનના સમયમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.

અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજ ભરતભાઈ પાધ્યાએ જણાવ્યું કે, અંબાજી મંદિર ખાતે ચૈત્રી નવરાત્રીએ આવતા આવતા હજ્જારો દર્શનાર્થીઓને દર્શન આરતીનો લાભ સરળતાથી મળી રહે અને વધુ સમય માટે મળી રહે તેવા આશયથી અંબાજી મંદિરમાં વિક્રમ સંવતના નવા વર્ષથી એટલે કે ૯ એપ્રિલથી ચૈત્રી નવરાત્રીથી દર્શન આરતીનાં સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેથી ચૈત્રી નવરાત્રીએ અંબાજીએ આવતા ભાવિક ભક્તોએ આ બાબતની ખાસ નોંધ લેવી.

- સવારે આરતીઃ- ૦૭.૦૦ થી ૦૭.૩૦
- ઘટ સ્થાપન સવારે - ૯.૧૫ થી ૯.૪૫
- સવારે દર્શનઃ- ૦૭.૩૦ થી ૧૧.૩૦
- બપોરે દર્શનઃ- ૧૨.૩૦ થી ૧૬.૩૦ સુધી
- સાંજ ની આરતીઃ- ૧૯.૦૦ થી ૧૯.૩૦
- જ્યારે સાંજે દર્શનઃ- ૧૯.૦૦ થી રાત્રી નાં ૨૧.૦૦ સુધી ખુલ્લા રહેશે

ચૈત્ર સુદ આઠમ તારીખ ૧૬ એપ્રીલના સવારે આરતી ૬.૦૦ કલાકે થશે

ચૈત્રી પુનમ તારીખ ૨૩ એપ્રીલના સવારે આરતી ૬.૦૦ કલાકે થશેવર્ષ દરમિયાન આસો અને ચૈત્રી આમ બે નવરાત્રીનું મહત્વ હોય છે. વસંતીય ચૈત્રી નવરાત્રીને લઈ અંબાજી મંદિરમાં યાત્રિકોની ભારે ભીડ રહેતી હોય છે. લોકો પણ માતાજીનાં દર્શને ખાસ પધારી આરતીનો લ્હાવો લેતા હોય છે. હિન્દુ ધર્મમાં નવરાત્રિના દિવસનું ખૂબ મહત્વ છે. આ નવ દિવસોમાં દેવી ભગવતીની પૂજા કરવામાં આવે છે.

### ગુજરાતમાં ૭ મેના રોજ ચૂંટણી માટે મતદાન થશે

## લોકસભાની ચૂંટણીમાં મતદાનના દિવસે ગુજરાતમાં જાહેર રજા રહેશે

### લોકસભા અને પાંચ વિધાનસભા પેટા ચૂંટણીમાં નાગરિકો મતદાન કરવા જઈ શકે તેને લઈને નિર્ણય લેવામાં આવ્યો

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

ગુજરાતમાં ૭ મેના રોજ લોકસભાની ચૂંટણી માટે મતદાન થશે. ૭ મેના રોજ ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠક પર અને વિધાનસભાની ૫ બેઠક પર પેટાચૂંટણીનું મતદાન થશે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા મતદાનના દિવસે રજા જાહેર કરાઈ છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રજાની જાહેરાત કરાઈ છે. જેથી લોકસભા અને પાંચ વિધાનસભા પેટા ચૂંટણીમાં નાગરિકો મતદાન કરવા જઈ શકે. લોકસભા ચૂંટણીને લઈ ચૂંટણી પંચ તૈયારીઓ કરી રહ્યું છએ. લોકસભા ચૂંટણી સંદર્ભે ચૂંટણી પંચદ્વારા વિડીયો કોન્ફરન્સ આયોજિત કરાઈ છે. જેમાં રાજ્યના તમામ જિલ્લા કલેક્ટર તથા જિલ્લા પોલીસ વડા સાથે ચૂંટણી પંચની વીડિયો કોન્ફરન્સ યોજાશે. આ કોન્ફરન્સમાં રાજ્યમાં ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા થશે. પોસ્ટલ બેલેટ, ચૂંટણીમાં રાજકીય પક્ષોની મંજૂરીઓ, કાયદો વ્યવસ્થા તથા ફ્લાઈંગ સ્ક્વોડની કામગીરી પર સમીક્ષા થશે. રાજ્ય સરકારના સિનિયર ચાર આઈએસ અધિકારીઓ આગામી ૨૬ એપ્રિલ સુધી ટ્રેનિંગમાં જતા હોવાના કારણે અન્ય સિનિયર આઈએએસ અધિકારીઓને ચાર્જ સોંપાયો છે. રાજ્યના ચાર સિનિયર આઈએએસ ટ્રેનિંગ પર મસુરી જશે. જેથી ૪ આઈએએસ અધિકારીઓનો ચાર્જ અન્ય અધિકારીઓને સોંપાયો છે. અંજૂ શર્મા, મોના ખંધાર, મમતા વર્મા તથા મુકેશ કુમાર ટ્રેનિંગ પર મસુરી જશે.

### રૂપાલા વિવાદમાં હજુ પણ સમાધાન થયું નથી

## વિવાદ શાંત પાડવામાં સી આર પાટીલ સહિતના આગેવાનો નિષ્ફળ રહ્યા

### હવે મામલો વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે પહોંચ્યો છે જેઓ પરશોત્તમ રૂપાલા અંગે અંતિમ નિર્ણય લેશે

। (એજન્સી) રાજકોટ, તા.૮ ।

ભાજપના વરિષ્ઠ નેતા અને રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોત્તમ રુપાલા સામે ક્ષત્રિયોનો રોષ હજુ જેમનો તેમ છે. રૂપાલાએ ક્ષત્રિયો અંગે ટિપ્પણી કરીને વારંવાર માફી માગી લીધી છે, છતાં તેમને કોઈ પણ ભોગે હટાવવા ક્ષત્રિય સમાજ મક્કમ છે. દરરોજ રૂપાલા સામે કોઈને કોઈ કાર્યક્રમની જાહેરાત થાય છે. અને આ વિવાદ શાંત પાડવામાં ભાજપના અધ્યક્ષ સી આર પાટીલ સહિતના આગેવાનો નિષ્ફળ ગયા છે. એવું જાણવા મળે છે કે હવે મામલો વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે પહોંચ્યો છે અને રૂપાલા મામલે મોદી જ અંતિમ નિર્ણય લેશે. ભાજપ સાથે જોડાયેલા ક્ષત્રિય આગેવાનો બેઠકો કરી રહ્યા છે પરંતુ સમગ્ર ક્ષત્રિય સમાજને શાંત કરવામાં તેઓ નિષ્ફળ ગયા છે. ઘણા લોકો તો તેમને રાજપૂતના બદલે ભાજપૂત ગણાવીને ટીકા કરે છે. રવિવારે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના નિવાસસ્થાને ભાજપના ક્ષત્રિય આગેવાનોની બેઠક મળી હતી પરંતુ તેમાં પણ કોઈ નિષ્કર્ષ નીકળ્યો ન હતો. દરમિયાન રુપાલા મામલે ક્ષત્રિયોનો રોષ હવે બીજા રાજ્યોમાં પણ પ્રસરે તેવી બીક છે. તેથી હવે પીએમ મોદી અને દેશના ગૃહ મંત્રી અમિત શાહ



આ મામલે કોઈ સમાધાન કરાવે તેવી શક્યતા છે. એક પખવાડિયા કરતા વધુ સમય અગાઉ પરશોત્તમ રુપાલા રાજકોટમાં દલિતોના એક કાર્યક્રમમાં રાજા-મહારાજાઓ વિશે એવું બોલી ગયા કે ત્યાર પછી રાજ્યમાં વિરોધની આગ ફાટી નીકળી છે. રુપાલાએ ચૂંટણી પ્રચારનો વિધિવત પ્રારંભ કરી દીધો છે, પરંતુ સૌરાષ્ટ્રના કેટલાક ગામોમાં રૂપાલા વિરોધી પોસ્ટર લાગી ગયા છે અને ભાજપના નેતાઓની ગામમાં એન્ટ્રી પણ રોકવામાં આવે છે. અત્યાર સુધી ગુજરાત ભાજપે આ મામલો શાંત પાડવાની જો કોશિશ કરી તે નિષ્ફળ રહી છે, તેથી પીએમ મોદી જ આ અંગે કોઈ અંતિમ નિર્ણય લાવી શકશે તેમ માનવામાં આવે છે.

### રેસકોર્સ બહુમાળી ચોકમાં જંગી સભાને સંબોધશે

## પરસોત્તમ રૂપાલા ૧૬મી એપ્રિલે ઉમેદવારી પત્ર ભરશે

### રાજકોટ લોકસભા મતવિસ્તારના ભાજપના અગ્રણીઓ આ સભામાં ઉપસ્થિત રહેશે : કડક પોલીસ બંદોબસ્ત ગોઠવાશે

। (એજન્સી) રાજકોટ, તા.૮ ।

ક્ષત્રિયો સાથેના વિવાદ વચ્ચે રૂપાલાના ઉમેદવારી ફોર્મ ભરવાની તારીખની જાહેરાત કરી દેવામાં આવી છે. મળતી જાણકારી અનુસાર, રાજકોટથી ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા ૧૬ એપ્રિલના રોજ લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરશે.ઉમેદવારી પત્ર ભરતા અગાઉ રૂપાલા રાજકોટના રેસકોર્સ બહુમાળી ચોકમાં જંગી સભાને સંબોધશે.

શહેર ભાજપે જંગી સભાને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરી હતી. રાજકોટ લોકસભા મતવિસ્તારના ભાજપના અગ્રણીઓ આ સભામાં ઉપસ્થિત રહેશે. સાંસદ,ધારાસભ્યો,સંગઠનના હોદ્દેદારો પણ સભામાં હાજરી આપશે. રાજકોટ શહેર ભાજપના કોર્પોરેટરો પણ સભામાં ઉપસ્થિત રહેશે. સભાને લઈને કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. એક બાજુ રાજ્યભરમાં ક્ષત્રિય સમાજ દ્વારા પરસોત્તમ રૂપાલાનો વિરોધ થઈ રહ્યો છે તો બીજી તરફ રાજકોટ શહેર ભાજપ દ્વારા તેમની સભાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. રાજકોટના રેસકોર્સ બહુમાળી ચોક આગામી ૧૬ તારીખે ભાજપે સભાનું આયોજન



કર્યું હતું. રૂપાલા ૧૬ તારીખના રોજ ફોર્મ ભરશે. ફોર્મ ભરતા પહેલા રાજકોટના રેસકોર્સ બહુમાળી ભવન પાસે જંગી સભાને સંબોધશે. રૂપાલાની સભા પર સમગ્ર રાજ્યની નજર રહેશે.

રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાએ તાજેતરમાં જ સોશ્યલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેઓએ લખ્યું છે કે, 'રાજકોટનો મક્કમ નિર્ધાર, ફરી એક વાર મોદી સરકાર !!'. ક્ષત્રિય સમાજના સખત વિરોધ અને વિવાદોની વચ્ચે આ ટ્વીટથી ફરીથી રાજકારણ ગરમાયું છે. ટ્વીટમાં રાજકોટનો મક્કમ નિર્ધાર, ફરી એકવાર મોદી સરકાર, લખવામાં આવ્યુ છે.

## વડોદરા-ગેરાતપુર સેક્શનમાં કણજરી બોરીયાવી-ઉત્તરસંડા સ્ટેશનો વચ્ચે સ્ટીલ ટ્રસ બ્રિજના નિર્માણ કાર્યને કારણે કેટલીક ટ્રેનોને અસર થશે

। અમદાવાદ, તા.૮ ।

પશ્ચિમ રેલવે વડોદરા ડિવિઝનના વડોદરા-ગેરતપુર સેક્શનના કણજરી બોરિયાવી અને ઉત્તરસંડા સ્ટેશન વચ્ચે ડબલ લાઈન હાઈસ્પીડ રેલવેના કિમી ૪૪૩/૫-૬ પર સ્ટીલ ટ્રસ બ્રિજ (1X100M) ના નિર્માણ કાર્ય માટે બ્લોકને કારણે, અમદાવાદ ડિવિઝનથી ઉપડતી પસાર થતી કેટલીક ટ્રેનોને અસર થશે જેની વિગતો નીચે મુજબ છે.

**૧૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ રદ કરાયેલી ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૦૯૪૯૫ વડોદરા-અમદાવાદ પેસેન્જર સ્પેશિયલ.
૨. ટ્રેન નંબર ૦૯૪૯૬ અમદાવાદ-વડોદરા પેસેન્જર સ્પેશિયલ.
૩. ટ્રેન નંબર ૦૯૨૭૩ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ.
૪. ટ્રેન નંબર ૦૯૩૧૨ અમદાવાદ-વડોદરા મેમુ સ્પેશિયલ.
૫. ટ્રેન નંબર ૧૯૦૩૬ અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ.
૬. ટ્રેન નંબર ૧૯૦૩૫ વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ.

**૧૧ એપ્રિલ ૨૦૨૪ના રોજ રદ કરાયેલી ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૦૯૨૭૩ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ.
૨. ટ્રેન નંબર ૦૯૩૧૨ અમદાવાદ-વડોદરા મેમુ સ્પેશિયલ.
૩. ટ્રેન નંબર ૧૯૦૩૬ અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ.
૪. ટ્રેન નંબર ૧૯૦૩૫ વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ.

**૧૦ અને ૧૧ એપ્રિલ ૨૦૨૪ના રોજ આંશિક રીતે રદ થનાર ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૨૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ એક્સપ્રેસ વડોદરા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન વડોદરા અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
૨. ટ્રેન નંબર ૧૯૦૩૪ અમદાવાદ-વલસાડ ગુજરાત ક્વીન એક્સપ્રેસ વડોદરા સ્ટેશનથી શોર્ટ ઓરિજીનેટ (પ્રારંભ) થશે અને આ ટ્રેન અમદાવાદ અને વડોદરા વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.
૩. ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન અમદાવાદ-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
૪. ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ વડોદરાને બદલે અમદાવાદથી શોર્ટ ટર્મિનેટ (પ્રારંભ) થશે અને આ ટ્રેન વડોદરા-અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.

**રેગ્યુલેટ (મોડી) થનારી ટ્રેનો**

૧. ૦૮ એપ્રિલ ૨૦૨૪ ના રોજ ગુવાહાટીથી ઉપડતી ટ્રેન નંબર ૧૫૬૩૬ ગુવાહાટી-ઓખા એક્સપ્રેસ ૦૩ કલાક ૫૦ મિનિટ રેગ્યુલેટ થશે.
૨. ૦૯ એપ્રિલ ૨૦૨૪ના રોજ સિકંદરાબાદથી ચાલતી ટ્રેન નંબર ૨૨૭૧૮ સિકંદરાબાદ-રાજકોટ એક્સપ્રેસ ૦૩ કલાક ૫૦ મિનિટ રેગ્યુલેટ થશે.
૩. ૧૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ અમદાવાદથી ઉપડતી ટ્રેન નંબર ૧૨૦૧૦ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી સુપરફાસ્ટ એક્સપ્રેસ ૧૦ મિનિટ રેગ્યુલેટ થશે.
૪. ૧૦મી એપ્રિલ ૨૦૨૪ના રોજ જોધપુરથી ઉપડતી ટ્રેન નંબર ૧૬૫૩૩ જોધપુર-બેંગલુરુ એક્સપ્રેસ ૫૦ મિનિટ રેગ્યુલેટ થશે.
૫. ૧૦મી એપ્રિલ ૨૦૨૪ના રોજ જામનગરથી ઉપડતીટ્રેન નંબર ૧૨૪૭૭ જામનગર-શ્રી વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ ૩૦ મિનિટ રેગ્યુલેટ થશે.
૬. ૧૦મી એપ્રિલ ૨૦૨૪ના રોજ સિકંદરાબાદથી ઉપડતી ટ્રેન નંબર ૨૦૯૬૭ સિકંદરાબાદ-પોરબંદર એક્સપ્રેસ ૦૩ કલાક ૪૫ મિનિટ રેગ્યુલેટ થશે.
૭. ૧૦મી એપ્રિલ ૨૦૨૪ના રોજ વારાણસીથી ઉપડતી ટ્રેન નંબર ૨૨૪૬૭ વારાણસી-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ૦૩ કલાક રેગ્યુલેટ થશે.
૮. ૧૧ એપ્રિલ ૨૦૨૪ના રોજ ગાંધીનગરથી ઉપડતી ટ્રેન નંબર ૨૦૯૦૨ ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ ૩૦ મિનિટ માટે રેગ્યુલેટ થશે.
૯. ૧૧ એપ્રિલ ૨૦૨૪ના રોજ અમદાવાદથી ઉપડતી ટ્રેન નંબર ૧૨૦૧૦ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસ ૧૫ મિનિટ રેગ્યુલેટ થશે.
૧૦. ૧૧ એપ્રિલ ૨૦૨૪ ના રોજ જોધપુરથી ઉપડતી ટ્રેન નંબર ૧૬૫૦૭ જોધપુર-બેંગલુરુ એક્સપ્રેસ ૦૧ કલાક ૦૫ મિનિટ રેગ્યુલેટ થશે.
૧૧. ૧૧ એપ્રિલ ૨૦૨૪ના રોજ અમદાવાદથી ઉપડતી ટ્રેન નંબર ૦૪૧૬૬ અમદાવાદ-આગ્રા કેન્ટ સ્પેશિયલ ૦૧ કલાક ૨૫ મિનિટ રેગ્યુલેટ થશે.
૧૨. ૦૯ અને ૧૨ એપ્રિલ ૨૦૨૪ ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ઉપડતી ટ્રેન નંબર ૨૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત એક્સપ્રેસ ૦૧ કલાક ૩૦ મિનિટ રેગ્યુલેટ થશે.

ટ્રેનોના સ્ટોપેજના સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે, યાત્રીઓને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા વિનંતી.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨